Motilal Lalbhai

મહુમદની વારતા.

LIFE OF MOHAMMAD.

BOMBAY TRACT AND BOOK SOCIETY.
1,200 Copies. A. D. 1853.

મુંબઈમધે અમેરીકન મીશન છાપખાનામાં છપાઈ.
ઈ૦ શ૦ ૧૮૫૩.

અધ્યાયે ૧.

અરબસ્થાન તથા અરબ લોકોનું વર્ણન.

એશીઆ ખંડની દક્ષણ બાજુ ઉપર હીંદુ માહાશાગરમાં ત્રણ
ાહાદ્વીપો છે. તેમાંનો વચલો હીંદુસ્થાન, પુરવ તરફનો બ્રહ-
ા, અને પસ્ચીમ તરફનો અરબસ્થાન, હેવાં નામ તેઓનાં છે.
માંના પેહેલા બે એટલે હીંદુસ્થાન તથા બ્રહમા, એઓની
ોડાઈ ઉતર તરફ ઘણી છે, અને જેમ જેમ દક્ષણ તરફ જાએછે
મ તેમ તેઓની પોહોલાઈ ઓછી થતી જાએછે. અરબસ્થાન-
ું એમ નથી; તેની ઘણામો ઘણી પોહોલાઈ દક્ષણ બાજુ પરથી-
; તેની પુરવ તથા પસ્ચીમ તરફની હદ ઉતર તરફ જતાં એટલી
ો પાશે પાશે આવેછે કે તે દેશનો આકાર ઘણું કરીને ત્રીક્રોણના
રખો થાએછે. તે દેશની મોટાઈ હીંદુસ્થાન કરતાં ભાએગેજ
ોછીછે. તેનું ક્ષત્ર ફલ દશ લાખ ચોરશ મૈલ કરતાં વધારે
ાણાએછે. અરબી (અથવા હીંદુ) માહાશાગર આગલની તેની
ક્ષણ તરફની હદ ૧૩૦૦ મૈલની છે. ઉતરથી તે દક્ષણ શુધી
ની ઘણામો ઘણી લંબાઇ, એટલે પાલમાઈરા શેહેરથી તે એ-
ન શેહેર શુધીની લંબાઈ ૧૫૦૦ મૈલ કરતાં વધારેછે. તેમાં
ીંદુસ્થાનના જેવી મોટી નદીઓ એટલે વાંહાંણ ચાલવા જેવી
દીઓ નથી, પણ તેની પુરવ તરફની હદપર ઈરાંનનો અખાત
થા ઉફ્રાટ નદી, એ બે છે; ને પસ્ચીમ તરફ રાતો શમુદ્રછે.

એ દેશના જે ભાગો દરીઆની પાશેછે, એટલે જે ભાગો રાતા શમુદ્ર તથા અરબી શમુદ્રની પાશે છે, તેઓ ઘણા ફલદરૂપ છે, પણ બાકીના ભાગો રેતીના જંગલોમાં આવેલાછે. અરબસ્થાન રેતીનું એક મોટું મેદાંનછે એમ કહીએ તો ચાલે; તેમાં ખેડવાની જમીનના પ્રાંતો થોડાછે. બીજા દેશોમાં લોકો નહીં ખેડાએ એવી તથા રેતીવાલી જગાઓ મુકીને, ખેડાએ એવી જગામા જઈને રેહેછે, પણ અરબસ્થાનમાં લોકો મેદાંનમાં રેહેછે. તે દેશમાં શેહેરો થોડાંછે, અને તેઓની વશતી પણ થોડીછે. એ દેશમાં જે છ મોટાં મોટાં શેહેરોછે, તેઓની વશતી શઘલું મલીને ૧૫૦૦૦૦ માણશની પણ થતી નથી. અરબસ્થાનની શઘલી વસ્તી આશરે એક કરોડનીછે, એટલે હીંદુસ્થનાની વસ્તીનો ફકત પંદરમો હીશોછે.

હીંદુ માહાશાગરની તરફના પાહાડી ભાગોમાં જે લોકો રેહેછે તે લોકોને ઉનાલાના દાહાડામાંવરશાદ થાએછે, બીજી જગાના લોકોને વરશાદ થતો નથી. પણ તેને બદલે રાત્રે ઘણો ઓશ. પડેછે. મેદાંનમાં પાંણીના જરાઓ વેહેછે તે ફરનારા મુશાફરને માલમ છે; અને પાંણીના મોટા હોજ તથા હવાડાઓ કરેલા છે તેથી શેહેરોમાં પાંણી પુરૂં પડેછે. મકા તથા બગદાદ એ શેહેરોની વચેના મેદાંનમાં મુશાફરને દુખ ઘણું પડેછે, તેમાં ગરમ પવનના શપાટાથી તે ગુંગલાઈ જાએછે. બીજા દેશના લોકોને જેવાં શુખો છે, તેવાં એ દેશના લોકોને નથી. તેણે કરીને જે થોડાં શુખો છે તે મોટાં કરીને મનાએછે. રેતીના દરીઆરૂપી મેદાંનમાં અહીંઆં તહીંઆં લીલાણના નાંહાનાં નાંહાનાં ટાંપુઓછે, તેઓને ઓએશીશ કરીને કેહેછે, તેમાં છાયા, પાંણી, લીલાણ, તથા મેવાઓ છે. તેથી ભટકતા અરબ લોકો તાંહાં જઈને રેહેછે;

મેદાંનનાં શુકા તથા ઉજાડ મેદાંનોમાં પણ ઉંટોને ખાવા જેવા છો-ડવાઓ થાએછે. પાહાડોપર તથા પાહાડની ગલીઓમાં તરેહ તરે-હની વનસ્પતી થાયછે, જેવી કે શુનામકીનાં ઝાડ, આંમલી, ચુ-નના છોડવા, બાબલ જેહેમાંથી ગુંદર નીકલેછે, તાડ, ખજુર, નાલીએર, અંજીર, લીંબુ, નારંગી, ખરબુચા, કાકડી, બદાંમ, જ-મરૂખ, એ વગરે બીજા મેવા તથા ઝાડો પાકેછે. અરબ લોકોને જે રોજ ખાવાની વસ્તુ તે ઢોરા નામનું જાડું અનાજછે. પાલેશટાઈ-ન તથા મીશર એ દેશો તરફ અરબીઆ પીતરીઆ નામનો જે દેશ છે તેના પાહાડોપર બકરા, તરશો, ચીનાવાઘ, શશલાં, વરૂ, રીચ, તથા વાંદરાઓ વશેછે. શાંબર, તથા હરણ, જંગલમાં રેહેછે. અને ગેટાંઓને તથા બલદીઆઓને તથા ગાએઓને તેઓના માંશને વાશતે અરબ લોકો ઉછારેછે.

અરબસ્થાનના ઘોડા શઘલે ઠેકાણે વખણાંએલા છે. એક જાતના ઘોડા ભાર ભરવાના કાંમમાં લાવેછે, ને બીજા ઉંચી-જાતના ઘોડા ઘણા જલદ તથા મજબુત હોએછે તે શવારીના કાંમમાં આવેછે. શવાર તથા ઘોડો એકજ તંબુમા રેહેછે, ને શ-વાર પોતાના ઘોડાને છોકરાંની પઠે ગણેછે. ઘોડાઓની વંશા-વલી ઘણીજ ખબરદારીથી રાખેછે, ને એમ કેહેછે કે કે-ટલાએક ઘોડાઓની વંશાવલી બે હજાર વરશ શુધીની માલુમ પડેછે. મેદાંનમાં ફરનારો અરબ પોતાનું શુખ ઘોડાઓમાં ગ-ણેછે, અને તે તેઓની શાથે હેવાતો હલી ગએલા છે કે તેઓ-નો ધણી તેઓને ચાકર પરમાંણે ગણતો નથી, પણ મીતરો પ-રમાંણે ગણેછે. એવી વાત જાંણામાં આવેલી છે કે જે વેલાએ અરબ પોતાના વાહાલા ઘોડાથી વીજોગ પડેછે તે વેલાએ તેનું એકનું એક છોકરૂં મરી ગઉં હોએ તેવો તે દલગીર થાએછે.

અરબસ્થાનના મુશાફરને ઉંટ પણ ઘણું કામનુ છે. તેના પગની ખરી તથા તેનું મોહો મેદાંનમાં ફરવાને વાશતે જેવી તરેહના બનાવાં જોઇએ તેહેવીજ તરેહનાં બનાવેલાં છે. તેને અરબ લોકોએ મેદાંનનું વાંહાંણ એવું નાંમ આપેલુંછે. ઘણાએક દાહાડાશુધી ખાધા પીધા વીના તે ચાલી શકેછે, અને જંગલમાં થઇને કંઈ લઈજવું હોએ તો ઘણું કરીને તે ઉપર લઈ જાએછે. શાંધણી ઘણું જલદી ચાલવા શારૂ વખણાએછે. અરબસ્થાનમાં ગધેડાં ખુબશુરતીમાં તથા મજબુતીમાં ઘોડાની બરાબર છે, અને વધારે કઠણ તથા શેહેલથી ખવાડાએ એટલા શારૂ જાતરાઉ લોક તથા શીપાઈ લોક ઘોડા કરતાં ગધેડાંને પશંદ કરેછે.

અરબસ્થાન દેશ જેવો અજાએબ શરખો છે તેવાજ તેમા વશનારા અરબ લોકો પણ અજાએબ શરખા છે. હીંદુ લોકોની ચાલ તથા ધારા પ્રાચીન કાલથી તેવાના તેવાજ છે, બદલાઆ નથી, તેમજ અરબ લોકોમાં પણ છે. આશરે ૪૦૦૦ વરશ થઆં તે લોકો શુંનત કરવાની ક્રીઆ કરતા આએવા છે. બીજા દેશના લોકોની અશારથી મોટા ફેરફાર થઈ જાએછે (જેવાકે હીંદુસ્થાનમાં બ્રાહમણ મુશલમાંન ફીરંગી તથા અંગરેજ લોકોના આવ્યાથી થએલા છે) પણ અરબસ્થાનમાં કંઈ થઆ નથી. અરબસ્થાન દેશ ભુમધીઅ શમુદ્રને કોઈ ઠેકાંણે મલતો નથી. મીશર દેશ તથા પાલેશટાઈન દેશ અરબસ્થાનના વાએવ કોણ તરફના ભુમધીઅ શમુદ્રના કીનારા પર છે, તેથી અરબસ્થાન તે શમુદ્રથી દુર પડેછે, તે ઉપરથીજ ઘણું કરીને ભુમધીઅ શમુદ્રના કીનારા ઉપરના દેશોમાં જે મોટા મોટા રાજ શંબંધી ફેરફારો થઈ ગઆછે તે અરબસ્થાનમાં થઆ નહીં એવું હશે. દેશ જીતનારા લોકોના રશતાથી એ દેશ આડો પડે, અને કેટલાએક રાજવાલા-

ઓએ અરબસ્થાન લેવાની મેહેનત કીધી તોપણ તેઓનું અંતે ચાલું નથી. આશીરીઅંન અથવા મીદીઅંનના રાજાનું અરબ લોકોની શાથે કદી ચાલું નહીં. ઈરાંનના પાદશાઓ અરબ લોકોના મીતર હતા, અને અરબ લોકો તેઓને એટલેશુધી તો માંન આપતા કે હર વરશ તેઓને લોબાંનનું નજરાનું મોકલતા, તોપણ તે પાદશાઓથી અરબ લોકોને ખંણી આપનારા કરી શકાઆ નહીં. અને અરબ લોકો તે પાદશાઓને પોતાના ધણી કદી ગણતા નોહતા. એવું માલુમ પડેછે કે જારે કમબાઈશીશ પાદશાએ મીશર દેશ ઉપર ચહડાઈ કરી તારે તેને અરબ લોકોના મુલકમાંથી જવાને તે લોકોની રજા લેવી પડી; અને જારે શીંકદર પાદશાએ ઈરાનનું મોટું રાજ્ય જેર કરી લીધું તારે અરબ લોકો તેનાથી એટલા તો થોડા બીહીધા કે તેઓએ તેની દરબારમાં એલચીઓ મોકલા નહીં. આગશાતશ શીજર પાદશાના વખતમાં ઈલીઅશ ગાલશ અરબસ્થાનમાં જેટલેસુધી ગઓ તેટલેશુધી બીજા કોઈ રૂમી લોક ગઆ નહીં હતા, તોપણ તેનાથી અરબસ્થાન જીંતાઉં નહીં એટલુંજ નહીં, પણ જલદીથી પોતાની બાકી રેહેલી ફોજ લઈને તેને પાછું ફરવું પડું. પોતાની એકાંત જગાનો ફાએદો લઈને અરબ લોકોએ પોતાની જાતની ચોખાઈ રાખીછે.

અરબ લોકોને એક જાતના લોક કેહેવા જોઈએ. હીંદુસ્થાનના લોકો જુદા જુદા છે, તેઓની ઘણી જાતો છે, અને શઘલી જાતોમાં જુદા જુદા ભેદ છે, જુદા જુદા પ્રાંતોમાં ઓછામા ઓછી વીશ ભાષા બોલ્યામા આવેછે, અને ભાષા શીવાએ બીજા પણ તફાવતો તેઓમાં નજર આવેછે, પણ અરબ લોકો શા-

ઘલી રીતે એકજ જાતના લોકો છે, અને ભાષા પણ એકજ બો-લેછે, તે ભાષા અરબી છે.

અરબ લોકોની એક મોટી ખાશીએત એછે કે તેઓ સ્વતંત્રપ-ણાને ઘણું ચાહેછે. અરબસ્થાનમાં અશલથીજ નાંહાનાં નાં-હાનાં ઘણા એક રાજાઓ છે, તેઓ એક બીજાથી સ્વતંત્ર છે, અને પોતાના રાજ્યમાં સ્વતંત્રપણાથી મોટો અમલ ચલાવેછે. જેમ કોઈ કુટુંબમાં બાપ અમલ કરેછે, તેપરમાંણે અરબસ્થાનમાં રાજાઓ લોકોપર અમલ કરેછે. એક એકનો ફીરકો કુટું-બ પરમાંણે છે, તેમાંનો ઉપરી બીજા શઘલા ઉપર મા બાપની પ-ઠે અમલ ચલાવેછે. તેના પછી કેટલાએક ફાંટા પડેલા છે, તો-પણ તે ફાંટા મલીને એક જાત થાએછે, તેમાંનો એક એક ફાંટો બીજા શઘલા ફાંટાઓથી સ્વતંત્ર છે, તેઓની પેહેડી ઘણી ખ-બરદારીથી ગણી રાખવામો આવેછે, અને પાશેની પેહેડીવાલા માણશોને દુરની પેહેડીના માણશ કરતાં હમેશ વધારે માંન અ-પાએછે. અરબસ્થાનમાં લોકોનું રાજ્ય નથી, પણ કેટ-લેએક ઠેકાંણે બધા એકઠા થઈને એક મોટા શેખને પશંદ ક-રેછે. તે શેખ અમલ ચલાવેછે, એ અખતીઆર એક મુ-કરર કરેલા કુટુંબને છે, તે કુટુંબના નાંહાનાં શેખો મલીને એક જણને પશંદ કરીને તેને મોટો શેખ કરેછે. તોપણ બીજા શે-ખોને પોતાના ગુલાંમની પઠે બોલાવાનો તેને અખતીઆર નથી. હર એક શેખ પોતાના પાહાડના કીલામાં રેહેછે, અથવા પો-તાના ઉંટોને તથા ગેટાંઓને લઈને જંગલના મેદાંનમો ભટકેછે, અને બીજા શઘલા માણશોથી પોતાને સ્વતંત્ર ગણેછે. એ જાતી-ઓમાં જે તકરાર પડેછે તે તકરારનો ચુકાદો કોઈ શારકારને અરજી કરીને થતો નથી, પણ તલવારથી થાએછે. આખા અરબસ્થાનનો

કદી કોઈ રાજા થઓ નથી. એ વાત ખરી છે કે શાના તથા મશકત જેવાં વશેલા પ્રાંતોમાં એક માણશનો અધીકાર કેટલીએક વાર થઓછે; પણ ઘણું કરીને અરબ લોકો હમેશાં આપઅખતીઆરી હાલતમાં રેહેલા છે. અને એ બાબત બઈબલ નામના ધરમ-પુસ્તકની પેહેલી પોથીમાં એક ભવીસ્ય વાંણી છે તે વાંચવા લાએક છે. તેમાં એવું લખેલું છે કે, પરમેશ્વરે ઈબરાહીમને ૩૮૦૦ વર્ષ ઉપર આપરમાંણે કહું હતું કે, "ઈશમાઈલની બાબત, મેં તારી વાત શાંભલી છે; જો મેં તેને આશરવાદ દીધો છે, અને હું તેને ફલવાંન કરીશ, અને તેનો વંશ ઘણો વધારીશ; તેને પેટે બાર શાહાજાદાઓ જનમ પાંમશે, અને હું તેને એક મોટી પ્રજા કરીશ. અને તે જંગલી માણશ થશે, તેનો હાથ શઘલા માણશોની ઉપર, તથા શઘલા માણશોના હાથ તેની ઉપર થશે, અને તે પોતાના શરવે ભાઈઓની રૂબરૂ રેહેશે." હાલના અરબ લોકો ઈશમાઈલના વંશના છે.

અરબ લોકોનું બીજું એક લખ્ખશણ એ છે કે તેઓને લડાઈ કરવાનો ઘણો શોક છે. કુટુંબોમાં અથવા જાતોમાં જુજવી વાતો ઉપરથી ઘણીએકવાર મોટા આંટાઓ પડેછે; અને એકવાર શલગા પછી તેઓની લડાઈ હોલવાતી નથી. અરબ લોકો લડાઈની શાથે લુટવાનું પણ ઘણું ચાહેછે, અને ફતેમંદ લડવાઈઆના ઝુંડાની આશાપાશ ઘણાએક લોકો શીપાઈ થઈ કાંમ કરવાને એકઠા થાએછે, તેથી રશતે જનારા લોકોને લુટી લેવાને જોઈએ તો હજારો લુટારા એકઠા કરતાં કંઈ વાર લાગતી નથી. મીશર દેશથી પાલેશટાઈન દેશ જવાના રશતા ઉપર તથા શીરીઆ પ્રાંતના કીનારા ઉપર તથા ઉફ્રાટ નદીના કાંઠા ઉપર તેઓ

ઘણાં રેહેછે, ને રશતે આવતા જતા કાફલાઓ તથા મુશાફરોની રાહા જુએછે, અને લુટવાના વખતની તદબીર રાખેછે.

જંગલી લોકોમાં હેવો ધારો હોએછે કે જે માણશ આપણું માઠું કરે તેનું વેર લેવું; એ વેર લેવાની ચાલ અરબ લોકોમાં ઘણી છે, તેથી માલુમ પડેછે કે તેઓ જંગલી લોકો છે. તેઓ એવા અભીમાંની છે કે કોઈ માણશે તેઓને કંઈ નુકશાંન નહીં કીધું હોએ તોપણ ખોટા વીચારથી તેઓ એમ માંની લેછે કે એણે હમને નુકશાંન કીધું, અને તે ખોટા નુકશાંનના બદલામાં તેઓ ખુન કીધા શીવાએ બીજા કશાથી રાજી થઈ શમાધાંન પાંમતા નથી.

પરોણાઓની ચાકરી કરવી તથા શખાવત દેખાડવી એ ગુણો આપણામાં છે એવું અરબ લોક બોલેછે, તથા તે ગુણોના ઘણાં વખાંણ કરેછે; પણ તેઓમાં લુટવાની હોંશ છે, તથા પારકા માણશને તેઓ જલદીથી દુશમન ગણેછે, તેથી ઉપલા ગુણો તેઓમાં મજબુત રીતે રહેલા છે એવું આપણેથી કેહેવાએ નહીં. તેઓ એમ કેહેછે કે જો હમે લુટીએ નહીં તો હમે શખાવત કાંહાંથી કરીએ, પણ શાચી વાત એ હશે કે જે શેહેલથી મેલવાએછે તે શેહેલથી અપાએછે. જે મેલવવામાં ઘણી વાર તથા મેહેનત લાગેછે, તે ખરચવામાં ઘણું કરીને કશર કરાએછે. જે માણશ પાશે લુટાવાની કાંઈ જીનશ નથી તે માણશ અરબસ્થાનમાં મુશાફરી કરે તો તેને કાંઈ ધાશતી નથી, અને અરબ લોકો ઘણી મમતાથી તેની ચાકરી કરશે. જે માણશે અરબને તાંહાંની રોટલી તથા મીઠું ખાધુ છે તે માણશને અરબ કદી છેતરશે નહીં, અથવા કંઈ પઈશા લઇને દુશમનના હાથમાં આપશે નહીં.

ભાશણ કરવાનો ઈલમ અરબ લોકોમાં ઘણો વખણાએછે. નજમ તથા નશાર, એટલે કવીતા તથા શાદી ઈબારત લખવાના ઈલમો પણ શારી રીતે વખણાએછે. તેઓની ઈનશામાં નશીહેતો ઘણી છે. આગલના વખતમાં મોટાં મોટાં ઘરોમાં કવીતાના કાએદા શીખવા એ મોટી કાબીલીઅત શમજતા, અને કવીતા કરનારને ઘણું માંન આપતા, તથા મોટો તવારીખનો લખનાર, ભાશાનો શુધારનાર, નીતીનો શમજાવનાર, તથા પોતાની જાતને બચાવનાર, તથા શોભા પમાનાર, એવો તેને ગણતા.

વર્ષમાં એક વખતે એક મહીનાશુધી શઘલા કવી લોકો એકઠા થતા, અને પોતાનો વખત બેતબાજીમાં ગુજારતા, અને ઉંમદામા ઉંમદા બેતો જે થઆ હોએ તેને એક મોટી જગામાં શંચકી રાખતા, શુનેરી કવીતા હેવા નામની શાત નામીચી અરબી ભાશાની કવીતાઓને મીશર દેશથી લાવેલા રેશમી કાગલ ઉપર શુનેરી હરફોમાં લખી હતી, અને તેને મકા શેહેરની મશજીદમાં શરકારી હુકમથી તાંગી હતી. અરબ લોકોમાં એવી કેહેવત હતી કે ઈશવરે હમારા લોકોને ચાર ખાશ ચીજો બખશી છેઃ "તાજની જગો ઉપર પાઘડી, ઘરની જગોપર તંબુ, હથીઆરોની જગોપર તલવાર, તથા લખેલા કાએદાઓની જગાપર કવીતા."

એશીઆખંડના ઘણાએક લોકો જેમ જડ બુધીના છે તેમ અરબ લોકો નથી, તેઓની જમીનમાં ઘણું પીકતુ નથી તેથી, તથા ખાવાનું મેલવવાશારૂ તેઓને મુશકેલી ખમવી પડે તેથી, તથા તેઓને મેદાંનમાં રેહેવું પડેછે તેથી, તેઓ હીમતવાલા ને મજબુત છે, તેઓ મોટાં કાંમ કરવાને ઘણા ખુશી છે. તેઓની બુધી પણ શારી છે, પણ બરાબર રીતે કંઈ ઘણી કેલવાએલી નથી.

અરબી ભાશા બે-શક દુનીઆમાં ઘણી જુની છે. કેટલી-

એક બાબતોમાં બીજી ભાશાએ કરતાં એ ભાશા શારી છે. એ ભાશા ગાયણ શરખી છે, અને એમાં શઘલી જાતના વીચાર શમજાવાએછે, અને એમાં એટલા તો શબદો છે કે કોઈ માણશથી તે પકી શીખી શકાએ નહીં. એવું કેહેછે કે એમાં મધને વાસ્તે ૮૦ નામ છે; શાપના ૨૦૦ નામ છે, શહોંના ૫૦૦ નામ છે, અને તલવારના ૧૦૦૦ નામ છે; તોપણ લખવાની કલા હમણા થોડી મુદતપરજ તે લોકોમાં નીકલેલી છે. ઈશુ ખ્રિસ્તના શનના છઠા શઈકામાં ઈરાકના એક રેહેવાશીએ અરબી અખશરો બનાએવા, અને પછી મકા શેહેરમાં મહમદના જનમા પછી શીખવામાં આવા.

મહમદના જનમા પેહેલાં અરબ લોકોનો મુરતી-પુજક ધરમ હતો. તે લોકો તારાની તથા ધરેઓની તથા ફીરસ્તાઓની તથા ફીરસ્તાની પુતલીઓની પુજા કરતા હતા. તે લોકો એમ માંનતા હતા કે એઓની પુજા કરાથી એઓ મોટા ઈશ્વરની ભેટ કરાવી આપશે. જગતનો પેદા કરનાર તથા પાલનર એવો મોટો એક દેવ છે, એવું તેઓ માંનતા, અને તેને બલીદાનો પણ આપતા, પણ તેઓને મહમદે એમ કરવાને મને કીધા પછી તે લોકો મુર્તિઓને ઈશ્વરના કરતાં વધારે બલીદાન આપતા. જારે તેઓ મેવાનાં ઝાડો રોપતા અથવા ખેતરમા રોપણી કરતા તારે એક લીટી ખેંચીને તેના બે ભાગ પાડતા. તેમાં એક ભાગ મુરતીઓનો, તથા એક ભાગ ઈશ્વરનો; જો મુર્તિના ભાગનું કંઈ ફલ ઈશ્વરના ભાગમાં જાતું તો તેઓ તે લઈને પાછું મુરતીના ભાગમાં મેલતા, પણ જારે ઈશ્વરના ભાગમાનું મુર્તિના ભાગમાં જાતું, તારે તે લોકો કંઈ એમ કરતા નહીં. વલી એવું બને કે ઈશ્વરને જે અરપણ કરવાનું હોએ તે મુર્તિના કરતાં શારૂં નીકલે, તો તે લોકો તેને

અદલાબદલી કરતા, પણ જારે સુરતીને અરપણ કરવાનું ઇશ્વરના કરતાં શારૂં નીકલે તારે કંઈ અદલાબદલી કરતા નહીં.

બધા આરબ લોક ઘણું કરીને આકાશમાંના શરવે પદારથોને માંનતા ખરા, પણ એવું જણાએછે કે એક એક જાતમાં એક એક જુદા જુદા પદારથને મોટા દેવ ગણીને તેની પુજા કરતા, જેમકે એક જાતના લોક ઘણું કરીને શુરજને માંનતા, બીજી જાતના લોક બ્રહસ્પતીને, બીજા લોક શીરીઅશ નામના એક ચલકતા તારાને, અને બીજા કેટલાએક લોકો બુધના તારાને માંનતા. ફીરશતાઓને તે લોકો માંનતા તેમાના ત્રણ ફીરસ્તાઓની જીકર કુરાંનમાં કીધેલી છે. એકનું નામ અલત, બીજાનું નામ અલ-ઉજા, ત્રીજાનું નામ માના. ત્રણને તેઓ દેવી ગણતા, અને ઇશિવરની છોકરીઓ કરીને કેહેતા. તેઓએ આ નામ ફીરશતાઓનેજ આપાં હતાં એમ નહીં, પણ તેઓની સુરતીઓને પણ આએપાં હતાં. તેઓ એવું શમજતા હતા કે એ સુરતીઓમાં ફીરશતાઓ આવીને બેશેછે; એવું શમજીને તે લોકો તેની પુજા કરતા હતા.

અલતની એક સુરતી તાએફ શેહેરમાં હતી, અને તે ઠેકાણે તેને શારૂ એક મંદીર પણ બંધાવેલું હતું. હીજરી શનના નવમાં વર્ષમાં તે શેહેર ઉપર મહમદે એક ફોજ મોકલી, અને એવો હુકમ કીધો કે એ મંદીરને તોડી પાડે. એ હુકમ ઉપરથી તાએફ શેહેરના રેહેવાશીઓમાં ઘણી ઉદાશી પેદા થઈ, અને તે લોકોએ અરજ કરીને એવું માગું કે ત્રણ વરશશુધી એ મંદીરને નહીં તોડી પાડો તો આપણે શલાહ રાખવી. એ અરજી મહમદે કબુલ કીધી નહીં, તારે તેઓએ એવું માએગું કે એ મંદીરને એક મહીનાશુધી રેહેવા દો, પણ તેઓને એક દાહાડાની પણ છુટ મ-

લી નહીં. અલ-ઉજાને નામે તે લોકો બાવલીઆના એક ઝાડ-ની પુજા કરતા હતા. એનો નાશ કરવાને વાસ્તે ખાલેદ ઇબિન-વાલદ નામના શરદારને મોકલો. તેણે દેવલ તોડી પાડું અને તે ઝાડને કાપી લાખીને તેને બાલી દીધું. તે મંદીરમાંની પુ-જારીણ નીમાલા છુટા વીખરાઈ ગએલા તથા હાથ નમન-તાઈની રીતે માથા ઉપર મુકેલા એવે વેશે માફ માગતી દોડી આવી. તેને પણ તે શરદારે મારી લાખી. માનાને નામે એક મોટા પથરની પુજા થતી, તે પથર પણ તેમજ મહમદના એક શ-રદારે ભાગી લાએખો. એ શીવાએ બીજી પાંચ મુરતીઓનાં નામ કુરાંનમો લખેલાં છે, વદ, શવા, ઇગ્નિઘુથ, ઇગ્નિાક, તથા નશર, એવી પાંચ છે, તેમાંની પેહેલી મુરતીનું શરૂપ મરદનું હતું, બી-જીનું બઈરીનું હતું, ત્રીજીનું શહીંનું હતું, ચોથીનું ઘોડાનું હતું, અને પાંચમીનું ગરૂડનું હતું. તોપણ મહમદના પેહેલાં અરબ લોકો જે મુરતીઓને પુજતા તેઓની શંખીઆ અગણીત છે. કાબા નામનું મકા શેહેરમાં એક મોટું નામીચું મંદીર છે, તેમાં વર્ષના દાહાડા જેટલી એટલે ૩૬૦ મુરતીઓ હતી; તેમાં કેટલી-એક માણશના જેવી, કેટલી એક ગરૂડના જેવી, કેટલીએક શં-હીંના જેવી, કોઈએક શાંબરના જેવી, તથા બીજા બીજા આકા-શેની હતી. તેમાંની મુખીઅનું નામ હોબાલ હતું, તે એક માં-ણશની મુરતી હતી. તે લાલ પથરની બનેલી હતી, તેનો હાથ શુનાનો હતો, તે હાથમાં શાત તીરો પકડેલા હતા. અશલ તે મુ-રતીને શીરીઆ પ્રાંતમાંથી અમરૂ ઇબિંન લોહઈ એ નામનો શખ્-શ લાએવો હતો, એવું કેહેતો કેહેતો કે એ મુરતી જારે જોઇએ તારે વરશાદને આણેછે. એવું કેહેછે કે શને હીજરીના ૮ મા વર્ષમાં જારે મહમદે મકા શેહેર લીધું તારે કાબાના મંદીરમાં તે-

ણે ઇબિરાહીમની તથા ઇશમાઇલની તથા તેની આશપાશ ઘણા એક ફીરશતાઓની તથા પેગંમબરોની સુરતીઓ દીઠી તે શઘલી સુરતીઓને તેણે ભાગી નાંખી. એ શીવાએ અરબ લોકો પોતાના ઘરમાં સુરતીઓ રાખતા. તે સુરતીઓને જેટલીવાર તેઓ ઘરમાંથી બાહાર જતા તથા પાછા આવતા તેટલીવાર પગે લાગતા.

મકા શેહેરમાં કાબા નામનું એક ઘણું જુનું મંદીરછે તે કેઆરે બંધાઉ હતું તે માલમ પડી શકતું નથી. મહમદના જનમા પેહેલાં શેંકડો વર્ષ ઉપર અરબ લોકો સુરતી પુજક હતા, ને તેઓ એ ઇમારતને ઘણી પવીત્ર ગણુતા હતા, દુરના મુલકો ઉપરથી તાંહાં જાતરા કરવાને જતા હતા, અને જે જાતના લોકોના અખતીઆરમાં તે મંદીર રેહેતું તે લોકો ઘણા મોટા ગણાતા. તે મંદીર ઉંચી અને ભારે બાંધણીનું છે, જુદી જુદી મોટાઇના પથરોનુ બાંધેલુંછે; તેની લંબાઇ આશરે ૨૪ હાથ છે, પોહોલાઇ ૨૩ હાથ છે, અને ઉંચાઇ ૨૭ હાથ છે. તેને ઉતરની બાજુ પર એકજ બારણુંછે, તે શાત ફુટ જમીનથી ઉંચુંછે. અને રૂપેરી તથા શુંનેરી શંનગારોથી શંગારેલુંછે. તે ઇમારતનો દરવાજો એક ખુણામાંછે તેથી એવું માલુમ પડેછે કે અશલ તે મંદીરના કાંમ શારૂ બાંધેલું નથી. પણ તેને કેઆરે અથવા કહા કારણને વાશતે મંદીરના કાંમમાં લીધી એ આપણથી કહી શકાતું નથી. કાબા મંદીરની અગની કોણમાં દરવાજાની પાશે જમીનથી આશરે ૪ ફુટ ઉંચો એક નામીચો કાલો પથર મુકેલોછે. તેને શઘલા જાતરાઉ લોકો ઘણી ભગતીથી ચુંમેછે. તે ઇંડાને આકારેછે; તેનો પરીઘ ૭ ઇંચનો છે, તે નાંહાના નાંહાના આશરે શાત જુદી જુદી મોટાઇના તથા જુદા જુદા

આકારના પથરોનો બનેલોછે, તે શાત પથરો એકઠા જોડાઈ જઈને ઘણા શાફ દેખાએછે, અને જોવા ઉપરથી એવો વીચાર પોંચેછે કે અશલ પથર મોટા આચકાથી ભાંગી ગએો હોએ અને તે કકડા પાછા જોડાઈ ગઓ હોએ એવું દેખાએછે. મુશલમાન લોકોની ખોટી કથાઓમાં એવું બોલેછે કે જગત પેદા થઈ તે વખતે એ કાલા પથરને જબ્રીએલ ફીરશતો આકાશમાંથી નીચે લાએવો હતો, અને તે વેલાએ તેનો રંગ શફેદ હતો, પણ માણશોના પાપને લીધે કાલો થઈ ગએો.

અરબ લોકોમાં અશલથી નઠારામાં નઠારી ચાલ એક એ હતી કે તેઓ માણશોનું બલીદાન આપતા. એક જાતના લોકોમાંથી દેવીઓને શાંત કરવાને હર વર્ષ એક છોકરાનું બલીદાન આપતા. ઘનીએકવાર બાપો એવી બાધા લેતા કે જો હમને આટલા છોકરા થશે તો તેમાંથી એકને બલીદાનમાં કતલ કરીશું. એવું કેહેછે કે મહમદના બાપે કાંઈ દુખથી છુટા થવા શારૂં એવી એક બાધા લીધી હતી, પણ તેને બદલે એકશો ઉંટો બલીદાનમાં આપીને માનતાના બંધનમાંથી છુટો.

જારે મહમદે ઉપદેશ કરવા માંડો તારે અરબ લોકોમાં એક બીજી દુષ્ટ ચાલ એ હતી કે તેઓ પોતાની બાલક છોકરીઓને જીવતીની જીવતી દાહી દેતા હતા. હાલમાં હીંદુસ્થાનમાં રજપુત લોકો તથા બીજા લોકો જે કારણ ઉપરથી એવી નઠારી ચાલ પરમાણે ચાલેછે તેજ કારણ ઉપરથી. અરબ લોકો પણ તેવી ચાલ પરમાણે ચાલતા હતા. તેઓને પાલવાનો ખરચ બચે, તથા શારે ઠેકાંણે તેઓનો વેહેવા કરવાનું ઘણું મુશકેલ તે મુશકેલી ન પડે, વાશતે અરબ લોકો એવું કાંમ કરતા હતા. એ બાલહત્યાની રીત એવી હતી કે જારે કોઈ અરબને પોતાની છોકરીને મારી લા-

ખવાનો વીચાર હોએ તારે તે તેને છ વર્ષ શુધી મોટી થવા દે, પછી તે પોતાની બઈરીને એ પરમાણે કેહે કે, "તે છોકરીને ખુશબોદાર કર, અને શનગાર પેહેરાવ, કે હું તેને તેની માતાઓ પાશે લઈ જાઉં;" એ થઓ પછી એક ખાડો અગાઉથી ખોદી મુકો હોએ તે ખાડા આગલ બાપ દીકરીને લાવે, પછી તેને તે ખાડામાં જોવાનું કેહે, અને તેણે ખાડામાં જોઉં એટલે તેને હડશેલો મારીને અંદર નાંખી દે, પછી તે ખાડાને પુરીને જમીનની બરોબર કરી દે. મકા શેહેરની પાશે એક પાહાડ હતો તેમાં ખોરેશ જાતના લોકો પોતાની છોકરીઓને જીવતીની જીવતી દાટતા હતા.

અરબીઆ પીતરીઆ નાંમનો અરબસ્થાનનો એક ભાગ લાલશમુદ્ર તથા ખારા શમુદ્રની વચે છે તેમાં એક ગલી છે, તે ગલીની બંને બાજુઓ ઉપર મોટા મોટા પથરના પાહાડો છે, તે ઠેકાણે ગ્રીક લોકોની કારીગરીના ખુબશુરત મંદીરો બાંધેલાં છે. તે મંદીરોમાં આગલ ગ્રીશ દેશના જુદા જુદા દેવતાઓ મુકેલા હતા, પણ હમણા તે પડી ગઓં છે. એ ઠેકાણે આગલ એક શેહેર હતું, તે શેહેરનું નાંમ પીતરા એટલે પથરનું શેહેર એવું હતું, તે એટલાં શારૂ કે તે શેહેરમાંની મોટી મોટી ઈમારતો પથરમાં કોતરી કાહાડેલી હતી. એ ઉપરથી એવું મલુમ પડેછે કે અરબ લોકોએ ગ્રીક લોકોના દેવતાઓને પુજવા માંડા હતા, અને ધરમ શંબંધીની તેઓની ચાલ પરમાણે ચાલતા હતા.

ઈશાવી શનની અગાઉ આશરે ૧૫૦૦ વર્ષ ઉપર ઈઓબ નામનો એક અરબ હતો, તેની તવારીખ સત્ય શાશતરની એક પોથીમાં લખેલી છે. તે પોથી ઉપરથી એવું માલુમ પડેછે કે તે વખત પર પણ અરબસ્થાનમાં મુરતી પુજક ધરમ ચાલતો

હતો, તોપણ ઇઓબ પોતે ખરા દેવનો શેવક હતો. તે દાહાડાઓ ઉપર માણશોની હાલત કેહેવી હતી તે જાણવા વાસ્તે એ પોથીના પેહેલા અધ્યામાંથી કેટલીએક વાતો નીચે બતાવી છે.

“અજ નામના દેશમાં એક માંણશ હતો, તેનું નામ ઇઓબ હતું, તે માણશ શંપુરણ તથા શીધો ચાલનારો હતો, તે પરમેશ્વરથી બીહીતો હતો, અને પાપને તજતો હતો. તેને શાત છોકરા તથા ત્રણ છોકરીઓ થઈ. તે શાત હજાર ગેટાંઓનો તથા ત્રણ હજાર ઉંટોનો તથા પાંચશેં જોડી બલદોનો તથા પાંચશેં ગધેડીઓનો ધણી હતો, અને તેના ચાકરો પણ ઘણા હતા; પુરવમાં શઘલાં માણશો કરતાં એ ઘણો મોટો હતો. અને તેના છોકરાઓ પોત પોતાને ઘેર જઇને હર એક વારા ફરતી જમન કરતા, અને પોતાની શાથે ખાવા પીવાને ત્રણે બેહેનોને પણ બોલાવતા. અને એવુંથઉં કે જારે તેઓના જમનના દાહાડા પુરા થઈ રહા તારે ઇઓબે તેઓને મોકલીને શુધ કીધા, અને મલશકામાં વેહેલો ઉઠીને તે છોકરાંઓની શંખીઆ જેટલાં બલીદાનો આપ્યાં; કેમકે ઇઓબે કહું કે મારા છોકરાઓએ પાપ કીધું, અને પોતાના દીલમાં દેવને ધીકાર કીધો, એવું થઉં હશે. એપરમાણે ઇઓબે કરા કીધું.

“અને એક દાહાડે તેના છોકરા તથા છોકરીઓ વડા ભાઈના ઘરમાં ખાતાં તથા દરાખનો રશ પીતાં હતાં. અને ઇઓબની પાશે એક ખબર પોંચાડનારે આવીને કહું કે બલદીઆઓ હોલ ફેરવતા હતા, અને ગધેડીઓ બાજુ પર ચરતી હતી. અને શેબીઅન લોકો એકદંમ આવીને તેઓને લઈ ગઆ; વલી તેઓએ ચાકરોને તલવારથી કાપી નાંખા છે; અને એ ખબર તને કેહેવાને હુંજ ફકત બચેલોછઉં. તે એપરમાણે વાત ક-

રતો હતો એટલામાં બીજાએ આવીને કહું કે દેવની આગ આકાશથી વરશી છે, અને તેથી ગેટાંઓ તથા ચાકરો શહુ બલીને નાશ પાંએમા; અને હુંજ એકલો તને ખબર કેહેવાને બચેલોછઉં. તે એપરમાણે વાત કરતો હતો એટલામાં એક બીજો માણશ પણ આએવો, તેણે કહું કે કાલદીઅંન લોકો ત્રણ ટોલી બંધાઇને ઉંટો ઉપર આવી પડા, અને તેઓને લઈ ગઆ, ને ચાકરોને તલવારથી કાપી નાંખ્યા છે; અને એ ખબર કેહેવાને હુંજ એકલો બચેલોછઉં. તે એપરમાણે વાત કરતો હતો એટલામાં એક બીજા માણશે આવીને કહું કે તારા છોકરા તથા છોકરીઓ વડા ભાઇના ઘરમાં ખાતાં પીતાં હતાં. અને એટલામાં જંગલ તરફથી એક મોટો પવંનનો શપાટો આવીને ઘરના ચાર ખુંણા ઉપર લાએગો, અને તે જુવાંન માંણશોપર પડતાં તેઓ મરી ગઆંછે; અને એ ખબર તને કેહેવાને શારૂ હુંજ એકલો બચેલોછઉં. પછી ઇઓબ ઉઠા, પોતાના કપડાં ફાડી નાંએખાં, માથું બોડીઉ, અને ભોએપર પગે પડીને (ઇશ્વરની) સેવા કીધી. અને એવું કહું કે હું મારી માના પેટમાંથી નાગો બાહાર આવોછઉં, અને નાગો પાછો જઇશ! પ્રભૂએ આએપું હતું તે તેણે પાછું લઈ લીધું છે; પ્રભૂના નામને ધન હોજો. એ શધલામાં ઇઓબે કંઈ પાપ કીધું નહીં, અને ઇશ્વર ઉપર કાંઈ દોશ મુકો નહીં."

ઇબિરાહીમ તથા ઇશમાઇલિનો પણ ઝીકર કરેલો છે. જે લોકો એ બે માણશો વીશેની ખરી વાત જાણવા ચાહાતા હોએ તે લોકોને શારૂ મુશાની પેહેલી પોથી મધેથી સુખ્તેશરમાં બઆંન નીચે કરૂંછે. ઇબિરાહીમ મેશોપોટેમીઆ દેશનો વતની હતો. તેને ઇશ્વરે દરશણ આપું, અને ફરમાએવું કે તું તારા બાપનું

ઘર તથા તારા દેશી લોકો (જેઓ ઘણું કરીને મુરતી પુજકો હતા,) તેઓને છોડીને કનાન દેશમાં જા. તે દેશાનું નામ પછી જુડીઆ પડું. ઇબિરાહીમ તે હુકમ કબુલ કરીને તથા ઇશ્વર પર ભરોશો રાખીને બાહાર નીકલી પડો. ઇશ્વરે તેને ખબર આપી કે તને મોટો વંશ થશે, તેઓ તે દેશાનું રાજ કરશે, પરમેશ્વર તે ઉપર ઘણો રાજી રેહેશે, અને તેઓથી શઘલાં માણશો આખરે આશીરવાદ પાંમેલા થશે. ઇબરાહીમનો પેહેલો છોકરો એક દાશીને પેટે જન્મો, તેનું નાંમ ઇશમાઇલ પાડું, અને તેર વર્ષની ઉમરે તેની શુંનત કીધી. ઇબિરાહીમને પોતાની પરણેલી ઓરત શેરાને પેટે પછી એક બીજો છોકરો થઓ, તેનું નાંમ ઇશાહાક પાડું, અને ઇશ્વરે ઇબરાહીમને જે શુખનું વચન આએપું હતું તે શુખ જુડીઆ દેશમાં રહીને ઈશાહાકના વંશના માણશોએ ભોગવું. ઇશિમાએલને તો તેની મા અરબસ્થાનના જંગલમાં લઈ ગઇ; તાંહાં તે મીશર દેશની એક ઓરતને પરણો, અને તેને પેટે તેને મોટો વંશ થઓ.

તોપણ મહમદ જન્મો તારે અરબસ્થાનમાં શઘલાજ લોકો મુરતી પુજક હતા એમ શમજવું નહીં. ઇ૦ શ૦ ૭૦ ના વર્ષમાં જારે રૂમી લોકોએ યરૂશાલેમ શેહેરનો નાશ કીધો તારે તથા તેપછી જારે તેઓએ જુડીઆના બાકી રહેલા લોકોને દેશ બાહાર કાહાડી મુકા તારે ઇહુદી લોકોના ટોલે ટોલાં અરબસ્થાનમાં જઇ રહાં. એ લોકો મેહેનતું, ચંચલ, અને હોશીલા હતા; તેઓએ પ્રાર્થના કરવાને મલવાના ઘણાએક ઠેકાંણા બાંધાં; મુરતી પુજક અરબ લોકોમાંથી ઘણા લોકોને પોતાના ધરમમાં લીધા; કેટલાએક કશબાઓ તથા કીલાઓ તાબે કરી લીધા; અને કેટલાએક

હોશીલા યહુદી યમનના રાજાઓ પણ થઆ હતા, એવું તવારીખમાં લખેલું છે.

તેમજ મહમદની પેહેલાં અરબ લોકોમાં ખ્રિસ્ટી ધરમનો પણ પ્રવેશ થઓ હતો. ઘણું કરીને ઈશુ ખ્રિસ્ટના પાછા ઉઠા પછી ખ્રિસ્ટી ધરમના ઉપદેશ કરનારાઓ પેહેલ વેહેલા અરબસ્થાનમાં ગઆ હશે. એવું લખેલું છે કે મોકલેલો પાઉલ ખ્રિસ્ટી ધરમમાં આએવા પછી તરતજ અરબસ્થાનમાં ગઓ, અને તાંહાં કેટલાએક વર્ષશુધી રહો. ભુમધીઅ શમુદ્રની આશપાશના દેશોમાં એટલે એશીઆ, આફ્રીકા, તથા યઉરોપના દેશોમાં, અને હીંદુસ્થાન, પરશીઆ, તથા બ્રીટન, એ દેશો જેઓ ભુમધીઅ શમુદ્રથી દુર છે તેમાં પણ ખ્રિસ્ટી ધરમના ફેલાવાની ઘણી વાત તવારીખમાં લખેલી છે, તોપણ અરબસ્થાનમાં તે ધરમ શી તરેહ ચાલો તેની વાત તવારીખ ઉપરથી ઘણી થોડીજ માલુમ પડેછે. ફકત એટલુંજ જાણામાં આવેછે કે રૂમી લોકોના રાજમા ખ્રિસ્ટી લોકોને ઘણું દુઃખ પડવા માડું તેથી અરબસ્થાનમાં નાંહાશી ગઆ હતા. અરબસ્થાનમાં ઉપદેશકોને પણ મોકલા હતા, અને ઈ૰ શ૰ પેહેલા ત્રણ શઈકાઓમાં ઘણીએક વખત તે દેશને ખ્રીસ્ટી કરવાને મેહેનત થઈ હતી. એવું જાણામાં આવેછે કે ઓરીજીન નામનો પુરૂશ અરબસ્થાનમાં ગઓ હતો, અને તાંહાંની ખ્રીસ્ટી મંડલીઓની શાથે તેને કાગલ પત્રનો વેહેવાર થઓ હતો. આઠ જાતીના તથા બે પરગાણાઓના લોકો ખ્રીસ્ટી ધરમમાં આએવા હતા એવું લખેલુંછે, પણ તાંહાં લોક થોડા હતા, તથા તેઓ ભટકીને પોતાનું ગુજરાંન કરતા હતા તેથી ખ્રીસ્ટી ધરમના પથરાવાને તથા ચાલવાને ઘણી અડચણ પડી, અને એવું દેખાએછે કે મીશર, નુમીદીઆ, એશીઆ માઈ-

નર, તથા ઈટાલીઆ, દેશોમાં જેટલો ખ્રીસ્તી ધરમ ફેલાઓ તેટલો અરબસ્થાનમાં ફેલાઓ નોહતો. એવું આ વાત ઉપરથી જણાએછે કે અશલનો મુરતી પુજક ધરમ મહમદના વખત શુધી એટલે ઈ૦ શ૦ ૬૦૦ શુધી ચાલતો હતો. પણ એ વખતે એક વાત આપણે ભુલી જવી નહીં જોઇએ કે ચોથા શાઈકાથી તે છઠા શાઈકા શુધી બીજા ઠેકાણાના ખ્રીસ્ટીઓની પઠે અરબસ્થાનમાં ખ્રીસ્ટી ઉપદેશકોની અશલની હોંશ હટીગઈહતી, અને તેઓની પવીત્રતા તથા ઈમાન જતાં રહાં; તેઓએ પવીત્ર આતમાને નાખુશ કીધો, તેઓની શાંમા શામી ટોલી થઈ ગઈ; અને વેહેમી વીચારો તથા મુરતી પુજકોની ચાલ તેઓમાં પેઠી. તેથી દુનીઆમાં રોશની માફક થવાને બદલે તેઓએ ફકત દુનીઆના અંધારામાં વધારો કીધો. જાંહાંશુધી ઈશવરના હુકમ પરમાણે તેઓ ચાલા તાંહાંશુધી તેઓને કશીવાતથી હરકત થઈ શકી નહીં; અને પરમેશાવરની વાતનો જે ઉપદેશ કરતા હતા તેનું જોર મોટા મોટા પાદશાઓના જોર કરતાં પણ વધારે માલુમ પડશે. પણ જારે તેઓએ ધરમ પુશતકને છોડી દઈને મુરખ તથા અહંકારી માણશોની ખોટી વાતો પરમાણે ચાલવા લાગા તારે પરમેશાવરે તેઓ ઉપરથી પોતાની મેહેરબાંની ઉઠાવી લીધી, અને તેઓને વાંકે રશતે જવાનુ ફલ મલવા દીધું. તે દાહાડાના નઠારા ખ્રીસ્ટીઓ ઉપર પરમેશાવર ઘણો ખુશે હતો તે દેખાડવાશારૂ તથા પરમેશાવરની વાત ભુલી ગઆથી શું નુકશાન થશે, તે તેની તારપછીની ખ્રીસ્ટી મંડલીને ખબર આપવા શારૂ ઈશવરે મહમદને તથા તેની પછીના ખલીફોને હાથે મોટી ફતેહના કાંમો થવા દીધાં.

અધ્યા ૨.

મહમદની વારતા.

કોરેશ નામની અરબ લોકોમાં એક ઉંચી જાત છે, તેના સ્થાપનારાના વંશમાં મહમદ જન્મ્યો હતો. તે હાશિમના કુલનો હતો, અને તેના વંશોનાં નામ અરબી વંશાવલીઓમાં ચોકશાઈથી રાખેલાં છે. હાશેમનો છોકરો અબ્દુલ્ મોતાલેબ્ એકસોને દશ વર્ષની ઉમર શુધી જીવ્યો. અબ્દુલા નામનો તેનો એક નાહાનો છોકરો વાહેબની ખુબ શુરત છોકરી અમીના શાથે પરણ્યો. આ બે જણને પેટે મહમદ ઈશવી સન ૫૭૦ ના વર્ષમાં મકા શેહેરમાં જન્મ્યો. તેના જન્મ્યા પેહેલાં અથવા તેના બચપણામાં તેનો બાપ મરી ગયો; અને તેની મા પણ તેને આઠ વર્ષનો મેહેલીને મરી ગઈ. તેને વારસામાં માત્ર પાંચ ઉંટ, અને એક ગુલામડી એટલું આપ્યું તેથી તેને તેના દાદાના હાત તલે રેહેવું પડું. મહમદને તેના દાદાએ મરતી વેલાએ તેના છોકરા અબુ-તાલેબ, જેને તેની માલમતા મલી, તેને સ્વાધીન કરો. મહમદ બરોબર વયનો થયો તારે તેણે તેને વેપારનું કામ શીખવ્યું. તે પચીસ વર્ષનો થયો તાંહાં શુધી તેના કાકાની ચાકરીમાં રહ્યો; એટલીજ વાત તેના બચપણા વીશેની માલુમ છે.

મૂસા તથા ઈશુ ઈશ્વરના પ્રાચીન મોકલેલાઓ, અને મહમદના પૂર્વાધિકારીઓ, જારે જન્મ્યા તારે જેવા ચમત્કારો થયા હતા તેવાજ ચમત્કારો મહમદ જન્મ્યો તારે પણ થયા એવું મુસલમા-

ની કીતાબોના લખનારાઓ લખેછે. તેઓ લખેછે કે મહમદ પેગંમબર જન્મ્યો તે વેલાયે એક પ્રકાશ એવો તો થઓ હતો કે તેથી શીરીઆ દેશના શધલા કીલ્લાઓ, શેહેરો, અને ગાંમડાંઓમાં તેથી ઉજાસ પડ્યો હતો; તથા સાવા સરોવરનાં પાંણી બીલકુલ શુકાઈ ગઆં હતાં, તેથી તેઉપર એક શેહેર બંધાઉં હતું; તથા એક ધરતીકંપ થઓ હતો તેથી ઈરાનના રાજાના મોહોલના ચઉદ મનારા પડી ગઆ હતા; તથા પારશી લોકોનો પવીત્ર આતશ હોલવાઈ ગયો હતો; અને ચંદ્ર તથા તારા ઉપર વશનારા અશુચ આતમાઓ કાહાડી મુકાઆ હતા, અને તેઓથી પૃથ્વી ઉપર મુર્તીઓમાં પાછું આવી શકાઉં નહીં, અને દેવ વાણી થઈ શકી નહીં. તે કીતાબોના લખનારાઓ એથી પણ વધારે એવું લખેછે કે તે બાલકે, આ દુનીઆમાં જનમ ધરતાંજ, ઘુંટણીએ પડીને પોતાના હાથ આકાશ તરફ ઉંચા કરા હતા, અને મોટેથી સાફ સંભાલએ એવી રીતે આ શબ્દો બોલો હતો, "ઇશ્વર મોટો છે; ઈશ્વર એકજ છે; અને હું તેનો પેગંમબર છઉં." મહમદના જનમ વિશે આ અને એવીજ બીજી અદ્ભુત વાતો કેહેવાએલી છે. પણ એ અજાએબ શરખી વાતોને ટેકો આપવાને જરા પણ શાબીતી નથી. અને બચીત એવું સાફ માલમ પડેછે કે મહમદના જન્મ્યાને ઘણો કાલ ગઆ પછી એવી વાતો કેહેવાવા માંડી. જો આવી અજાએબ જેવી અને પ્રગટ વાતો બની હોત તો એ વાતો લોકોને ઇઆદ રેહેત, અને એથી તેઓ મહમદની કેહેણ કબુલ રાખત. ને લોકોએ મહમદને પુછ્યું કે કાંઈ ચમત્કાર કરી દેખાડે તો તું ઈશ્વરથી આવેલો છે એવું અમે માનીએ, તારે મહમદ પોતાના જનમ વેલાએ થએલા ચમત્કારો વિશે બોલ્યો હોત, પણ તેણે એમ કદી કીધું નહીં.

કાદિજા નામની કોરેષ જાતનીજ એક બઈરી હતી. તે મક્કા શેહેરમાંના એક મોટા માણુસની વીધવા હતી. તેને તાંહાં મહમદ પચીશ વર્ષની ઉમરે ચાકર રહ્યો. તેની ચાકરીમાં હતો તારે તે તેનાં ઉંટ અને તેનો વેપારનો માલ લઈને ડમાસ્કસ શેહેરનાં મોટાં બજારમાં ગઓ હતો. તેના ચિત્તાકર્ષક ગુણને લીધે આ સ્ત્રીને મહમદ એટલો તો પસંદ પડો કે તેણે તેની સાથે લગન કીધાં. આ લગન થઆથી મહમદની અવસ્થા તેના જન્મ તથા કુલને યોગ્ય એવી થઈ. આવી દીશામાં આવો તારે પોતાના ઘરડા વરડાઓ પોતાની જાતમાં મોટા સરદારો હતા એવાત તેને ઇઆદ આવે એમાં કાંઈ અશ્ચર્જ નહીં. પોતાના લગન થઆ પછી તેણે પ્રદેશ ફરવું છોડી દીધું નહીં. પ્રદેશ ફરવાથી જુદા જુદા ધર્મ માનનારા જુદી જુદી પ્રજાના લોકોને તેણે જોઆ, તેથી કરીને આગલ પાછલના દેશમાંના ધર્મના તથા રાજ્ય પ્રકરણના વિચારો તથા ધારાઓ વીશે તેને ગનાન મલું. તે ગનાનનો તેણે પોતાના એકાંતના વિચારમાં ઉપયોગ કરો.

મહમદની પચીશથી તે ચાલીશ વર્ષની ઉમર સુધીમાં કાંઈ મોટી જાણવા લાએક બીના બની નથી. તોપણ દુનિઆ ઉપર એક નવો ધર્મ સ્થાપવાનો હીમતભરેલો વિચાર તેણે જે કીધો તે આ અવસરમાં કીધો. માટે તેની જીંદગીમાં સઉ કર્તાં આ મુદ્દત વધારે અગત્યની છે. પણ તેના મનમાં એ વિચાર કેમ આવો, એ વિચાર આવ્યા પેહેલાં તેને શા શા વિચારો આવા હતા, તેથી તેણે શું મતલબ હાંસલ કરવાની ધારી હતી, તથા તે કેમ બાહાર પડો, એ વાતો આપણને બરાબર માલુમ નથી.

ઘણા વર્ષસુધી વિચાર કરા પછી પોતાની સઘલી યોજનાઓ પાકી કરીને, (ઈ૦ સ૦ ૬૦૯) મહમદ હલવે હલવે

અને ઘણીજ ખબરદારીથી તે યુક્તિઓ પ્રમાણે કામ કરવા લાગો. મકા શેહેરની પાસે હીરા નામની એક ગુફા હતી તેમાં અપવાસ, ભકતી, અને ઈશ્વર શંબંધી વિચાર કરવાને મહમદ કેટલીએક વારસુધી રોજ જઆ કરતો. પોતે એકાંતમાં હતો તે વેલાએ જે કાંઈ અલૌકિક દેખાવો દીઠા અને વાણીઓ શાંભલી તેની વાતો તેણે સાંજરે ઘેર આવીને પોતાની બઈરીની આગલ કેહેવા માંડી. આખરે તેણે પોતાની બઈરીને કાંઈ વચન કહું, અને તેને કહું કે એ વચન જબ્રીયેલ્ દૂતે આવીને મને ઈશ્વરી પ્રગટપણું આપેલુંછે તેમાંનો એક ભાગ છે. મહમદ એવું કેહેછે કે અલ્-કાદ્ર એ નામની રમદન મહિનાના ૨૩ માં તથા ૨૪ માં રોજની પ્રખ્યાત રાતે તે દુતે ચલકાટ ભરેલા આકારમાં આવીને મને સારા સમાચાર કહા તે આપ્રમાણે કે, "ઓ મહમદ તું ઈશ્વરનો મોકલેલો છે, અને હું જબ્રીયેલ્ દૂત છઉં." તે દૂતે રેશમી કાપડ દેખાડું, તે ઉપર કાંઈ લખેલું હતું, અને વલી કહું કે, "વાંચ." તે વેલાએ પેગંમબરે એમ ઉત્તર દીધો કે મારાથી વંચાતું નથી. તારે દૂતે ફરીથી કહું કે, "તારો પ્રભૂ જેણે સર્વે વસ્તુઓ ઉત્પન્ન કરીછે, અને જેણે માણસને બંધાઈ ગએલા લોહીનો બનાવેલો છે, તેનું નામ લઈને વાંચ. તારો દઆલુ પ્રભૂ, જેણે કલમ પકડતાં શિખવું છે, અને જે વાતોથી માણસ અજાંણો છે તે વાતો તેને સમજાવેછે, તેના નામથી તું વાંચ." જારે આવી અજાએબ સરખી મુલાકાતની વાત મહમદે કાદીજાને કહી તારે તેણે તે માની, અને એમ કહ્યું કે મહમદ કોઈ દાહાડો પોતાના લોકોનો પેગંમબર થશે. જે વાત કાદીજાએ સાંભળી તે વાત તેણે તરતજ પોતાના વરક્ નામના

સગાને કહી. તેણે પણ તે વાત માની, પણ તે મહમદના ચેલાઓમોં ગણાએલો નથી.

પછી મહમદ સાધુસહી જીંદગી, જે પવિત્ર મનાએછે, તેવી જીંદગીમાં રહેવા લાગો. ને થોડા દાહાડામાં તેનો એક ચાકર નાંમે ઝીદ એબન હારેથ તેનો ચેલો થઓ. ઝીદના ઈમાનને લીધે મહમદે તેને સ્વતંત્રતા પાછી આપી; અને તારથી મુસલમાનોમાં એવો ધારો પડો છે કે જે ગુલામો મહમદનો ધર્મ કબૂલ કરે તેઓને છુટા કરવા; તોપણ આ ધારો સઘલી વેલા પલાઓ નથી.

એપ્રમાણે મહમદનાં મતનાં પેહેલવેલાં માનનારાં તેની બઈરી અને તેનો ગુલામ એ બે જણાં હતાં.

તેના ધરમમાં ત્રીજો માણશ જે આવો તે તેના કાકા અબૂતાલેબ્નો છોકરો અલી હતો. તે તે વેલાએ છોકરો હતો. ચોથો અબૂ-બકર નામનો મોટો આબરૂદાર અને મકા શેહેરમાં મોટી સત્તાદાર માણસ તેના ધરમમાં આવો. અબૂ-બકરના સમજાવાથી ઓથમાન, અબ્દલ્-રેહેમાન્, સાદ, અલ્-ઝોબીર, વગેરે કેટલાએક મકા શેહેરના મુખ્ય માણસો પણ આવા. તેના ધરમમાં આ લોકો આવા તે તેના અધીકારને મુખ્ય ટેકો આપનારા અને બાહાદૂર લડવાઈઆ થઆ. આ વેલાએ અબૂ-બકરે જે મદદ આપી તેને શારૂ મહમદે તેને અબ્દ-અલ્લાહ (ઈશવરનો દાસ), અલ્-તસ્દીક (સાચો) અને અટિક્ એટલે બચેલો (નરકમાંથી) એવા ખતાબો તેને આપા.

કોરેશ જાતના લોકો સાંમા થશે એવું ભએ પાંમીને મહમદે ત્રણ વર્ષ સુધી પોતાના ધરમનો ઉપદેશ ખાનગી રીતેજ કરા કીધો. આ વેલાએ તેને ઘણીએક ઈશવરી વાતો મલાં, એવું મહમદ

કેહેતો હતો. આખરે તેને અબૂ-બકરની મદદમાં પકો ભરોશો બેઠો, અને એવું જોઉં કે હવે મારા ધરમના માનનારા ઘણા થઆ છે, તારે ઈશવરે મને તમારી પાસે મોકલો છે, અનેતેની કેહેણ કેવાનો હુકમ કરેલો છે, એવું પોતાના સગાંવાહાલાઓની આગલ કેહેવાનો તેણે ઠરાવ કીધો. પછી એ મતલબ સર તેણે તેના કાકાના છોકરા અલીને એક મિજલશ કરવાનો હુકમ કીધો, અને તે મિજલશના દિન અબ્દુલ્-મોતાલેબથી ઉતરેલા સઘલા માણસોને મોકલાં. તેઓમાંના આસરે ચાલીસ જણાએ દિન કબૂલ રાખ્યાં. પછી તે દિન ફરીથી ફેરવાં, અને ફરીથી કબૂલ થઆ તારપછી મહમદે તેઓને આ રીતે ભાશણ કીધું:—"અલ્-જજીરાહ અલ-અરબમાં કોઈ એવો માણસ નહીં હશે કે જે ઠરાવ હમણાં હું મારાં સગાંઓને કેહેવા માગુંછઉં તેથી સારો ઠરાવ કરશે. હું તમને આ દુનિઆનું અને આવતી દુનિઆનું શુખ આપુંછઉં. સર્વ શક્તિમાન ઈશવરે તમને તેની તરફ બોલાવવાનો મને હુકમ કરેલો છે, માટે તમારામાંથી મારો વઝીર (પ્રધાન) અને મારો ભાઈ કોણ થશે!"

તેઓ શઘલાઓએ આનાકાની કરી, અથવા ના કહી. તારે અલી ઉઠીને આપ્રમાણે બોલો—"ઓ ઈશવરના પેગંમબર! હું તારો વઝીર થઈશ. જે માણસો તારી સામાં થશે તેના દાંત હું તોડી પાડીશ; તેના ડોલા હું ખેંચી કાઢીસ, તેનું પેટ હું ચીરીનાંખીશ, અને તેના ટાંટીઆ ભાંગી નાંખીશ!" એવું અલીએ કહું, તારપછી મહમદ તેને ઘણી નરમાશથી ભેટો, અને તે વેલાએ જેઓ આગલ હતા તેઓને આપ્રમાણે કહું—"આ મારો ભાઈ, મારો કારભારી, અને મારો ખલીફ છે, માટે તમે એને સ્વાધીન થઈને એને તાબે રોહો." તે વેલાએ સઘલી મીજલશ

માત્ર તેની ઉપર હશી, અને અબૂ-તાલેબને કહ્યું, "હવે તારે તારા દીકરાને તાબે થવું જોઇએ."

એપછી મહમદે લોકોમાં ખુલ્લો રીતે ઉપદેશ કરવા માંડો. તેની તીક્ષ્ણબુદ્ધી, કલ્પના, અને ઇમાદદારા, પ્રવાસ કીધાથી તથા એકાંતી વીચાર કીધાથી સારી થઈ હતી, અને તેના શરીરની ખુબશુરતી તથા બોલવાની મીઠાસ એવી હતી કે સઘલા લોકોની તેના ઉપર મેહેરબાની થાએ. પણ તેઓના મુરતી પુજક ધરમનો તથા તેમની હદનો તેણે એટલો તો તીરસ્કાર કીધો કે તેથી ઘણા ખરા લોકો તેના દુશમન થઆ.

કેટલાએક લોકોએ તેને જાદુગર કહો, કેટલાએકોએ તેને અસલની કાહાણીઓ કેહેનારો કહો, અને કેટલાએકોએ સાફ રીતે તેને જુઠું બોલનાર તથા ઢોંગી કહો. આ વખતે લોકોએ મહમદને માઠા અને જેથી ધીકાર થાએ તેવા શબ્દ કહા. એવિશે કુરાનમાં ઘણીએક જગો પર લખેલું છે. "મકાવાલા કેહેછે, ઓ જેને ચેતવણી (કુરાન) મોકલેલી છે તે તને ખરેખરૂં ભુત વલગેલું છે: જો તું ખરૂં બોલતો હોત તો શું તારી સાથે દુતો આએવા ન હોત? જવાબ, વાજબી વખત શીવાએ હમે દુતોને નીચે મોકલતા નથી." (કુરાન અ० ૬.) "તેઓ કેહેછે કે આ જાદુ છે, અને તે પર હમે વીશવાશ કરતા નથી; અને તેઓ કેહેછે જો આ કુરાન મકા તથા મદીના શેહેરોના કોઈ મોટા માણસને અપાઉં હોત તો હમે તેને અંગીકાર કરત." (અ० ૪૩.) "મકાના લોકોને પોતાનો હીસાબ આપવાનો સમે પાસે આવેછે. પ્રભુથી તેઓને કાંઈ ચેતાવણી આવતી નથી, પણ જારે તેઓ સાંભલેછે તારે તેને તેઓ હશી કાહાડેછે. તેઓ કેહેછે કે, કુરાન એ સ્વપણાનો ઢગલો છે, એટલુંજ નહીં, પણ તેણે જુઠાણું ચલાવેલું છે." (અ.૨૧)

"અને કાફર લોકો કેહેછે કે, કુરાન તેનું યોજેલું જુઠાણું છે, અને તે બનાવામાં તેને બીજાઓએ મદદ કરી છે, પણ તેઓ ગેરવાજબી વાત અને જુઠું બોલેછે. તેઓ એવું પણ કેહેછે કે, આ જુની કથાઓ છે, અને તેણે એ લખાવી છે, અને એ કથાઓ સાંહાંજે અને સહવારે તેણે લખાવેલી છે. કોહો કે, જે જમીન પરની તથા આશમાનમાંની છાંની વાતો જાણેછે તેણે એ પ્રસિદ્ધ કરી છે. તેઓ કેહેછે કે, એ કહી જાતનો મોકલેલો છે? તે આપણી પેઠેજ ખોરાક ખાએછે, અને રશતાઓમાં ફરેછે. નાપાક લોકો એવું પણ કેહેછે કે, જે માણશને તમે માનોછો તે દીવાંના શીવાએ બીજો કોઈ નથી." (અ૰ ૨૫.) અવીશવાશીઓને જારે આપણે શાબીતીની નીશાણીઓ બતાવીએ છઈએ તારે તેઓ સાચાઈવિશે કેહેછે કે એ તો જાદુ છે. તેઓ શું એમ કેહેછે કે મહમદે એ જુઠાપણું ચલાએવું? જવાબ, જો મેં એ જુઠાણું ચલાએવું છે તો ખરેખાત તમને મારે વાશતે ઈશવરથી મેહેરબાની મલશે નહીં: તમે તે વિશે કેવું ખરાબ બોલો છો. એ તે શારીપેઠે જાણેછે. જે મને પરગટ કરાએલું છે તે શીવાએ બીજું કાંઈ હું કેહેતો નથી; અને હું સઉને ખુલી ખબર આપનાર કરતાં વધારે નથી. (અ૰ ૪૬.)

પોતાનું મોકલેલાપણું ખરૂં બતાવવાને સઉથી મોટા ઇશવરનું નામ પણ દાખલ કીધું. "જે તમે દેખોછો, અને જે તમે નથી દેખતા, તેના સોગન ખાઇને હું કહુંછઉં કે હું તમને જે કહુંછઉં તે અબરૂદાર મોકલેલાની વાતો છે, કાંઈ કવીની વાતો નથી: તમે કેટલો થોડો વીશવાસ લાવોછો! એ કાંઈ શુકન જોનારની વાતો પણ નથી; તમે કેટલી થોડી ચેતવણી પામોછો! સઘલા પ્રાણીનો જે પ્રભુ તેની પાશેથી એ પ્રગટપણું છે. જો આપણા વિશે જે વાતો

કણી તેમાં મહમદે કાંઈજુઠાણું ચલાવ્યું હોત તો હમે તેનો જમણો હાથ પકડીને તેના અંતઃકરણની નશ કાપી નાંખી હોત.” (કુરાન અ૦ ૪૯.) “કુરાનને હશી કાહાડવાને જે તીરસ્કાર ભરેલું બોલો છે તે શરાપીત થાઓ. હું તેને નરકમાં બલવાને નાંખીશ.” (અ૦ ૭૪.) “વીશવાશ લાવનારાઓને વાશતે હમે સાંકલ, બેડી, અને બલતી અગની, એ તૈઆર કરાં છે.” (અ૦ ૧૧.)

મહમદ શઉથી ઘણો ઘભરાઓ એથી કે લોકોએ તેને વારે વાર પુછા કીધું કે તું ઈશવરથી આવેલો છે એની શાચાઈ કાંઈ ચમતકાર કરીને શાબીત કર. તેના શાંભલનારાઓ કેહેવા લાગા કે, “મુશા, ઈશા, અને બીજા પેગંમબરો, તારા કેહેવા મુજબ ઈશવરના મોકલેલા છે એવું શાબીત કરવાને ચમતકારો કરતા. હવે જો તું પેગંમબર હોએ અને તું અભીમાનથી કેહેછે તે મુજબ તારી આગલના પેગંમબરોથી મોટો હોએ, તો હમને તારા પણ ચમતકાર જોવા દે. તું મુએલાને જીવતા કર, મુગાને બોલતા કર, અને બેહેરાને શાંભલતા કર; અથવા ઝવાહેરથી તથા કીમતી રાચરચીલાથી શોભાએમાન તારે શારૂ એક શુંનાનો મેહેલ બનાવ; અથવા જે કીતાબ આશમાનથી નીચે ઉતરેલી અથવા ફીરસ્તાએ તારી પાશે આણેલી તું કેહેછે તે હમને દેખાડ એટલે હમે તારા ઉપર વીશવાશ કરીશું.” આ શવભાવીક અને વાજબી શવાલો તેને કરતા તારે તે વાતો ઉડાવવાની તેણે ઘણી એક તદબીરો કીધી, એવું કુરાન ઉપરથી માલુમ પડેછે. “કાફર લોક બોલેછે કે, ઈશવરનો મોકલેલો તું છે એની કાંઈ નીશાણી હમને બતાવશે તાંહાં લગી હમે તરો વીશવાશ કરનાર નથી. પણ તને માતર ઉપદેશ કરનાર ઠેરવેલો છે, કાંઈ ચમતકાર કરવાને ઠેરવો

નથી." (કુરાન અ૦ ૧૩.) "જવાબ, નીશાણીઓ તો ઈશવરનાજ હાથમાં છે; અને હું પ્રગટ રીતે ઉપદેશ કરનાર છઉં, કાંઈ અધીક નથી." બીજી વખતે તે તેઓને કેહેછે કે, "જેઓએ આગલના પેગંમબરોના ચમતકારો દીઠા હતા તેઓએ તેમનો તીરસ્કાર કરો હતો માટે હવે ઈશવર કાંઈ વધારે ચમતકાર કરશે નહીં. વલી જેઓને વીશવાશ કરવાશારૂ ઈશવરે ઠેરવા છે તેઓ તો વગર ચમતકારે વીશવાશ કરશે, પણ જેઓ એ પ્રમાણે પશંદ કીધેલા નથી, તેઓને ગમે એટલા ચમતકાર દેખાડીએ તોપણ તેઓ કબુલ કરનાર નથી." "અને જો તેઓની આગલ ફીરસ્તાઓને નીચે મોકલા હોત અને મુએલાઓ તેઓની આગલ બોલેઆ હોત, તોપણ ઈશવરની ખુશી શીવાએ તેઓ વીશવાશ લાવત નહીં," (અ૦ ૬.) તાર પછી જારે મદીનામાં તે લશકરનો શરદાર હતો તારે એ હરકતોને દૂર કરવાને તેની પાશે એક જુદો રશતો હતો. એ વેલાએ તે એવું કેહેતો હતો કે આગલ મુશાને તથા ઈશાને ચમતકાર કરવાની શકતી આપીને ઈશવરે મોકલેઆ હતા, તોપણ લોકો વીશવાશ લાવેઆ નહીં, માટે ઈશવરે હમણાં મને મોકલેઓ છે. હું જુદી તરેહનો પેગંમબર છઉં, અને તલવારના જોરથી વીશવાશ આણાવવાને મને ઠેરવેઓ છે.

મહમદના કેટલાએક વેહેમી શાગરીદો કેહેછે કે, તેણે ચંદ્રના બે કડકા કીધા; જાહાડો તેને મલવા આવેઆં; તેના હાથની આંગલીઓમાંથી પાંણી વહું; પથરોએ તેને શલામ કરી; એક ભારટીઓ તેની આગલ રડેઓ; એક ઉંટે તેની આગલ ફરીઆદ કરી; એક માંશના કકડાએ પોતે જેરી છે એવી તેને ખબર આપી. એવા એવા બીજા કેટલાએક ચમતકારો તેણે કીધા, પણ એ

ચમતકારો વીશે મહમદ પોતે કાંઈજ બોલેઓ નથી, અને એવી વાતો કોઈ મોટા મુશલમાન કીતાબ લખનારાઓ પણ લખી ગયા નથી. વલી કુરાનમાં કેયે એ વાતો લખી નથી; તેમાં તો સાફ એમ કેહેછે કે મહમદ ચમતકાર વિના આએવો; એ ઉપરથી શાબીત થાએછે કે એ ચમતકારોની વાતો હમણાં થોડી મુદત ઉપરની બનાવટ છે.

જો કે અબુ-તાલેબ મહમદનો શાગરીદ નહીં થઓ હતો તોપણ તેણે પોતાના ભતરીજાને લોકોની દુશમનાઇથી બચાવો હતો. તેની જાતના મુખી માણશોએ તેને ધમકાએવો કે જો તું તારા ભતરીજાને ઉપદેશ કરવું મુકી દેવાનું શમજાવશે નહીં તો હમે તારી શાથે મોટા કજીઆ કરીશું.

તેના કાકાએ (અબુ-તાલેબે) તેને તે મુકી દેવાનું કહું; પણ મહમદે જવાબ દીધો કે, "જો મારી સાંમા શુરજને મારા જમણા હાથમાં તેઓ મુકે, અને ચંદ્રને મારા ડાબા હાથમાં મુકે, તોપણ હું એ મુકી દેનાર નથી." તેની જાતના લોકોએ તેને તથા તેના પંથવાલાઓને શેહેરમાંથી કાહાડી મુકવાનો ઠરાવ કીધો હતો, તોપણ તેના કાકાએ તેને આશરો આપવાને વચન આપું. લોકોએ તેમના ઉપર ઘણી શતાવણી ચલાવી, પણ આ વખતે તેનો કાકો હામીઆ, અને મોટા આબરૂદાર માણશ ઓમર જે તેની સાંમા ઘણો થઓ હતો તેપણ, તેના પંથમાં મલા હતા. તોપણ શતાવણી એવી તો જોરથી ચાલી કે તેના કેટલાએક નામીચા શાગરીદોને લાલ શમુદ્રની પેલી તરફ હથીઓપીઆના નજાશી (રાજા) ની પાશે જુદી જુદી ટોલીઓ થઇને નાંહાશી જવું પડીઉં. એ રાજાએ તેઓ ઉપર એટલી તો મેહેરબાની બતાવી કે તેની પાશે એઓને ખોરેશ લોકોએ પાછા માંગેઆ તારે તેણે ના કહી, અને વલી

એવું કહું કે તમારા જેવા બીજાઓ અંહીઆં આવશે તો તેઓનું હું રક્ષણ કરીશ.

નવા મતનો ફેલાવો જોઆથી કોરેશ લોકોએ ઘભરાઈને હાશીમીઓ તથા અબ્દુલ-મોતાલેબના કુલના માણશોની ઉલટાઈમાં એક ઠરાવ કીધો, તે એવી રીતનો કે તેઓની શાથે કાંઈ લગન કરવાં નહીં, અને તેઓની શાથે કાંઈ વેહવાર પણ રાખવો નહીં; આ ઠરાવને વધારે જોર આપવા વાશતે તેઓએ તેનું લેખ કીધું, અને તે કાબાના દેવલમાં રાખ્યું. આ વાત મહમદની પેગંમબરી શુરૂ થઆ પછીના શાતમા વર્ષમાં બની. એણે કરીને જાતમાં બે તડ પડેઆ; તેમાં એક તડમાં મહમદના એક કાકા શીવાએ હાશેમનું કુલ હતું, ને તેનો ઉપરી અબુ-તાલેબ હતો; અને બિજા તડવાલાઓ અબુ-સોફીઆનની નીશાણ તલે એકઠા થઆ. તોપણ એથી કાંઈ મહમદનો ધરમને બંધ પડેઓ નહીં. અબુ-તાલેબ મકાનું રાજ ચલાવતો હતો, અને તેની પાશે પોતાના ભતરીજા મહમદને દુશમનોના ભુંડા ઈરાદાથી બચાવવાને જોઈએ તેટલી શકતી હતી. એ તડ પડેઆને થોડા એક વર્ષ પછી મહમદે પોતાના કાકાને કહું કે તેઓએ જે શંપ કીધો છે તે ઈશવરને પશંદ નથી આવો તે આ ઉપરથી શાફ દેખાએછે કે, તેણે એક ઉધાઈ મોકલી ને તે ઉધાઈ ઈશવરના નામ શીવાએ કરારપત્ર ઉપરનો એકે એક બોલ ખાએછે. આ વાતની મહમદને ઘણું કરીને આગલથી ખાનગી રીતે ખબર પડી હતી. અબુ-તાલેબે તરત જઈને આ વાત કોરેશ લોકોને જણાવી, અને એવી શરત કીધી કે જો એ વાત ખોટી પડશે તો હું મારા ભતરીજાને તમારે શવાધીન કરીશ, અને જો ખરી પડે તો તમારે તેના ઉપરના દુશમન ભાવ કાહાડી નાંખીને, હાશીમી-

ઓની ઉલટાઈમાં જે બંદોબશત કરે છે તે રદ કરવો પડશે. તે લો-કોએ એ વાત કબુલ કરી. અને કાબા નામના દેવલમાં જઇને કરારપત્ર જુએછે તો તે અબુ-તાલેબના કહા મુજબ નીકલ્યું, તેથી કરીને તેઓ ઘણા અજબ થયા, અને બંદોબશત રદ કીધો.

તેજ વર્ષમાં અબુ-તાલેબ હેંશી વર્ષનો થઈને મરી ગયો. તે પોતાના ભતરીજાના પંથમાં મલો હતો એવું માનવાને ભરોશો આણવા જોગ શાબીતી નથી. પછી થોડા દાહાડામાં મહમદની ધણીઆણી કાદીજા પાંશેટ વર્ષની થઇને મરણ પાંમી. મુશલ-માન લોકોએ આ વર્ષને "શોકનું વર્ષ" કહે છે.

ખોરેશ લોકોના જુશાથી મહમદ અબુ-તાલેબના કીલાઓમાં રહીને આગલ બચતો હતો તે જુશામાં હમણાં અબુ-તાલેબ અને કાદીજાના મુઆથી મહમદ આવી પડેઓ. એ લોકોના જુલમથી બચવાને પેહેલવેલો તે પોતાના આગલના ઝીદ નામ-ના ચાકરને લઇને તાઇફ શેહેરમાં ગયો. તાંહાંના બે મુખી માણશો પાશે તેણે આશરો માંગો. તેઓએ તેનો ધીકાર ન કી-ધો, તેમ તેનો મોટો શતકાર પણ ન કીધો. તે તેઓના શેહેર-માં એક મહીના શુધી રહો, અને થોડાએકને પોતાના પંથમાં મેલવા; પછી તે અલ્-મોતામના આશરા તલે પાછો મકામાં ગયો. તાંહાં ઘણીએક ગાલો ખાઇને અને ભએ ખમીને તેણે જે જાતરાઉ લોકો અરબસ્થાનના સઘલા ભાગોથી આવેલા હતા તેઓને તેઓની મુર્તિઓની વીરૂધમા ઉપદેશ કીધો. તે વેલા-એ મદીના શેહેરમાં ઘણું કરીને બે જાતના લોકો રેહેતા હતા, એક જાતનું નામ ખઝરાઈ, અને બીજીનું અલ્-આવસ; તેમાં ખઝરાઈ જાતમાંના છ માણશો મહમદના આવતાં તેના પંથમાં મલા. જારે આ છ માણશો પોત પોતાને ઘેર ગયા તારે

તેઓએ પોતાના બીજા લોકોમાં નવો ધરમ ફેલાએવો. મુશલમાની કીતાબ લખનારાઓએ આ છ માણશોને અલ-અનસર (મદદગાર) એવું નામ આપેલું છે. મકા શેહેરની ઉત્તર તરફ અલ-અકબ નામનો એક પાહાડ છે તે ઉપર ખઝરાઈની જાતના દશ માણશ, અને બે માણશ આવશની જાતના મહમદને મલા, અને તેના ઉપર ઈમાન લાવવાનું વચન આપેએું. તેણે પોતાનો ચેલો મુશાબ નામે હતો તેને પોતાનો ધરમ તેઓને વધારે શમજાવવા માટે તેઓની શાથે મોકલો. એ શીખવનાર એવો તો હોશીઆર હતો કે તેની મેહેનતથી થોડા એક દાહાડામાં તે શેહેરમાંનો એક મુખી માણશ, આવશની જાતનો ઉમરાવજાદો, તથા શેહેરમાંના ઘણું કરીને હરેક કુટુંબમાંના કોઈ કોઈ કુરાનને માનનારા થઆ.

મહમદ જે રાતરે મકાથી ઈરૂશાલેમ ગઓ હતો, અને તાંહાંથી જબ્રીએલ દુતની શાથે શાતમા આશમાનમાં ગઓ હતો, તે તેનું મોકલેલાપણું શુરૂ થઆ પછેના બારમા વર્ષમાં ગઓ હતો, એમ તે પોતે કેહેછે. કુરાનના શત્તરમાં બાબની શુરૂઆતમાં એપ્રમાણે લખેલું છે કે, "જે ચાકરને રાતરે મકાના પાક દેવલમાંથી ઈરૂશાલેમનાં દેવલમાં લઈ ગઓ તેની શતુતી થાઓ; તેમ કરવાને આપણે આશીરવાદ દીધેલોછે, એટલાંશારૂ કે આપણે આપણી કાંઈ નીશાણી દેખાડીએ, કેમકે ઈશવર તે છે જે શાંભલેછે અને જુઓછે." આ ગપ અને અતિશયોક્તિ ભરેલી વાત કુરાનમાં કાંઈ લખેલી નથી, પણ ઘરડાઓના મોહોડેથી કેહેવાતી આવેલી છે. એવું ભારોછે કે મુશા જેની જોડે પવિત્ર પાહાડ પર ઈશવરે મોહોડે મોહાડે વાત કીધી તેનો હું ખરોબ-

રીઓ છઉં, તથા પાક આદમી છઉં, એમ દેખાડવાને મહમદે પોતે યોજી કાહાડી હોએ.

"જારે હું કાબાના વાડામાં હતો (અથવા કોઈવાર એમ કેહેછે કે, જારે હું એક પથર પર બેઠેલો હતો) તારે જુઓ એકજણ (જબ્રીએલ) બીજાને શાથે લઇને આએવો, અને મને મારા ગલાથી તે જાંગના થાપા શુધી ચીરો. તાર પછી તેણે મારૂં અંતઃકરણ બાહાર કાહાડું અને તરતજ મારી આગલ ઇમાનના પાંણીનું શુંનાનું વાશણ આણ્યું, અને તેણે મારૂં અંતઃકરણ શુધ તથા ઠીક કરીને તેને પાછું બરોબર ઠેકાણે મુકું. પછી ખરચ્યથી નાહાનું, પણ ધધેડાથી મોટું, એવું એક શફેદ ચોપગું જાનવર મારી આગલ આણ્યું, તે ઉપર હું શવાર થઓ, અને હું દુનીઆના પેહેલા આશમાન લગી આવો તાંહાંશુધી જબ્રીએલ મારી શાથે ચાલો, પછી તેણે બારણું ઠોકું તારે કોઇએ (અંદરથી) પુછ્યું કે, 'કોણ છે?' તેણે ઉત્તર દીધો કે, 'જબ્રીએલ;' અને 'તારીશાથે કોણ છે?' તેનો ઉતર તેણે દીધો કે, 'મહમદ,' તારે પુછ્યું કે 'મોકલેલાએ પોતાની કેહેણ કરી?' તેણે ઉતર દીધો કે, 'હા;' તે ઉપરથી આ પ્રમાણે વાણી થઈ કે, 'તે શુખી થાએ, હમણાં તેનું ઘણું આદરમાન થશે;' એમ કેહેતાં બારણું ઉઘડું, અને જુઓ તાંહાં આદમ હતો! એ ઉપરથી જબ્રીએલે મને કહું કે, 'આ તારો બાપ આદમ છે, એને આદરમાનથી મલ.' મેં તેમ કીધું, અને તેણે મારી શલામ લીધી, અને કહું કે, 'મારો સર્વોત્કૃષ્ટ છોકરો, અને સર્વોત્કૃષ્ટ પેગંમબર આબાદી પાંમો!' પછી તે મારી શાથે બીજા આશમાન પર આએવો, અને બારણાં ઠોકેઆં એટલે એવી વાણી થઈ કે, 'કોણ છે?' તારે તેણે એવું કહું કે, 'જબ્રીએલ,' તારે તેના પર શવાલ થઆ કે,

'તારી શાથે કોણ છે ?' તેનો જવાબ દીધો કે 'મહમદ,' તારે ફરીથી શવાલ થઆ કે 'મોકલેલાએ પોતાની કેહેણ કરી ?' તેણે જવાબ દીધો કે, 'હા,' તારે મેં આ શબદો શાંભલા, 'તે શુખી થાઓ, હમણાં તેનું ઘણું આદરમાન થશે;' પછી દરવાજો ઉઘડો, ને જુઓ તાંહાં ઈહાઈઆ (એટલે ઇઓહાન) અને ઇશા (ઇશુ) બેઠેલા હતા અને તેઓ મશીઆઈ ભાઇઓ હતા.*

"જબ્રીએલે મને કહું કે, 'આ ઈહાઈઆ અને ઈશા છે, તેઓને આદરમાનથી મલ; મેં તેમ કીધું, અને તેઓએ આદરમાન દઇને કહું કે, "હમારો સર્વોત્કૃષ્ટ ભાઈ, અને સર્વોત્કૃષ્ટ પેગંમબર ફતેહ પાંમો."

એવીજ રીતે બીજાં આશમાનોમાં પણ બારણાં ઠોકાં અને શવાલ જવાબ થઆ તે શઘલું મહમદે લખેલું છે, પણ તેની તે વાત વારેવારે કહાથી કંટાલો લાગશે, માટે એટલું કહું તો બશ થશે કે તીજા આશમાનમાં જારે મહમદ જબ્રીએલની શાથે ગઓ તારે તાંહાં તેણે ઈઓશેફ દીઠો, ચોથામાં હેનોખને દીઠો, પાંચમામાં હારોનને દીઠો, છઠામાં મુશાને દીઠો, અને શાતમામાં ઈબરાહીમને દીઠો. અને જારે તે મુશાની પાશે ગઓ તારે મુશા રડઓ, અને જારે તેને પુછું કે કેમ રડેછે ? તારે તેણે કહું કે, 'મારી પાછલ જે જુઆન માણશ મોકલાએલો છે તે મારા દેશીઓના કરતાં વધારે પોતાના દેશીઓને આશમાનમાં આણશે, માટે હું રડુંછઉં.' પેગંમબર કેહેછે કે "એ પછી મને લીડશ નામના જાહાડની પાશે લઈ ગઆ; તેની પેલી તરફ જવાની મના છે. જાહાડના-

---

* આ ઠેકાણે મહમદની ભુલ છે; કેમકે કુંઆરી મરીઅમ અને ઈલીઝાબેથ કાંઇ બેહેનો નહીં હતી.

ફલ હાડ્જરના પાંણીના માટલાં જેવડાં મોટાં છે, અને તેનાં પાતરાં હાથીના કાંન જેવડાં છે. તાંહાં મેં ચાર નદીઓ જોઈ, અને જારે જબ્રીએલને પુછીઉં કે આ નદીઓ કેણી છે? તારે તેણે ઉતર દીધો કે એમાંની બે નદીઓ આશમાનમાં વેહેછે; અને બીજી બે એટલે નીલ અને ઉફ્રાટ આશમાનની બાહાર વેહેછે. પછી તે મને મુલાકાતના ઘરમાં લઈ ગઓ, તાંહાં દર રોજ શીતેર હજાર દૂતો જાએછે. અહીંઆં મારી આગલ ત્રણ વાસણ મુકીઆં; એક દારૂનું, એક દુધનું, અને એક મધનું, તેમાંથી દુધના વાશણમાંથી મેં પીધું, તે ઉપરથી જેબ્રીએલે મને કહું કે, "તારે અને તારા લોકોને વાશતે આ શારા શુકન થઆ છે?" બીજી વાતમાં આટલું વધારેછે કે 'જો તેં દારૂ પશંદ કરેઓ હોત તો તું તારા લોકોને શાચાઈના રશતાથી જુદે રશતે લઈજાત.' પછી છેલે જારે હું ઈશવરના તખત આગલ આએવો, તારે એક દાહાડામાં પચાશ વાર નીમાજ પડવી, એવો મને હુકમ થઓ. તાંહાંથી ફરીને મુશાની પાશે પાછો આએવો, તારે તેણે મને પુછીઉં કે, 'શું હુકમ થઓ!' તારે મેં તેને કહું કે, 'એક દાહાડામાં પચાશ વાર નીમાજ પડવાનો.' તારે તેણે કહું કે 'તારેથી એક દાહાડામાં પચાશ વાર નીમાજ પડાશે? અને તેણે શોગન ખાઈને કહું કે મેં માણશોમાં એની અજમાએશ કરી છે, કેમકે ઈશરાએલના છોકરાંઓને એ પરમાણે કરાવવાને મેં કોશીશ કરી હતી, પણ મારાથી થઈ શકેઉં નહીં. તેટલા વાશતે તું પાછો પ્રભુ પાશે જા, અને તારા લોકોને વાશતે કંઈ ઓછું કરવાનું કેહે.' તેથી હું પાછો ગઓ, તારે તેણે દશ નીમાજ ઓછી કરી. પછી હું મુશા પાશે આએવો, તારે પણ તેણે આગલની પઠેજ કહું, તારે હું પાછો ગઓ, અને બીજી દશ કમી કરાવી. પાછો મુશા પાશે

આએવો, તો તેણે તેમજ કહું. તારે હું ફરીથી ગઓ, અને એક દાહાડામાં દશ વાર નીમાજ કરવાનો હુકમ મલેઓ. તે શાંભ- લીને મુશાએ આગલની પેઠેજ કહું; તે ઉપરથી વલી હું પાછો ગઓ. તારે એક દાહાડામાં પાંચ વાર નીમાજ કરવાનો હુકમ થઓ. એ વાત મુશાને કહી તારે તેણે કહું કે હજી જઈને કાંઈ ઓછું કરાવ. તારે મેં જવાબ દીધો કે હું આટલી બધી વાર પ્રભુની પાશે ગઓ તેથી હવે મને શરમ લાગેછે. એવું કહીને મેં તેની રજા લીધી, અને તેને વાશતે નીમાજ પડેઓ."

એ પ્રમાણે કેટલાએક કેહેછે. બીજાઓ જે એજ વાત લખેછે તેમાં ઘણો ફરક પડેછે. તે વાત એવી છે કે મહમદ બીછાનામાં શુતો હતો તારે શીતેર પાંખવાલો એક ફીરસ્તો આ- એવો, અને તેને અલ્-બોરાક નામના જાનવર પર બેશાડીને એ- ક પલકમાં યરૂશાલેમ શેહેરમાં લઈ ગઓ. તે જગોપર અ- લ-બોરાકને એક પથર શાથે બાંધીને જબ્રીએલની પાછલ પાછલ રોશનીના દાદર ઉપર થઈને પેહેલા આશમાનમાં ગઓ. એ આશમાનમાં એક મોટો મુરઘો હતો, તેનું માથું બીજા આશમા- ન લગી ઉંચું હતું, અને બીજું આશમાન પેહેલા આશમાનથી ૫૦૦ ફુટને છેટે હતું. બીજા આશમાનમાં તે નુહને મલેઓ, તાંહાં તેણે એક ફીરસ્તો પણ દીઠો, તે એવડો મોટો હતો કે તેની બે આંખોની વચ્ચેનું અંતર ૭૦૦૦૦ દાહાડાની મુશાફરીના અં- તર જેટલું હતું. શાતમા આશમાનમાં તેણે ઇશુ ખ્રિસ્ટને દીઠો; અને પોતા શારૂ પરારથના કરવાની તેની પાશે અરજ કીધાથી તેણે કબુલ કીધું કે તે એનાથી મોટો છે.

આ વાત સ્વપનામાં થઈ છે અથવા તેનો આતમા ઉપર ગ- ઓ હતો, કે તે શરીર શાથે ઉપર ગઓ હતો, એ વીશે પ્રાચીન-

કાલની વાતો મલતી આવતી નથી. વીચારથી તપાશતાં માલુમ પડશે કે એ સ્વપનાની વાત નથી, તેનો આતમા પણ ઉપર ગ-ઓ નથી, અને તે શરીર શાથે પણ ગઓ નથી. એ વાત ફ-કત પોતાના મનની બનાવટ છે. તે વખતે અરબ લોકો મોટી મોટી વાતોને ઘણાં ચાહતા હતા, અને મહમદે જે આવી મોટી વાત કહી તે ઘણાં ખરાઓએ માંની તે ઉપરથી વીચાર કર-તાં એવું નજર આવેછે કે તેણે જે કાંમ કીધું તે ફકત આપમત-લબથી કીધું.

આવી ચમતકારીક વાતો બનાવીને, તથા કહીને, પોતાના પં-થીઓને આશચરીએ લગાડવા શીવાએ બીજી પણ કાંઈ મતલબ મહમદના મનમાં હતી એવું દીશેછે. ઈશલામી ધરમના તપા-શનારને માલુમ પડેઆ વગર રેહેશે નહીં કે ઈશવરનો પ્રગટ કરે-લો યહુદી લોકોનો ધરમ તથા ઈશલામી એ બે ધરમો ઘણી રીતે મલતા આવેછે; અને મહમદની મતલબ એવી જણાએછે કે જેટલું બને તેટલું કરીને પોતાને મુશાના જેવો કરવો, અને પોતાના ધરમમાં પોતાની વાતને નુકશાન ન પોંહોંચતા યહુદી ધરમમાંની જેટલી વાત લેવાએ તેટલી લેવી. રાતની મુશાફરી-ના બઆનમાં જે શખશોનાં નામ લીધેલાં છે તેઓ વીશે જુના તથા નવા બંદોબસ્તમાં લખેલું છે, અને તેઓને યહુદીઓ તથા ખ્રિસ્તીઓ ઘણાં મોટાં માંનવાલા લખેછે, અને ઈશવરના દાશ હતા એમ ગણેછે.

મહમદ શારી પેઠે શમજતો હતો કે જો હું લોકોને એક વાર એમ મનાવું કે ઈશવરે મારી શાથે પોતાના ભેદો વીશે વાત કરી છે, અને આશમાનની છાની વાતો મને પ્રગટ કરી છે, તો તે પાઆ ઉપર હું જોઈએ એવી ઈમારત રચી શકું. અને એ શાફ

દેખાએછે કે આ પછી ધરમ શંબંધી તેની જુજવી કેહેવતો, તથા ઘણાં હલકાં કાંમો, પવીત્ર ગણાવવા લાગાં. તેઓ ઈઆદ રાખીને તેના મુઆપછી તે વાતો તેના શાગરીદોએ શોન્ના નામના ગ્રંથમાં લખી. એ પુસ્તક ઈહુદીઓના પરંપરા ઉપદેશાને મલતું છે.

જારે મહમદે પોતાની રાતની મુશાફરીની વાત પોતાના કાકા અલ-આબ્બારાને તથા પોતાના કાકા અબુ-તાલેબની છોકરી ઓમ-હાનાને કહી તારે તે બંનોએ તે વાત એવી તો નહીં માનવા જોગ ગણી કે તેઓએ તેને એ વાત બીજાઓને કેહેવાથી વારો. પણ તેણે માનું નહીં. તેના કેટલાએક ચેલાઓએ તેને મુકી દીધો. તેના દુશમનોએ તેની હશી કીધી. પણ અબુ-બકરે કબુલ કરૂં કે મહમદ કેહેછે તે શઘલું હું માનુંછઉં. પેગંમબરની શાચાઈ વીશે લોકોને ખચીત કરવાને કુરાનના "તારા" નામના ત્રેપનમાં સુરામાંથી એક વચન કાહાડેઓ. "જે તારો આથમેછે તેના કશમ ખાઈને કહુંછઉં કે તમારો દોશત મહમદ ભુલતો નથી, અને તે ભુલો પડેલો નથી, અને તે પોતાની ઈછા પ્રમાણે બોલતો નથી. તે જે કેહેછે તે તેને પ્રગટ થએલું છે. એક જોરાવર અને બુધીવાન પ્રાણી, જે આશમાનના ઉંચા ભાગમાં દેખાઓ તેણે તેને એ વાત શીખવી છે. પછી તે પેગંમબર પાશે ગઓ, અને તેનાથી થોડો દુર ઉભો રહીને જે વાત તેણે પ્રગટ કીધી તે તેને પ્રગટ કીધી. મહમદે જે જોઉં તે તે કાંઈ ખોટી રીતે દેખાડતો નથી. તેણે તેને બીજી વાર પણ કમલના ઝાડ આગલ જાંહાંથી જવાતું નથી તાંહાં જોઓ. જે વાડીમાં હમેશ રેહેવાનું છે તે તેની પાશે છે. જે ઢંકાએલું હતું તેને જારે કમલના ઝાડે ઢાંકેઉં, તારે તેની નજર ફરી નહીં,

તે ભટકી પણ નહીં, અને તેણે ખરેખાત ઈશિવરની કેટલીએક મોટી મોટી નીશાંણી દીઠી." (૫૩.)

મુશાબ ઈબ્નેઆથરબથી (એટલે મદીનાથી) તોહોંતેર ચેલા તથા બીજા જેઓ હજી અવીશવાશીઓ હતા તેઓને લઈને આએવો હતો, તેણે મહમદને મદદ આપવા માંડી, તે આ વખતે મકા શેહેરમાં લોકો મહમદની શાંમા ઘણાં થઆ હતા તે કારણ શારૂ તેણે ઘણી ખુશીથી કબુલ કરી. આ માણશોએ તેને વચન આએપું કે હમે જેમ ખરાં દીલથી હમારા બઈરાં છોકરાંને બચાવીએ તેમજ તેને શઘલા જુલમથી બચાવીશું. તેમજ મહમદે પોતાની તરફથી વચન આએપું કે હું તમારી શાથે નીમકહલાલી કરીશ, અને કદી તમને છોડીશ નહીં. તેણે કહું, "હવે આપણામાં શઘલી ચીજો શમાન અરશ પરશની છે. તમારૂં લોહી તે જેવું મારૂં લોહી છે, અને તમારો નાશ તે જાંણે મારો નાશ છે. આપણે પોત પોતાના ફાએદા શારૂ એક બીજાની શાથે બંધાએલા છઈએ. હું તમારો દોશત છઉં, અને તમારા દુશમનોનો દુશમન છઉં." તારે તેના ચેલાઓએ કહું કે, "એ ખરી વાત, પણ તારી ચાકરીમાં જો હમે મરી જઈએ તો હમને તેનો બદલો શું મલશે?" મહમદે જવાબ દીધો કે, "બેહેશત;" એ કરાર શેહેરના લોકોએ કબુલ કીધો. આવી તઈઆરી થઆ પછી તેણે પોતાના દોશતોને મકા શેહેરમાંથી મદીના શેહેરમાં જવાનું ફરમાવું, અને પોતે અબુ-બકર તથા અલીને લઈને પાછલ રહો, કે ઈશિવરનો હુકમ થાએ તો જાઉં.

મહમદને મદીનાના લોકોની શાથે આવો બનાવ થઓ તે જોઈને મકા શેહેરના લોકોને એવો તો ઘભરાટ છુટો કે તેઓએ એવો ઠરાવ કીધો કે એને જવા નહીં દેવો. એ કારણ શાર એક

શભા ભરી, તેમાં તેઓએ એ ઠરાવ કીધો કે મહમદને મારી નાંખવાને હરએક જાતમાંથી એક એક માણશને ઠેરવવો; એ ટલે આબરૂ અથવા પાપ શઘલી જાતને માથે પોંચ્યાથી હાશમનું કુટંબ મહમદને મારેઆનું વેર લેશે નહીં, એમ તેઓએ ધારેઉ.

આ ફીતુરની ખબર મહમદને થઇ, તારે તેણે પોતાનો લીલો જભો પેહેરીને પોતાને ઠેકાણે અલીને શુવાનો હુકમ કરો, અને પોતે અબુ-બકરને ઘેર નાહાશી ગઆ. ઓરડાની ચોકશી કરનારાઓ ચોકશી કરેઆ કરતા હતા, પણ શહવારે તેઓને માલુમ પડું કે હમે છેતરાઆ. અબુ-બકરને ઘરથી લઇને થર પાહાડ જે મક્કા શેહેરની ઉગમ બાજુપર છે તેમાંના ગોફામાં મહમદ ગઆ, અને તેમાં તેઓ ત્રણ દીવશશુધી શંતાઇ રહા, અને પકડનારાઓને હાથ લાગા નહીં. અબુ-બકરે તારે કહું કે, "અઇઆં આપણે બે જણાજ છઇએ." મહમદે જવાબ દીધો કે, "એક ત્રીજો પણ છે, એટલે ઇશવર."

મુશલમાની કીતાબ લખનારા એવું લખેછે કે જારે ખોરેશી લોકો ગુફા પાશે આએવા તારે બાબુલ નામનું ઝાડ ઉગીઉં, ને તે ગોફાનું મોહો ઢાંકી દીધું, અને તેની મોટી ડાલીઓમાં એક ચલીએ માલો બાંધી ઈંડાં મુકાં હતાં, તથા તે શઘલા ઝાડ ઉપર કરોલીઆએ જાલુ ગુથું હતું. ખોરેશી લોકોએ આવી નીશાંણીઓ જોઇને એવું વીચારૂ કે આ ગુફામાં હમણાં કોઇ પેઠો નહીં હશે, તેથી તેઓએ પાછા ફરીને બીજી તરફ શોધ કરા કીધી. ત્રણ દાહાડા શુધી મહમદ તથા અબુ-બકર ગુફામાં શંતાઇ રહા, તેવારે અબુ-બકરની છોકરી (આશા-

મા) શાંજરે ધુધલકાના વખતે તેઓને શારૂ ખાવાનું લાવતી હતી.

ચોથે દાહાડે તેઓ હીમત કરીને બાહાર નીકલા, અને અબુ-બકરે ઉંટો મંગાએવા હતા તેપર શવાર થઇને તેઓ મદીના શેહેર તરફ ચાલા. મોટો રશતો છોડીને તેઓ રાતા શમુદ્રના કીનારા-ની પાશેના રશતે ચાલા. ઘણી વાર થઈ નહીં એટલામાં શોરક-ઇબન માલેક શરદારના હુકમ તલેના શવારોએ તેઓને પકડી પાડા. અબુ-બકર પાછો બેહીમત થઈ ગઓ, પણ મહમદે વારે વારે ખાતર નીશાંના શુખનો કહા કે, "ઘભરા નહીં, અલ્લા આપણી શાથે છે." શોરક મોટો લડવીઓ હતો; તેને જાડા ભુરા નીમાલાના ગુછા હતા. તે મહમદની પાશે આ-એવો એટલે તેનો ઘોડો ઉભો થઓ, અને તેને લઇને નીચે પ-ડો. તેનું મન જરા વેહેમી હતું તેથી તેણે એવું વીચારૂં કે એ ખરાબ શુગન થાએછે. તેના મનની વાત મહમદે જાણીને એવું તો જોર ભરેલું ભાષણ કીધું કે શોરકે તેના કાલાવાલા ક-રીને માફ માગું, અને વગર ઇજાએ તેને જવા દીધો.

મહમદ તથા અબુ-બકર બીજી હરકત પડા વીના મુશાફરીમાં આગલ ચાલા, અને મદીના શેહેરથી આશરે બે માઇલને છેટે કોબા નામે પાહાડ છે તાંહાં આવી પોંહોંચા. તે જગોપર શેહેરના લોકો ફરવા જતા હતા, અને તાંહાંની હવા શારી હતી તેથી માંદા તથા નબલા લોકોને તાંહાં મોકલતા હતા. મેવો પણ મદીના શેહે-રમાં એજ જગોપરથી આવતો હતો. તે પાહાડ ઉપર અને તેની આશપાશ દરાખના વેલા અને ખજુરી તથા કમલ ઝાડી-ઓ હતી, અને શીતરન, નારંગી, દાડમ, અંજીર, પીચ, તથા આપરીકાટની વાડીઓ હતી. તે જમીન ચોખા ઝરાઓના પાંણી

પીને તર રેહેતી હતી. આવી શારી જગાપર આવીને અલકાશમા નામનું મહમદનું ઉંટ તાંહાં ઘુટણીએ બેશી ગઉ. તે તાંહાંથી આગલ ચાલું નહીં. તારે મહમદે કહું કે શારા શુગન થઆ અને તે ચાર દાહાડાશુધી કોબા પાહાડ આગલ રહો. ઉંટ ઘુટણીઆ ગાહાલીને બેશી ગઉં એ વાત ઇઆદ રેહે એટલા શારૂ તે જગાપર એક મશજીદ બનાવેલી છે.

આ ગામમાં હતો તારે મહમદને બોરાઈદા-ઇબિન-હોશાઇબ એ નામનો એક નામીચો શરદાર શીતેર ચેલાઓને લઇને તેની શાથે મલો. એજ ગામમાં શાલમાન અલ પારશી (અથવા ઇરાની) એ નામનો નામીચો એક બીજો શાગરીદ મલી આવો. તેના વીશે એવી વાત છે કે તે ઇશિપાહાન શેહેરની પાશેના એક નાંહાનાં ગામનો વતની હતો. તે એક દાહાડો એક ખ્રિસ્ટી દેવલ આગલથી જતો હતો. તે દેવલમાં ભજન થતું હતું, તે જોઇને તેને એટલી તો અશર થઈ કે જે મુરતી પુજક ધરમમાં પોતે ઉછરો હતો તે ધરમ તેણે છોડી દીધો, પછી ધરમની શોધ કરવાશારૂ પુરવ તરફ ભટકતો હતો. એવામાં તેને એક ઘરડા ગુશાઇએ કહું કે અરબસ્થાનમાં એક નવો પેગંમબર પેદા થઓ છે. તે ઉપરથી તે મહમદ પાશે ગઓ. શલમાનને આગલ જાતા મોટો અધીકાર મલો, અને મકાના અવીશવાશીઓ એવું કેહેછે કે મહમદને કુરાન બનાવવામાં એણે મદદ કરી હતી. આ વાત કુરાનના ૧૬ મા અધ્યામાં લખેલી છે, "ખરેખાત મુરતી પુજકો એવું કેહેછે કે કુરાન બનાવવામાં એક માણશે મદદ કરી છે. પણ આ માણશની ભાષા અજામી (એટલે ફારશી) છે, અને કુરાન તો શાફ અરબી જબાનમાં છે."

જે મુશલમાનો આગલ મદીનામાં નાહાશી ગઆ હતા તેઓ

તેને મલવા આએવા, અને તેઓથી એવી ખબર મલી કે શેહેરમાં ચેલાઓ વધતા જાએછે. તેઆર પછી રાબી મહીનાને શોલમે દાહાડે મદીના શેહેરમાં તે પેઠો તારે થોડે એક છેટે તેને ૫૦૦ રેહેવાશીઓ મલા. ઉંટપર શવાર થએલો, માંથાપર તાડના પાતરાની છતર ધરેલી, ને નીશાંણને ઠેકાણે તેની આગલ એક પાગડી ઉડતી, તથા તેની શાથે પોતના બાહાદુરમાં બાહાદુર લડવાઈઆઓ, એવી રીતે તે શેહેરમાં પેઠો, તે વેલાએ શઘલા લોકોમાં ઘણી ખુશી માલમ પડી.

આ નાહાશી જવું (જેને અરબીમાં હીજરી કેહેછે) તે અરબ લોકોનો શન છે. તે વર્ષ ઉપરથી બીજાં વર્ષો ગણાએછે. હીજરીનું પેહેલું વર્ષ તે ઈશવી શનનું ૬૨૨ મું વર્ષ હતું.

અધ્યો ૩.

મહમદના પાછલાં વર્ષ.

મહમદ એક નાહાશી જનારની અવસ્થામાંથી પાદશા થઓ. જેવો એ મદીનામાં આએવો, તેવું એને માલુમ પડું કે હું એક લશકરનો શરદાર છઉં. એ લશકર તેનું પોતાનુંજ અને તેના હુકમને તાબે અને વગર શમજણે તેના ઉપર ઈમાન લાવનાર એવું હતું. તેણે એકદમ તાંહાં હમેશાં રેહેવાનો

બંદોબસ્ત કરવો શરૂ કીધો. પોતાની છોકરી ફાતીમાને અલી શાથે પરણાવી, ને પછે પોતાની રેહેવાની જગા હતી તેની નજદીક એક ઘર પોતાને વાસ્તે, તથા એક મશજીદ નીમાજ પડવાને શારૂ, તથા લોકોને ખુલી રીતે ઉપદેશ કરવાને શારૂ, બાંધવાનું કાંમ શરૂ કીધું. કેમકે મહમદ રાજા અને ધરમનો ઉપદેશ કરનાર પણ હતો. મહમદ પોતાના લશકરનો શરદાર, પોતાની રઈઅતનો ઇનિશાફ કરનાર, અને પોતાના ગેટાંના ટોલાનો રખેવાલ હતો. જેમ જેમ તેની અવશાથામાં ફેરફાર થતા ગયા, તેમ તેમ તેનાં મત પણ બદલાતાં ગયાં. હમણાલગી તેણે પોતાના મહજબને તકરારથી અને કાલાવાલાથી ફેલાવો હતો, અને મકા છોડાની અગાઉ તેની શઘલી ફતે ઉપદેશાજ કીધાથી થઈ, અને તે કંઈ જુલમ કીધાથી થઈ નોહતી. "માટે તું તારા લોકને ખબર કર, કેમકે તું ખબર કરનાર છે, તને કંઈ તેઓના ઉપર શતા ચલાવાનો અખતીઆર નથી." (કુરાન અ૦ ૮૮.) તે નાહાશી ગયો તાંહાં શુધી, તેણે પોતાના પવીતર ધરમના પથરાવવામાં અને શંભાલના કરવામાં કોઈબી તરેહનો જુલમ કરવાનું મને કીધું હતું. કુરાન જે મકામાં પરગટ થઉં, તેના ઘણાએક વચનોમાં એ ખુલ્લી રીતે કેહેછે કે, એનું કાંમ માત્ર ઉપદેશ કરવાનું તથા શીખામણ આપવાનું છે. કોઈને પોતાનો મહજબ જુલમથી કબુલ કરાવવાને એને અખતીઆર નોહતો. લોકો એના મહજબને માને કે ન માને, તેની ચીંતા એને કાંઈ નોહતી, એ તો ખુદાનું કાંમ છે. "ઓ મહમદ, હમે તને પ્રગટપણાથી કેહેલું છે કે તું ઇબિરાહીમનો મહજબ જે ખરો, ને મુરતી પુજકનો નથી, તેને માનજે. તું ખુદાના રશતામાં માણશોને ડાહપણથી તથા નરમાઈથી બોલાવ, અને તેઓની શાથે ઘણી લાએક રીતે તકરાર કર. કેમકે

તારો ખુદા જે તેના રશતાથી ઉલટા ચાલેછે તેઓને, તથા જે ખરે રશતે ચાલેછે તેઓને પણ, શારીપઠે ઓલખેછે. માટે કોઇ તારી શાંમા થાએ તો તું ધીરજ રાખજે, પણ તારી શબુરી ખુદાએની મદદ શીવાએ કાંમ લાગશે નહીં. અને અવીશવાશીઓને લીધે દલગીર ના થતો. (અ૰ ૧૬.) ધરમમાં જુલમ ન થવા દો." (અ૰ ૨.) મહમદ પોતાના શાગરીદોને જુલમ કરવાની રજા આપતો નોહતો. ધરમના કાંમમાં જે દુખ થતું તે નરમાશથી શેહેવાને મહમદ તેઓને કેહેતો. જારે એને લોકોએ ઘણો શતાએવો, તારે તેને અટકાવવાને બદલે, પોતાની જનમભુમીને છોડવાનું પશંદ કીધું. આવી નરમાશ ૧૨ વર્ષ લગી રહી. એવું માલમ પડેછે કે એ નરમાશ એના હાથમાં શતા નહીં હતી તેને લીધે, તથા એના દુશમનોના જોરને લીધે હતી. મદીનાના માણશોની મદદથી પોતાના દુશમનોની શાંમે થવા લાગો, કે મહમદે એકદમ પોતાનો આગલો ધારો ફેરવો, અને કેહેવા લાગો કે ખુદાએ એને તથા એના શાગરીદોને અવીશવાશીઓની શાંમે હથીઆરથી થવાને રજા આપી. જારે એની ફોજ વધતી ગઈ, તારે એ એવું બાહાનું કરવા લાગો કે ખુદાએ એને પાપીઓને શીખશા કરવાને, અને દુશમનો ઉપર હુમલો કરવાને તથા મુરતી પુજાને મુલથી કાહાડવાને, અને તેના બદલામાં ખરા ધરમને તલવારથી ચલાવવાને, રજા આપી છે. "કાફરોની શાંમા લડાઈ કરવી." (કુરાન અ૰ ૨.) "માટે તમે શેતાનના દોશતો શાંમા લડો, કેમકે શેતાનની તદબીર નબલી છે." (અ૰ ૪.) "ઓ ખરા ઇમાનદારો તમે તમારા દુશમનોની શાંમા ચોકશી રાખો, અને ગમે તો તમે જુદી જુદી ટોલી થઈને લડાઈમાં જાઓ, અથવા શઘલા શામટા જાઓ." (અ૰૪.) અને જે મ-

હીનાઓમાં તમને તેઓ ઉપર હુમલો કરવાને રજા નહીં મલશે તે વીતા પછે જાંહાં તમે મુરતીના પુજનારાઓને દેખો તાંહાં તેઓને મારી નાંખજો, તેઓને કેદ કરજો, અને તેઓને ઘેરજો, અને વગ જોઇને તેઓને પકડવાને શંતાઈ રેહેજો" (અ૦ ૯.) "જારે તમે અવીશવાશીઓની શાંમા થાઓ તારે તમે તેઓના માથા કાપી મોટી કતલ કરો, અને તમે તેઓને બાંધો, અને પછી તેઓને બેડી પેરાવો, અને લડાઈ થઈ રેહે તાંહાં શુધી બંદોબસ્ત કરો, અથવા કાહાડી મુકો." (અ૦ ૪૭.) "ખરેખરૂં ખુદાએ ખરા વીશવાશીઓના આતમા ખરીદ કીધા છે, અને તેઓની મીલકત પણ, ને જે ખુદાને શારૂ લડે તેને બેહેશત મલશે: ઈમાનદારો લડાઈમાં કતલ કરે કે થઈ જાએ તેઓને તૌરત પ્રમાણે, ઇનજીલ પ્રમાણે, તથા કુરાન પ્રમાણે બેહેશત મલશે" (કુરાન અ૦ ૯.) મદીનામાં જે બાબો પ્રગટ થઆ છે તેમાં ઘણાં ખરા આ વહુશ્ટ વિચારો બતાવા છે, તે વાંચ્યા ઉપરથી તારીખ શોધા વગર એવું ઠેરવી શકાએ કે તે બાબ મહમદના શગાંઓ તેની અગાઉ કે પાછલ પ્રગટ કીધા છે. મહમદના શાગરીદો આ બાબમાં કહા પ્રમાણે ચાલા છે, અને મુશલમાન લોકોના લશકરે એવું જાહેર કીધું હતું કે "કુરાન, મોત, નહીંતો ખંણી!" આજશુધી હરેક બીજા ધરમવાલા જે કે મુશલમાન લોકના રાજમાં રેહેછે તેઓને દંડની માફીને શારૂ કર આપવો પડેછે, અને જો તેઓ પવીતર પેગંમબરની શાંમે થતા કે તેના વીશે કાંઈ હલકી વાત કરતા તો મોત અથવા મોટી શતાવણી તેઓ ઉપર આવતી. અવીશવાશીઓની શાથે તકરાર કરવાની પુરી મના નોહતી, તોપણ તેઓ એવું કાંઈ કરવાની રજા નહીં આપતા. પેગંમબરના એક વચન ઉપરથી એ શાફ દેખાએછે. "માટે આ

વાત ઉપર તેઓને તારી શાથે તકરાર કરવા ના દે, પણ તું તેઓને ખુદાની પાશે આવવાને કેહે; કેમકે તું ખરા હુકમ માનેછે. પણ જો તેઓ તારી શાથે તકરાર કરેછે તો ખુદા તે જાણેછે કે તું શું કરેછે: લોકો જે વાતની હમણા નાલશ કરશે તે વાત વિશે ખુદા જે દાહાડે પાછું ઉઠવું થશે તારે ઈનશાફ કરશે." (અ૰ ૨૨.)

પેગંમબરે આજ શુધી પોતાનો મહજબ બનાવવાને જે તદબીરો કરી હતી તેના કરતાં વધારે શરશ હવે કરવાને શકતીમાન થઓ. હવેથી તેણે તલવારના જોરથી પોતાનો મહજબ પથરાવવો શરૂ કીધો, અને એણે એમ કહું કે મને ખુદાએ એવું કરવાને પરવાનગી આપી છે. પેહેલ વેહેલું ખોરેશની શાંમા હુલડ કીધું તેમાં પેગંમબર ફતેહ પાંમો નહીં. જારે મહમદે એના દુશમનોની વણજાર શીરીઆથી મકા જાએછે એવું શાંભલું તારે તેણે પોતાના કાકા હમજાને ત્રીશ ઘોડા શહીત તેને પકડવાને મોકલો. પણ જારે વણજાર પાશે તે લોકો ગઆ તારે તેઓને માલમ પડું કે તેની ૩૦૦ માણશ ચોકશી કરેછે માટે બેહેતર છે કે હુમલો નહીં કરવો, અને છાનામાના મદીનામાં પાછા જવું.

મુશલમાનની તવારીખમાં ઘણી મહશુર લડાઈ બીડર નામની જે આવતે વર્ષ થઈ હતી તેમાં પેગંમબર ફતેહ પાંમો હતો, ને એ ફતેહથી ઉપલી વાતમાં હરી ગઆથી જે શરમ લાગી હતી તે શરમ દુર થઈ. ઘણો માલ ભરેલી વણજાર મકા જતી હતી, તે અબુ-શોફીઅન અને બીજા ૩૦,૪૦ માણશોના હવાલામાં હતી. તેઉપર મહમદની નજર બગડી. પેગંમબરના ખબર આપનારાઓએ તેને કહું કે ઘણા માલવાલી લુટ આપણેથી પકડાઈ શકાએ એવી છે. તે અને તેના થોડાએક શાગીરદો તેની પાછલ તેને ખોલવાને ગઆ, પણ એણે તેઓના ઉપર હાથ કરો

તેની અગાઉ અબુ-શોફીઅને એક પોતાના શગાવાલાને બીજી ફોજ મોકલવાને કેહેવાડું હતું. તેઓનો માલ તથા ખોરાક ખોવાની બુમ શાંભલીને ૯૫૦ માણશો તેની મદતે મોકલા. એમાં શેહેરના મોટા મોટા માણશો હતા. મહમદ વણજાર અને નવી આવતી ફોજની વચમાં તણશે ને તેર શીપાઈઓ શાથે ઉંટ ઉપર બેઠો હતો. એમાના શીતોતેર તો મકાથી નાહાશી આવેલા હતા, ને બાકીના તો મદતે આવા હતા. મહમદની શાથે થોડાં માણશ હતાં તોપણ નાઉમેદ થઆ શીવાએ લડાઈમાં પોતે મરતા શુધી લડવાનું ઠેરવું. પોતના શીપાઈઓને દુશમનનાં વધારે લશકરની શાથે લડવાને શમજાએવા, અને તેઓને અબુ-શોફીઅનનાં માલવાલી વણજારને લુટવાને ના કહી. પેગંમબરે ખુદાની નીમાજ પડીને તેઓને ઉશકેરા અને તેઓને કહું કે આપણે નકી ફતેહ પાંમવાના. પણ એને જો કે નકી હતું કે ખુદાએ એને મદત કરતો તોપણ પોતાની જીત મેલવવાને વાશતે મનુશના ઉપાઓ કરવાને ભુલી ગઓ નહીં. પોતાના શીપાઇઓને ઓથો કરવાને એણે એક નાંહાની શરખી ખાડી કરાવી હતી, અને જાંહાં કે એણે પોતાનો તંબુ તાણો હતો તેની પાશે એક નાલું વેહેતું હતું તેથી કરીને તેના લશકરને પાંણી પુરૂં પડતું હતું. જારે દુશમન પાહાડ ઉપરથી ઉતરતો હતો તારે મહમદે પોતાની તરફનાને કહીને બોલો "ઓ ખુદાએ, જો આ લોકો મરીજશે તો પ્રથવી ઉપર તારી બંદગી કોણ કરશે? મારાં બચાંઓ હીમત રાખો અને તઈઆર થાઓ ને તીરો મારો કેમકે આજનો દાહાડો તમારોજ છે." લડાઈ શરૂ થઈ તેની અગાઉ મુશલમાનના ૩ લડવઈઆ, અલી, અલ હરેથ, અને હમજા, ખોરેશાના ત્રણ જણની શાંમા થઆ. મુશલમાન લોકો ફતેહ પાંમાં, અને આગલથી બંને લશકરને

કહું બીજી લડાઈ કેહેવી થશે. લડાઈ શરૂ થઈ અને પેગંમબરે અને અબુ-બકરે શીહાશન ઉપર ચડીને ખુદાની બંદગી કરી, તેની મદતે જબ્રીએલ અને તેની શાથે ત્રણ હજાર ફીરસ્તા મોકલવાને કહું. પણ જારે એના લશકરે ગલાંતલાં મારતાં દેખાઆં તારે પોતે જાંહાં નીમાજ પડતો હતો તાંહાંથી નીકલીને ઘોડા ઉપર શવાર થઓ, ને હાથમે એક મુઠીભર ધુલ લઇને ઉરાડીને કહું કે "અંધે ધુત થઈ જાઓ!" એવું કહી દુશમનના ઉપર દોડી ગઓ. આવશે કરીને તેના શાગીરદો અજીંત થઆ. ખોરેશી ફોજ એના ભરોશેદાર શીપાઈઓના શપાટાઓને અટકાવી શકી નહીં, ને તેઓની હાર પણ ભાગી શકી નહીં, તેઓ નાહાશી ગઆ, અને તેઓના ૭૦ આદમી સમરાંપટણ ઉપર મોએલા પડેઆ હતા, અને ૭૦ કેદી પકડાએઆ હતા. મુશલમાનોમાંથી માત્ર ૧૪ મુઆ હતા. તેઓના નાંમ સ્વદેશાભીમાનોમાં દાખલ થઆં છે અને હજુ શુધી ચાલાં આવાં છે. ખોરેશી લોકોના મુડદા ઘશડાવીને કુવામાં નાંખી દેવડાવાં. બે ઘણાજ નઠારા કેદીઓને મારી નંખાએવા. બાકીનાઓ પાશેથી ૪૦૦૦ રૂપાના ડરાંમ દંડ લેવા ઠેરવવું; હરી ગઆ તોપણ અબુ-શોફીઅન પાછો મકામાં ઘણીક વણજાર શહીત આવો. કેદીઓને દંડ કરીને જે લુટ મેલવી અને વણજાર મલાથી જે નીપજ્યું, તે મલી એક મોટી રકમ થઈ, અને એની જે લોકો વેંહેંચણ પાંમા તેમાંથી નઠારૂં પરીણામ થઉં; કેમકે પેગંમબરના લશકરમાં બાહારથી મદતે બોલાવેલા આદમી વધારે હતા, તેઓએ વધારે નાણા માગાં. મોહેજરીન અશલથી ઈમાન લાવનારાઓએ શરખો ભાગ લેવાને કહું, અને તેથી કરીને એક ભઆંકર ખટપટ પેદા થઈ. મહમદે એ ગડબડ બંધ કરવાને ખુદાએને ઈઆદ કીધો, તારે તે-

ણે લુટમાંથી પાંચમો હીશો પેગંમબરનેશારૂ તથા કેટલાએક ઘરમાં-
ના કામને શારૂ રાખી, બાકીમાંથી શઘલાને બરોબર વેંહેંચી આ-
પવાનો હુકમ કીધો. "રેહેમવાલા ખુદાએના નામથીઃ તેઓ તને
આ લુટ વીશે પુછશે. જવાબ, આ લુટની વેંહેંચણ ખુદાએના
અને તેના મોકલેલાને હાથ છે, માટે ખુદાએની દેહેશત રાખી
બરોબર ગોઠવણી કર, અને તમે ખરા ઈમાનદારો ખુદાએને અને
તેના મોકલેલાને તાબે થાઓ." "ગમે તાંહાંથી જારે તમને
લુટ મલે.તારે ઈઆદ રાખો કે તે પાંચમો હીશો ખુદા અને તેના
મોકલેલા અને તેના શગાંઓ અને બાપ વગરના છોકરાઓ અને
ગરીબ અને મુશાફરોનો છે." (કુરાન અ૦ ૮.) આ વખતે પેગં-
મબરને ભાગે હજારો રૂપાના ડરાંમો આવા હતા. એમાંથી એણે
"ગરીબોને, બાપ વગરના છોકરાઓને અને મુશાફરને" કેટલા
આપા હતા, તે કોઈ તવારીખ જવાબ દેતી નથી.

બીડરની લડાઈમાં મહમદની ફતેહ એના થોડા ઈમાનદારો-
થી થઈ તે વીશે કુરાનમાં ઘણેએક ઠેકાણે મોટી વડાઈથી લ-
ખેલું છે, અને એના ઈમાનદારો વારેવારે એવું બતાએવા કરેછે કે
પેગંમબરના હકમાં ખુદા પોતે મેહેરબાંન હતો, તેની એ ફતેહ
એક નીશાંણી છે. કુરાનમાં એ પ્રમાણે લખેલું છે, "બે ફોજ
જે શાંમા શાંમા લડતી હતી તેઓમાં જે ચમતકાર તમને
દેખાડેઓ તે તમે જોઓઃ તેમાંની એક ફોજવાલા તો ખુદાના
શાચા મહજબને વાશતે લડતા હતા, પણ બીજી ફોજવાલા કા-
ફર લોક હતા. તેઓએ ઈમાનદારોને પોતાની આંખે પોતાથી
બમણા દીઠા, કેમકે ખુદાની મરજીમાં આવે તારે તે પોતાની મદ-
દથી મજબુત કરેછે."* કાફરલોકોએ મુશલમાનોની ફોજને હતી

* કુરાન અ૦ ૧૨.

તેથી બમણી દીઠી એ શીવાએ બીજા બે ચમતકારો આ વખ્તે થઆ હતા એવું કેહેછે. ૧ લો. જે રેતી મહમદે હવામાં ફેંકી તે ઇશવરની શકતીને લીધે એવી તો જોરથી દુશમનના મોડા ઉપર ગઈ કે તેઓ તુરત પાછા ફરીને નાઠા. કુરાનમાં એ પ્રમાણે લખેલું છે. "જેઓ બીડર આગલ કતલ થઆ તેઓને તમે પોતે કતલ કરેઆ નથી પણ ખુદાએ કતલ કરેઆ છે. તેમજ ઓ મહમદ, જે રેતી તેઓની આંખમાં નાંખી એવું નજર આએવું તેપણ કાંઈ તેં નાંખી નથી પણ ખુદાએ નાંખી છે."* ૨ જો. વલી એવું પણ લખેલું છે કે પેગંમબરની મદતે પેહેલાં એકહજાર અને પછી ત્રણ હજાર ફીરસ્તાઓને મોકલા; તેઓના માંથા ઉપર શફેદ અને પીલી એકલાઈઓ હતી, અને તે એકલાઈના છેડા તે ફીરસ્તાઓના ખભા ઉપર ઝુલતા આવા હતા. અને મહમદના માણશો બાહાદુરીથી લડેઆ તથા ન શમજા તાંહાં શુધી ઝીતની શાબાશી પોતેજ લીધી, તોપણ ખરેખરૂં જોઈએ તો જેઓ કાલા અને શફેદ ઘોડાઓ ઉપર શવાર થએલા હતા અને જેઓને માંથે જબ્રીએલ પોતાના હીઆઝમ નામના ઘોડા ઉપર હતો તે આશમાનથી ઉતરેલા મદદ કરનારાઓએ એટલે ફીરસ્તાઓએ શઘલો શંગરામ કીધો. એ બાબત આ પ્રમાણે લખેલું છે. "જારે તમારાં માણશ દુશમનના માણશથી ઓછા હતાં તારે ખુદાએ તમને બીડરમાં ઝીત આપી છે; તેટલા શારૂ ખુદાથી બીહો અને શુકરાના કરો. જારે તું ઈમાનદારોને કેહેછે, એટલું તમે શું બશ નથી ગણતા કે ખુદા તમને આશમાન પરથી ત્રણ હજાર ફીરસ્તાઓને મોકલીને મદદ કરે.

* અ૦ ૮.

ખરેખાત, જો તમે આગ્રહ કરશો અને ખુદાથી બીહીશો તો તમારા દુશમનો તમારી ઉપર એકાએક આવી પડશે તારે ખુદા પાંચ હજાર ફીરસ્તાઓ શારા ઘોડા ઉપર તથા પોશાક શાથે તમને મદદ કરવા શારૂ મોકલશે." *

આ વાત બની તારપછી થોડી મુદતમાં એક યેહુદી અલ-અશરાફના છોકરા નામે કાબને મારી નાંખો તેથી પેગંમબરની વેર લેવાની આદત પ્રગટ થઈ. આ માણશ (કાબ) ને કવીતો બનાવવાની મોટી બુધી હતી. અને તે મહમદની શાંમો હતો વાશતે બીડરની લડાઈ થઆપછી મકા શેહેરમાં ગઓ અને ખોરેશી લોકોને ઉશકેરીને મહમદ પર વેર લેવાડવું એવા વીચારથી ગજલો બનાવી, તેમાં જે લોકો આ જુઠા પેગંમબર તથા તેના લુટારાઓની જુંડની શાથે બાહાદુરીથી લડવામાં નાશ પાંમા તેઓને શારૂ મનને લાગે એવું રૂદન કરૂં. પછી તે મદીના શેહેરમાં ગઓ અને તે શેહેરમાં ઉભા રહીને હીમતથી પોતાની ગજલો ગાવા માંડી. એ શાહેર આવી રીતે શીક્ષાની બીહીક વીના હીમત રાખીને કામ કરતો હતો તે જોઇને મહમદને ઘણોજ ઘુશો લાગો અને મોટેથી એમ બોલો કે "અલ-અશરાફના છોકરાથી મને કોણ છોડાવશે?" તે વેલાએ એ પેગંમબરનો નામ રાશી મોશાલમાનો છોકરો કોઈ મહમદ કરીને હતો તેણે જવાબ દીધો, "ઓ ખુદાના પેગંમબર હું તને તેનાથી છોડવીશ." પછી થોડી મુદતમાં કાબ પેગંમબરના એક ઈમાન લાવનારને જમાડતો હતો તેટલામાં તેને કોઇએ મારી નાંખો.

પુરવ તરફના દેશોના જુદા જુદા ધરમવાલા લોકોમાં એવો

---

* કુરાન અ૦ ૩ જો.

ધારો હતો કે જારે નીમાજ ભણે તારે એક મુકરર કરેલી દીશા તરફ બેશીને નીમાજ ભણે. ઇહુદી લોકો ઇરૂશાલેમ તરફ ફરીને નીમાજ ભણતા; અરબ લોકો મકા તરફ ફરીને; શેબીઅન લોકો ધ્રુવના તારા તરફ ફરીને; અને ઇશાની લોકો પુરવ તરફ ફરીને નીમાજ ભણતા. મહમદ જારે પેહેલવેલો મદીના શેહેરમાં આએવો તારે પવીતર અને પેગંમબરોનું શેહેર જે ઇરૂશાલેમ તે તરફ ફરીને નીમાજ ભણવી એવો હુકમ પોતાના પંથીઓને ફરમાએવો. પણ ૬, ૭ મહીના થઓપછી તેણે પોતાનો કાએદો ફેરવેઓ, અને તારપછી શઉએ મકા તરફ ફરીને નીમાજ ભણવી એવો હુકમ કરેઓ. તેપ્રમાણે હજી શુધી ચાલેછે.

ઇરૂશાલેમને બંદગી કરવાનું કેબલા પ્રથમ ઠેરવીઉં હતું તે ઉપરથી માલુમ પડેછે કે મહમદ ઇહુદી લોકોની તરફ હતો, પણ જારે તેને માલુમ પડું કે તે લોકો તો પોતાના ધરમને ઘણા ચુશત થઈને વલગેલા છે, અને હું જે તેઓના વખાણ વગેરે કરૂંછઉં તેથી તેઓ કાંઈ મુશલમાની ધરમમાં આવતા નથી, તારે તેના વીચાર શઘલા ફરી ગઆ. પછી તે તેઓનો કડતો દુશમન થઓ, અને મરતા શુધી તેવોજ દુશમન રહો. મદીના શેહેરમાં કાએનોકા નામની જાતના ઇહુદી લોકો રેહેતા હતા, તેઓને બીજા શેહેરના લોકોની માફક શઘલા હકો મલતા હતા. શેહેરમાં કાંઈ એક હુલડ થઉં તે જોઇને મહમદે તે લોકોને બોલાવા અને કહું કે મારો ધરમ કબુલ કરો નહીં તો મારી શાથે લડાઈ કરો. ધ્રુજતા ધ્રુજતા બીચારા ઇહુદી લોકોએ કહું "અરેરે, હમે લડાઈની વાતથી તો કેવલ અજાંણા છઈએ; તોપણ હમે હમારા બાપદાદઓના ધરમમાં ચુશત છઈએ, હમને વાજબી બચાવને શારૂ લડવાની શું કરવા જરૂર પાડોછો!" પછી એક લડાઈ થઈ. તે પં-

દર દાહાડા શુધી ચાલી, તેમાં આખરે ઇહુદી લોકો હરેઆ. મહમદ શઘલાઓને કતલ કરવાને તઇઆર થઓ હતો, પણ પોતાના શોબતીઓએ એમ ન કરવાની અરજ કીધી. તારે તેણે તે બંધીવાનોના જીવ બચાવેઆ. તેઓની દોલત જપત કરી, તેઓના લડવાના હથીઆર મુશલમાનોને વેંહેંચી આએપાં, અને તે ૭૦૦ માણશોને બઇરાં છોકરાં શાથે દેશ નીકાલ કીધા. થોડાંએક વર્ષ પછી પ્રજાઓની લડાઇ થતી હતી તેમાં મહમદની શાંમાવાલા ખોરેશી લોકોની તરફ કોરાએધા નામની એક ઇહુદી જાતના લોકો થઇ ગઆ, તેથી તેઓની શાથે મહમદને મોટી દુશમનાઇ થઇ. તેઓ પચીશ દાહાડા શાંમા રહા, પછી મહમદને તાબે થવું પડું. તેઓએ મદીના શેહેરવાલા પોતાના જુના શોબતીઓના વચે પડવા ઉપર ભરોશો રાખેઓ, અને એક બુજોરગ માણશ કરે તે કબુલ એવું ઠેરવું; પણ તે માણશે તેઓને મારી નાંખવાનો હુકમ કરેઓ. શાતશેં ઇહુદીઓને શેહેરના બજારમાં બેડીઓ શાથે ઘશડી લઇ ગઆ. અને તેઓને શારૂ કબરો તેઆર કરી મુકી હતી તેમાં તેઓને જીવતાના જીવતા ઉતારેઆ. તે વેલાએ પોતાની મેલે જે પોતાને ઇશવરનો મોકલેલો કેહેતો હતો તે (મહમદ) આવું દુશટ કરમ થતું હતું તાંહાં પાશે ઉભો રહીને જોતો હતો. બઇરાં છોકરાંઓને બંધીવાન રાખેખાં; શાંમાવાલાનાં ઘર તથા જમીન મદીના શેહેરમાં જે મહમદની જોડે નાહાશી આવેલા હતા તેઓને આપી દીધાં, અને શાંમાવાલાનાં લડવાના હથીઆરો જીતનારા શવારોને આએપાં. તે બંધીવાનોમાની શહુથી ખુબશુરત રીહાના કરીને અશતરી હતી તેને ઘણી મુશીબતથી પોતે શમજાવીને પોતાનો ધરમ કબુલ કરાએવો, અને તેને પોતા શારૂ રાખી. તે આની અગાઉ અબુ-બકર-

ની છોકરી આશામા, તથા ગામાની છોકરી શાદાની શાથે પરણેઓ હતો.

અબુ-શોફીઅન જેના માણશો બીડર આગલ વણજાર બચાવતાં હારેઆ હતા તેણે એવો ઠરાવ કીધો કે હવે બીજી વાર શીરીઆ દેશમાં જતી વેલાએ ચકરાઓ ખાઇને ઈરાક પ્રાંતની પુરવ દીશા તરફ થઇને જવું. તેની જોડે વેપારીઓ હતા, તેઓ પાશે ઘણી દોલત હતી. મહમદે જીદને પાંચશેં ઘોડેશવાર લઇને રશતામાં તેઓની વચે જઈ પડવાને મોકલેઓ. તે વણજારને લુટીને લુટ લઈને પાછો મદીના શેહેરમાં આએવો. તે લુટનો પાંચમો ભાગ મહમદે પોતે લીધો, અને બાકીના ભાગ લુટારાઓને વેંહેંચી આએપા.

પછી બીજે વર્ષે ત્રણ હજાર માણશનું લશકર ખોરેશી લોકોએ મોકલું. તેમાં બશેં ઘોડેશવાર હતા અને શાતશેં માણશ બખતર શાથે હતા. તેઓની ઉપર અબુ-શોફીઅન પોતાની બઈરી હેનડા શાથે હતો. મદીના શેહેરથી આશરે છ માઇલને અંતરે ધુચોલીફા નામનું ગામ છે તાંહાં તેઓએ છાવણી કીધી. મદીના શેહેરની ઉત્તર તરફ ચાર માઇલને અંતરે એક ઓહદ નામનો પાહાડ છે તે પાહાડની બાજુ પર એક ગામ છે તે ગામમાં મહમદ રહો. અને પચાશ બાહાદુરમાં બાહાદુર માણશો તીર કામઠાંવાલા પાછલ ઉભા રાખા, અને તેઓને એવો હુકુમ કીધો કે ફરમાએવા શીવાએ પોત પોતાની જગો છોડવી નહીં. દુશમનનાં લશકરની જમણી બાજુના આદમીઓ ઉપર ખાલેદ હતો, ડાબી તરફવાલા ઉપર અકરેમા હતો, વચેના માણશો ઉપર અબુ-શોફીઅન હતો; અને બાકીના ઉપલક માણશો ઉપર હેનડા તથા બીજી પંદર બઇરીઓ હતી. તેઓ શવારોને ઉશકેરવા-

શારૂ નગારૂં વગાડીને ખીડર આગલ જે પોતાના દેશીઓ મારે-આ ગઆ હતા તેઓનો શોક કરતી હતી અને બુમ પાડીને વખતે વખતે એમ બોલતી હતી કે, "હીમત રાખો! ઓ અબદુલ દુરના છોકરાઓ, હીમત રાખો!" પેહેલવેલો ધશાવડો મહમદે કીધો; તેના માણશોએ બોરેશી લોકોના લશકરના વચલા ભાગ ઉપર ધશીને તેઓને નહશાડેઆ; તેઓનો મુખી વાવટો પકડનાર કતલ થઈ ગઓ, અને તેઓ ઘણા ઘભરાઈને નાહાઠા. પણ તીર કામઠાંવાલા લુટવાને આતુર થઈ રેહેલા તેઓએ પોતાનો ઠામ છોડેઓ; એટલે ખાલેદે પોતાના શવારો લઇને પાછલથી આવીને મોટી બુમ પાડી કે, "મહમદ કતલ થઈ ગઓ," તેથી મુશલમાન લોકોને નાહાશવું પડું. મહમદે તેઓની વ્યવસ્થા કરવાને મેહેનત કીધી, પણ કાંઈ વલું નહીં. તે પોતાનો જીવ ખોતો ખોતો બચેઓ. તેનો કાકો હમજા તથા તેનો વાવટો પકડનાર મોશીઆબ એ બે મારેઆ ગઆ; અને અબુ-બકર તથા ઓમર તથા ઓથમાન એ ત્રણેને જખમ લાગેઆ. એ જખમ ખાધેલા લડવઈઆઓ એવી હુશીઆરીથી પાછા નાહાઠા કે અબુ-શોફીઅન ઝીતો તેથી તેને કાંઈ ફાએદો થઓ નહીં, પણ મહમદે તેને એવું કહું કે હું તને આવતે વર્ષે ખીડર આગલ પાછો જોઈશ. હારી ગઆ તેથી મહમદના માણશો ઘણા ગુશે થઆ. કેટલાએકે મહમદના ઉપર ખોટા પેગંમબરની બદલામી મુકી. અને બીજા કેટલાએકના દોસ્તો મારેઆ ગઆ હતા તેઓ ઘણા ગુશામાં આએવા. એ શઘલાઓને ધીમા પાડવા શારૂ મહમદે એવું કહું કે કેટલાએક લોકો લડાઈમાં હતા તેઓને લીધે આપણે હારેઆ છૈએ, અને લડાઈમાં જે લોકો મુઆ તેઓ કાંઈ મરા વગર રેહેત નહીં, કેમકે પરમેશ્વરે એમ આગ-

લથી ઠેરવી મુકીઉં હતું, અને જેઓ ખરા ઈમાનને બચાવનાર થઈને મુઆ છે તેઓને તો આશીરવાદ પાંમેલાઓ જાંહાં રેહેછે તાંહાં લઈ ગઆ છે. આ વેલાએ કુરાનમાં જે નીચેનું વચન છે તે લખેલું છે એમ જણાએછે. "જેઓએ પોતાનો દેશ મુકીઆ છે, જેઓને પોતાના ઘરમાંથી કાહાડી મુકીઆ છે, અને જેઓએ મારે શારૂ દુખ શહુ છે, તથા લડાઈમાં કતલ થઈ ગઆ છે, તેઓનાં માઠા કામોનો ખરેખાત હું જવાબ દઈશ, અને જે વાડીઓમાં નદીઓ પાંણી શીંચેછે, એવી વાડીઓમાં હું તેઓને લાવીશ, અને ખુદા પાશેથી એ વાડીમાં આવવાની બખશીશ ખુદાની શઉથી નેક બખશીશ અપાવીશ. હમણા દેશમાંના કાફર લોકોની આબાદી થવાથી તમે છેતરાઓ નહીં; એ તો ફકત થોડા દીવશાનું આપેલું છે; તારપછી તેઓ નરકમાં જશે; તે ઘણી દુખવાલી જગા છે. પણ જેઓ પોતાના પ્રભુથી બીહેછે તેઓને નદીઓ જેમાંથી વેહેછે એવી વાડીઓ મલશે; અને તાંહાં તેઓ શદા રેહેશે, એ ખુદાની બખશીશ છે. કેમકે જે ખુદાની પાશે છે તે ધરમી માણશના હકમાં દુનીઆદારીની ટુંકી આબાદીના કરતાં ઠીક છે. ઓ શાચા ઈમાનદારો! ધીરજવાલા થાઓ, ધીરજમાં બીજાઓથી શરશ થાઓ, સ્થીર મનવાલા થાઓ, ખુદાથી ડરો, કે તેથી તમે શુખી થાઓ."

આ વખત હારી ગઓ તેના દુખમાં શમાધાન થવા શારૂ મહમદે એક બીજી બઈરી કરી. તેનું નામ હેનદ હતું, તે એક ઓમેઆ નામના મોટા માણશની છોકરી હતી. વીધવા હતી, અને આબીશીનીઆ દેશમાં નાહાશી ગએલા લોકો રેહેતા હતા તેઓમાં તે પોતાના ધણી શાથે રેહેતી હતી. તે આ વેલાએ અઠાવીશ વર્ષની ઉમરની હતી, અને તેને શાલમા નામનો એક

છોકરો હતો, તેઉપરથી તેને આમ-શાલમા એટલે શાલમાની મા કરીને કેહેતા હતા. ખુબશુરતીને વાશતે મશહુર હતી, તેથી અ-બુ-બકરે તથા ઓમરે તેની જોડે નોતરૂં કરવાનો વીચાર કીધો હતો, પણ તે વીચાર પાર પડેઓ નહીં. મહમદને પણ પેહેલાં એ કામમાં મુશકેલી પડી. તે બઈરીએ કહું "અરે! આ ખુદાનો પેગંમબર મારી પાશેથી શું શુખની આશા રાખેછે? હવે હું કાંઈ જુવાન નથી; મને છોકરો છે, અને વલી મને અદેખો શવભાવ છે." મહમદે તેનો જવાબ એ રીતે વાલેઓ "તારી ઉમરનું કેહે-છે, તો તું મારા કરતાં તો ઘણી જુવાન છે; તારા છોકરાનું કેહે-છે, તો હું તેના બાપની માફક તેની બરદાશ કરીશ, અને તારા અદેખા શવભાવને વાશતે તો હું અલ્લાની બંદગી કરીશ કે તે તારા દીલમાંથી એવો શવભાવ કાહાડી નાંખે."

આશેડી જાતના લુટારાઓને હીજરીના ચોથા શાલમાં જેર કીધા એવું મુશલમાની તવારીખોમાં લખેલું છે. તે લુટારાઓ મદીનાના રાજ ઉપર હુમલા કરવાનો ડર દેતા હતા. મહમદે પોતાના માણશોમાંનાં પચાશ માણશોને તેઓના દેશમાં મોકલે-આ, અને તેઓને બંધ કરેઆ. એ માણશોને એટલી તો લુટ મલી કે એક એકને ભાગે ગેટાંનાં મોટાં મોટાં ટોલાં આએવાં, અને તે શીવાએ શાત શાત ઉંટો પણ આએવાં. બુલ માહદરત નામના શખશને મહમદે ઠેરવેઓ, તેણે શોફીઅન-ખાલેદને મારી નાંખેખો. અને એ કામ કીધાને વાશતે મહમદે તેને ઇનામ-માં પોતે જે નેતરની લાકડી હાથમાં રાખતો હતો તે આપી. આ નેતરની લાકડીને બુલ માહદરત એટલી તો માનતો હતો કે તે લાકડીને તે કદી છુટી મુકતો નહીં; અને પોતે મુઓ તારે પોતા-ની શાથે પોતાની કબરમાં તે દટાવી. અરબ લોકો એ વેલાએ

એવા વેહેમી હતા. મહમદને માણશોને વશ કરી લેવા એ કામ એવું શેહેલ પડતું. એક ખુની બીજા ખુનીને ખુન કીધા શારૂ ઇનામમાં એક લાકડી આપતો હતો! એક બીજું ખુન કરવાની મેહેનત કરી, પણ તેમાં તો કાંઈ વલીઉં નહીં. મહમદે મદીના શેહેરમાંથી અમરૂ તથા એક બીજા માણશને મકા શેહેરમાં અબુ-શોફીઅન નામના માણશને મારી નાંખવા શારૂ મોકલેઆ હતા; પણ તેઓનો ઇરાદો લોકોમાં જાહેર પડી ગઓ તેથી તેઓને નાહાશી જવું પડું.

એધલ તથા અલ-કાઓન, એ શેહેરોના લોકોએ કેટલાએક માણશોને મદીના શેહેરમાં મહમદ પારો મોકલા. તે માણશોએ આવીને તેને એવી અરજ કરી કે હમારે વાશતે ઉપદેશકો મોકલો કે તેઓ આવીને તમારા ધરમનો હમને ઉપદેશ કરે. એ ઉપરથી મહમદે છ ઉપદેશકો મોકલા. તેઓ અલ-રાજી નામના કુંડ આગલ આએવા એટલે પેલા અરજ કરવા આએવા હતા તે માણશોએ તેઓના ઉપર હુમલો કીધો. તેમાંથી ત્રણ માણશોને મારી નાંખા, અને બીજા ત્રણને કેદી કરી લીધા. તેઓમાંથી એક જણે નાહાશવાનું કીધું તેને પછી મારી નાંખો. બીજા બેને ખોરેશી લોકોને ગુલામ દાખલ વેચાતા આએપા. તે લોકો મકામાં પાછા આએવા તારે તેઓએ તે બંને જણને મારી નાંખા. નેદજેદ નામના એક પાહાડી પ્રાંતમાં ઘણાએક જંગલી ભટકતા લોકો રેહેતા હતા તાંહાં શીતેર બીજા ઉપદેશકો મહમદે મોકલા, તેઓનો પણ એવોજ હાલ થઓ. જે રાજાની પારો તેઓને મોકલા હતા તે રાજાએ અગણોતેરને તલવારે કાપી નાંખા, અને ફકત એક બચો.

એજ શાલમાં મહમદે કહું કે મને ખુદાથી હુકમ મલું છે

તેમાં જુઅે રમવાની તથા દારૂ પીવાની મારા શાગીરદોને મના કરેલી છે. આ પ્રમાણે મના કરવાનો ખરેખરો શબબ નીચે મુજબ છે. એક દાહાડે બપોરે મહમદ કોઈ દોશતદારને ઘેર ગઅો. તાંહાં બીજા દોશતો બેઠા હતા, અને શાદીના ખુશી ભરેલાં કામો કરતા હતા; પણ તેજ ઘરમાં તે બીજે દાહાડે ગઅો તારે જમીન ઉપર લોહી પડેલું છે તથા માણશોના શરીરનાં જુદા જુદા ભાગો જમીન ઉપર પડેલા છે એવું તેના જોઆમાં આએવું. પછી તેને એવી ખબર પડી કે જે લોકો આ જગા ઉપર આએવા હતા તેઓનો દારૂથી આ હાલ થઅો છે; તેઓ દારૂ પીઇને મશત થઆ હતા અને તેવામાં આ કતલનું કાંમ કીધું છે. મહમદે આ પ્રમાણે મના કીધી તેથી કેટલાએક માણશો તેના શાગીરદ થવાથી દુર રહા; પણ દારૂ આપણી તનદોરશતીને તથા નીતીને નુકસાન કરેછે એવું શમજીને જે લોકો દારૂથી પરહેજગારી પાલતા હતા તેઓ તેજ શબબને લીધે તેના શાગીરદ થઆ.

અબુ-શોફીઅન શાથે જે કરાર બીડર આગલ મલવાનો કીધો હતો તે મહમદ વીશરી ગઅો નહીં. તે જગા પર મહમદ લશકર શાહીત ગઅો, અને તાંહાં આઠ દીવશ શુધી રહો. અબુ-શોફીઅન તેને મલવાને વાશતે નીકલો હતો, પણ અશુ અલ-તરીક કે મખ્ખા એ બેમાંથી એકુ જગા ઉપર આએવો, એટલે તેની હીમત ભાગી ગઇ અને તે પાછો ઘેર ગઅો. અબુ-શોફીઅન હીમત ખોઇને પાછો ગઅો એનો શબબ મહમદ એવો બતાવેછે કે તે પરમેશવરથી ઘણો ભએ પાંમો તેથી તે પાછો ગઅો.

શીરીઆ પ્રાંતના છેડાપર દોમત અલ-જંદાલ નામે જંગલી અરબ લોકોનું એક શેહેર હતું. તે અરબ લોકો પાશેના પરગણામાં જઈને ઘણું નુકશાન કરતા હતા અને મુશાફર લોકો મારગમાં

આવે તેઓને લુટતા હતા. એ લુટારાઓની શાંમા એક હજાર માણશ લઈને મહમદ ગઓ. મહમદને દેખીને તેઓ શેહેર છોડીને જતા રહા, અને મહમદ ઘણી લુટ લઇને પાછો આએવો.

મહમદે આગલ જે દુશમનોને નુકશાન કીધું હતું તે દુશમનો આજ વર્ષમાં મહમદની શાંમા એકઠા થઆ. મકાના ખોરેશી લોકો, નેદજદના ગતફાન જાતના લોકો, અને નાદર તથા કોરેધાના ઇહુદી લોકો, એઓએ બાર હજાર માણશની ફોજ વતી મદીના શેહેરને ઘેરો ઘાલેઓ. તેઓના આએવા પેહેલા મહમદે શેહેરની આશપાશ એક ઉંડી ખાડી ખોદાવી મુકી હતી અને શેહેરના બચાવને શારૂ ત્રણ હજાર માણશો એકઠા કીધાં હતાં. ગતફાની લોકો પુરવ તરફના ઉંચા ભાગ ઉપર ઉભા હતા, અને ખોરેશી લોકો પશચીમ તરફના નીચા ભાગ ઉપર ઉભા રહા હતા, અને શેહેરને બચાવવા શારૂ જે માણશો ઉભેલાં તેઓની શાંમા તેઓ તીર ગોફણેવતી પથરાઓ મારતા હતા. તે વેલાએ કંઈ તોફાન થઉં તેથી તેઓના તંબુ ઉંધા વલી ગઆ. આ વખત પર ઘણાએક ચમતકારો થઆ હતા, એમ મુશલમાની કીતાબોના લખનારાઓ લખેછે. એમ શાફ માલુમ પડેછે કે ઘેરો ઘાલનારા લોકોમાં ફુટ પાડવાના ઉપાએ મહમદ પારો નહીં હતા એમ નહીં. ઘેરો ઘાલનારાઓમાંના અમરૂ નામના એક મોટા ઘોડે શવારે આવીને મુશલમાનોમાંના શઉથી જોરાવર આદમીની જોડે એખલમ એખલા લડવાનું કહું. અલી તેનો ભતરીજો હતો તેણે પોતાના કાકાની શાથે લડવાનું કબુલ કીધું. તે વેલાએ અમરૂએ આ પ્રમાણે કહુંઃ "અરે ભતરીજા તને મારી નાંખવામાં મને હમણાં કેહેવી ખુશી છે." તે વેલાએ અલીએ જવાબ દીધોઃ "અરે કાકા એમ નહીં; તમને મારી

નાંખવામાં મને તમારા કરતાં વધારે ખુશી છે!" એવી બોલ-ચાલ થયાપછી તે બંને ઘોડા ઉપરથી ઉતરા. તેઓએ લડવામાં ધુલ ઉરાડી તેથી તેઓને લોકો જોઈ શકા નહીં. તેઓની તલવારના અવાજ ફકત શંભલાઆ. જારે ધુલ ઉડતી બંધ થઈ તારે અલી પોતાના કાકાની છાતી ઉપર ઘુટણ દઈને બેઠો હતો, અને તેનો ગલો કાપતો હતો એવું લોકોએ દીઠું. પછી તેમજ અલીએ બીજા એક દુશમનને કતલ કીધો, અને એક ત્રીજાને નહશાડી મુકો. થાકી ગયા, બે હીમત થયા, તથા માહોમાહે ફાટફુટ થઈ, તેથી પેહેલવેલાં ખોરેશી લોકોએ, અને પછી ગતફાની લોકોએ છુટા પડીને ઘેરો છોડી દીધો, અને મકા તરફ પાછા વલા. જારે મહમદે તેઓના પાછા વલાની ખબર શાંભલી તારે તેણે એ પ્રમાણે કહું કે "પુરવ તરફના પવનથી મને ફતેહ મલી છે."

આ વેલાએ કોરેધાના ઈહુદી લોકોપર શું વેર લીધું તે આગલ લખી ચુકા છઈએ.

આ લડાઈને મુશલમાની કીતાબોના લખનારાઓએ ખાડીની લડાઈ, અથવા પજાઓની લડાઈ એવું નામ આપેપું છે. કુરાનના તેત્રીશમાં અધ્યામાં એ લડાઈનો જીકર કરેલો છે: "ઓ! શાચા ઈમાનદારો! જારે કાફર લોકોની ફોજ તમારી ઉપર આવી અને આપણે તેઓની શાંમા એક પવન મોકલો તથા ફીરસ્તાઓનું એક ટોલું મોકલું જે તમે દીઠું નહીં, પણ તમે કીધું તે પરમેશાવરે દીઠું, તે વેલાએ પરમેશાવરે તમારી ઉપર મેહેરબાની કરી છે તે ઈઆદ રાખો. જારે તેઓ તમારી ઉપર ઉપરથી આએવા અને તમે જોઈને ગભરાઈ ગયા અને બીહીકથી તમારાં દીલ ગલાં શુધી આએવાં અને તમે પરમેશાવર શંબંધી તરેહ તરેહના વીચારો કીધા * * * * જે માણશ

પરમેશવરમાં તથા છેલા દાહાડામાં એટલે ઇનિશાફના દાહાડાની આશા રાખેછે તથા વારે વારે પરમેશવરને ઇઆદ કરેછે એવાનો તમને પરમેશવરના મોકલેલામાં શારો નમુનો છે. પરમેશવરે કાફર લોકોને તેઓના રોશમાંના રોશમાં હાંકી કાહાડા: તેઓને કાંઈ ફાએદો મલો નહીં, અને લડાઇની વખતે ઇમાનદારોને પરમેશવર પુરતો બચાવનાર હતો, કેમકે પરમેશવર મજબુત અને જોરાવર છે."

મહમદનો બીજો ચેલો ઝીદ હતો એવું આગલ લખેલું છે. તેણે નવો ધરમ કબુલ કીધો માટે તેના શેઠે એટલે મહમદે તેને ગુલામગીરીમાંથી છુટો કીધો. તે બાલક હતો તારે એક ભટકતા અરબના ટોલાએ તેને પકડો હતો અને તેઓની પાશેથી મહમદે અથવા કાદીજાએ તેને વેચાતો લીધો હતો. કેટલાએક વર્ષ પછી તેના બાપને ખબર પડી કે તે મકા શેહેરમાં છે તારે તે શેહેરમધે ગઓ, અને તેના છુટકાને શારૂ ઘણા પઇશા આપવા માંડા. પણ ઝીદે એવું કહું કે હું મારા ધણીને છોડીશ નહીં. તારે મહમદે તેને કાબા નામના કાલા પથર આગલ લઇજઇને પ્રશીધ રીતે પોતાનો છોકરો તથા વારશ કીધો. આ રીતે દતપુત્ર કરવામાં તેનો બાપ રાજી હતો, અને તે વખતથી ઝીદ તે મહમદનો છોકરો એમ ઓલખાએલો છે. નવો ધરમ પ્રગટ કીધા પછી મહમદે પોતાની ઝીનાબ ઇઆ ઝીનોબીઆ નામની પીતરાઈ બેહનની જોડે તેને પરણાએવો, તેની શાથે ઘણા વરશ ઝીદે શુખમાં કાહાડાં.

જે વર્ષની વાત હાલમાં લખાએછે તે વર્ષમાં મહમદ ઝીદની બઇરી પર આશક થઓ, અને તેની જોડે શાદી કરી. તે શાદીની શુરામખતીમાં એક જીઆફત આપી; તે જીઆફતમાં

અરબસ્થાનમાં જે જે મોજ શોકની ચીજો પેદા થાએ તે શઘલી હાજર હતી, અને મરદ તથા બઈરાં, એ બંને જાતીના લોકો મીજલશમાં આએવાં હતાં. આ શાદીથી તેના કેટલાએક શાગીરદો નારાજી થયા. તેઓની નજરમાં એ વાત દીકરાની વહુ જોડે શાદી કીધા બરોબર આવી. આ હરકતોને રદ કરવા શારૂ મહમદે નાલાએકીથી કુરાનના તેત્રીશમા અધ્યામાં નીચે લખેલું વચન દાખલ કીધું.

"જારે પરમેશવરે તથા પેગંમબરે એક વાત એક રીતે થવી ઠેરવી છે તારે કોઈ શાચા ઈમાનદારોને લાજમ નથી કે તે વાત બીજી રીતે ઠેરવે: અને જે માણશ પરમેશવરના તથા તેના પેગંમબરના હુકમ પ્રમાણે નથી ચાલતો તે પ્રશીધ ભુલ કરેછે. અને ઈઆદ કર જેના ઉપર પરમેશવર મેહેરબાન છે અને તે પણ મેહેરબાની કરી છે તેને તે કહ્યું. 'તારી બઈરી તું પોતે રાખ, અને પરમેશવરથી બીહી,'. અને જે વાત પરમેશવરે પ્રશીધ કરવી ધારી હતી તે તેં તારા મનમાં છુપાવી અને માણશોથી બીહીધો, પણ પરમેશવરથી બીહવું તને લાજમ હતું. જારે ઝીદે વિચાર કરીને પોતાની ધણીઆણીને છેડો ફાડી આપવાનો ઠરાવ કીધો હતો તારે હમે તેને તારી જોડે પરણાવી, નહીં તો દતક કરી લીધેલા છોકરાઓની ધણીઆણીઓ જોડે નાતરૂં કરાનું તોહમત શાચા ઈમાનદારો ઉપર આવે, જારે તેઓએ તેઓની વાતનો ઠરાવ કીધો છે, અને પરમેશવરનો હુકમ અમલમાં લાવવો જોઈએ." તેજ અધ્યામાં એવું લખેલું છે કે મહમદને જેટલી મરજીમાં આવે તેટલી બઈરીઓ પરણવાનો હક છે, એવો હક કોઈ બીજાને નથી. વીભીચાર, ઢોંગ, ઠગપણું, અને ઈશ્વરનો ધીકાર, એ શઘલા

ગુનાહ આ કામમાં મલેલા છે, પણ એમાં શઉથી નઠારો કહો છે તે કહી શકાતું નથી.

હમારો ધરમ ઇશિવરથી મલેલો છે એવું બાહાનું કાહાડીને તે બાહાનાની જોડે આવી જાતનાં ગુનાહો દેખાડવાથી દીલને કંટાલો આવેછે. મુશલમાની ધરમ અને બીજા શઘલા જુઠા ધરમોમાં એ ઉપરથી શરખાપણું માલુમ પડેછે, કેમકે જે નઠારી વાશનાઓને બંધ કરવાનો અભીપરાએ શાચા ધરમનો છે તેમાં તે શઘલા ધરમો છુટ આપેછે.

બીજા વર્ષમાં ઘણીએક જાતના અરબ લોકો પર હુમલાઓ કીધા, તેમાં જુદી જુદી તરેહની લખવા જેવી વાતો બની નથી; તોપણ તે ઉપરથી માલુમ પડેછે કે તે વખતમાં મહમદ કેવી રીતે રહો અને પછીના શાલોમાં જે જીતો મેલવી તે મેલવવાને શારૂ મહમદે પોતાના શાગીરદોને શી રીતે તઈઆર કીધા. જીદે શીતેર શાગીરદોની મદદથી એક વણજાર લુટી. કાનશાટેનટીનોપલના હીરાકલીઅશ નામના પાદશાએ પોતાની રઈએતની શાથે વેપાર કરવાની મહમદને રજા આપી. જે શખ્શની મારફતે આ રજા મલી તે શખ્શને મદીના શેહેર તરફ પાછો ફરતાં રશતા ઉપર હીશમાની પાહાડની ગલીમાં અલ-હોરેદ એ નામના શખ્શે લુટો. પણ તે લુટારાને તથા તેના છોકરાને તથા તેનાં ઘણાએક માણશોને જીદે પાંચશેં મુશલમાનોને શાથે લઇને તેઓની મદદથી મારી નાંખ્યાં. ઓરેશીના આઠ જણે મદીનામાં આવીને મહમદનો ધરમ કબુલ કીધો. તેઓ માંદા હતા તે તેના કહા પ્રમાણે કરવાથી શાજા થઆ, પણ તેઓએ તેના રખેવાલોને મારી નાંખ્યા તથા તેના ઉંટો ચોરી ગયા તેથી તેઓને મદીના શેહેરમાં લાવીને લાલ ધગધ-

ગતા લોહોડાના ગજીઆથી તેઓની આંખો ફોડી નાંખી તથા તેઓના હાથ પગ કાપી નાંખેખા તથા તેઓને મરણથંભ પર ચઢાવીને ઘણું દુખ દઇને મારી નાંખેખા.

આ વખતે કેટલાએક ખ્રિસ્ટી અરબોને મુશલમાન કીધા એવું એક તવારીખનો લખનાર લખેછે. અબદુલ કાહમનની દલીલો જોઈને દોમત્ અલ્-જંદાલના રાજાનું મન પીગલું, અને તેને જોઈને તેની ઘણીએક રઇએત પણ મુશલમાન થઈ. જેઓએ પોતાના આગલના ધરમને વલગી રેહેવાની હઠ કરી તેઓની પાશે ખંણી લેવા માંડી. ફતેહમંદ ઉપદેશ કરનારો એટલે અબદુલ કાહમન તે રાજાની છોકરી જોડે પરણો, અને તેઓનો છોકરો થઓ તે મદીના શેહેરમાં નામીચો મોલવી થઓ.

મોશતાલેકી એવે નામની અરબોમાં એક મજબુત ટોલી હતી તેઓ અલ-હારેથની શરદારી હેઠલ મુશલમાનોની ઉપર હુમલો કરવાને ટોલેટોલાં એકઠા થઆં. દરીઆથી પાંચ માઈલને છેટે તથા હરાફાનથી વીશ માઈલને છેટે અલ મોરીશીના મેદાન ઉપર મહમદ તેઓને મલો. એક તીરથી અલ-હારેથનો જીવ ગઓ, અને લડાઈ થઈ તેમાં મહમદને એવી તો પુરી ફતેહ મલી કે તે ફતેહની શાચાઇનો આધાર એક દંતકથા ઉપર છે. તે વાત એવી છે કે, "જબ્રીએલ ફીરસ્તો તેની બાજુએ શફેદ પોશાક પેહેરીને ઉભો રહો, અને કોઈ વેલા જોવામાં નહીં આવેલો એવા ઘોડા ઉપર તે શવાર થએલો હતો." અલ-હારેથની જોવીરા નામની છોકરી થાબેટને ભાગે ગઈ; પણ તેની ખુબશુરતી જોઈને તેની પાશેથી મહમદે તેને વેચાતી લીધી, અને તેને પોતાની બઇરી કીધી. એ લગન થઆથી શાંમાવાલા શાથે શલાહ થઈ તેથી મહમદને ઘણો નફો થઓ.

આ હુમલામાં આએશા મહમદની બઈરી પોતાના ધણીની જોડે થઈ હતી. મદીના શેહેર તરફ પાછા ફરતાં લશકર રાતે ચાલતું હતું તેવામાં મદીના શેહેરથી થોડેએક છેટે આએશાને ઉંટ ઉપરથી ઉતરવું પડ્યું, અને પાછી ઉપર ચહડતી હતી એવામાં તેને માલુમ પડ્યું કે મારી કોટમાંની જવાહેરની માલા નથી. તેથી તે શોધવા શારૂ પાછી ગઈ. જે ઢાંકેલી ખુરશીમાં તે ઉંટ પર બેશતી તેમાં બેઠેલીજ છે એમ શમજીને આદમીઓએ તે ઉંચકીને પાછી ઉંટ પર મેલી અને આગલ ચાલેઆ. તે રશતાપર પાછી આવી તારે ઉંટ દીઠું નહીં. પછી આગલ ચાલી પણ કોઈ માણશને દીઠું નહીં. તારે અલબતે એવું વીચારૂં કે હું લશકરમાં છઉં નહીં એવું જોઇને મને શોધવા શારૂ આદમીઓ મોકલશે એવું વીચારીને જાંહાં હતી તાંહાંજ રહી, અને તાંહાં તે શુઈને હુંગી ગઈ. શવારમાં તેને શાફ્વન નામના મહમદના એક શરદારે દીઠી. તેણે ધીમે રહીને આ બોલો કહીને તેને ઉઠાડી, "આપણે પરમેશવરના છઈએ, અને તેની પાશે આપણે પાછા જવું જોઇએ." પછી આએશાએ પોતાનો બુરખો ઓડો, અને શાફ્વને તેને પોતાના ઉંટ ઉપર બેશાડીને જાંહાં શુધી લશકર આગલ બપોર આવી પોંહોંચી તાંહાં શુધી તેની બાજુએ ચાલો; તે ઘણો થાકી ગઓ હતો.

આ વાતથી અદેખા લોકોમાં વેહેમ પેઠો, અને કેટલાએક માણશોએ આએશા ઉપર બટો પણ મુકો તેથી તે ભાગ્યેગેજ મારીજતી બચી. બાહારની વાતો ઉપરથી તથા આએશાએ જે વાત કહી તે ઉપરથી મહમદે ગમે તેવો વિચાર કીધો હોએ પણ આગલા પેઆરના શબબથી નહીં તો એમ કરામાં આ વખતે દાનાઇ છે એમ શમજીને પોતાની હમેશાની તદબીરથી એટલે આ વાત ઈશવરે

મને પ્રગટ કીધી છે એવો ઢોંગ કરીને તેની આબરૂને ડાગ લાગેલો કાહાડી નાંખવાનો વીચાર કરે. "તમારામાંથી જેઓએ આએશા વિશે ખોટી બુમ ઉરાડી છે તે વીશે તમે માઠું નહીં ધારો, પણ ઉલટું તેમાં તો તમને શારૂં છે. તેઓમાંના હરેક માણશને પોતાના ગુનાહ પ્રમાણે શજા થશે; અને જે માણશે એ વાત વધારીને દેખાડી છે તેને મોટી શજા થશે." (કુરાન અ૦ ૨૪.)

મહમદ પેહેલવેલો મકા શેહેરમાંથી નાહાશી ગઆ, તેને હાલ છ વર્ષ થઆં હતાં, ને હવે તે શેહેરમાં શલાહની રાહે પેશવાના વીચારથી મહમદ એક હજાર ચારશેં માણશ લઇને આએવો. પણ જારે તે પવીતર જમીનની શરહદ આગલ અલ-હાદીબીરગ નામની જગા આગલ આએવો તારે ખોરેશી લોકોએ તેને ખબર કેહેવડાવી કે તને મકા શેહેરમાં પેશવા નહીં દઇએ. તે ઉપરથી તેણે બલાતકારે અંદર પેશવાનો ઠરાવ કરો. જારે ખોરેશી લોકોની શાંમા થવાની નીશાણીઓ માલુમ પડી તારે તેણે ઓથમાન નામના શખશને શમાધાન કરવાને મોકલો, પણ તેને બંધીખાનામાં નાંખો. મકા શેહેરના એંશી માણશોને જોવા શારૂ મોકલેઆ હતા તેઓને મહમદના માણશે પકડા, પણ જારે તેઓને મહમદ પાશે લઈ ગઆ તારે તેણે તેઓને છોડી દીધા. તે ઉપરથી બેઉ તરફના લોકોમાં શલાહનો બંદોબશત થઓ. ખોરેશ તરફના જે માણશો ઠેરવેલા તેઓએ શલાહના લેખમાં કેટલાએક બોલો દાખલ થવાને ઘણી હટ દીધી. "ઘણાજ દઆલુ ઈશવરને નામે," એ પ્રમાણે તે લખત શરૂ કરવાનું મહમદે અલીને ફરમાએવું; પણ મકાના લોકોએ હટ કરી કે એમ નહીં, પણ "ઓ પરમેશવર, તારે નામે," એવી રીતે શરૂ કરવું જોઇએ. પછી તેણે પોતાને "મહમદ ઈશવરનો મોકલેલો," એવું નામ આએપું, તે

ની શાંમા તેઓએ એવી લાએક તકરાર લીધી કે "અગર હમે તને પરમેશવરનો મોકલેલો કબુલ કીધો હોત તો હમે તને કાંઈ અટકાવ પાડતે નહીં." મહમદે આ વખતે ધીમો પડીને શાંમાવાલાઓએ જે બોલ લખવાના કહા તે લખવા દીધા તેથી તેના શાગીરદોને ઘણું માઠું લાએગું, અને ઘણી મુશકેલીથી તે વાત તેઓએ કબુલ કીધી. તે લખતની મતલબ એવી હતી કે દશ વર્ષ શુધી લડાઈ કરવી નહીં, તથા બીજા વર્ષમાં મહમદને મકા શેહેરનું દેવલ જોવાની ત્રણ દીવશની રજા આપવી.

હાદીબીરગમાં મહમદે છાવણી કરી હતી તાંહાં મકા શેહેરમાંથી અરવા નામના થકેફી જાતના માણશને મોકલો હતો તેણે જે વાત લખી છે તે ઉપરથી માલુમ પડેછે કે મહમદને તેના શાગીરદો કેટલું માન આપતા. "હું ઈરાનના રાજાના દરબારમાં તથા રૂમી પાદશાના દરબારમાં ગએો હતો; પણ મહમદને જેટલું માન તેના દોશતો આપેછે તેટલું માન કોઈ પાદશાને મલતું મેં દીઠું નથી. જારે તે નીમાજ પડા પેહેલાં વજુ કરેછે (એટલે હાથ પગ તથા મોહો ધોએછે) તારે તેઓ દોડીને જે પાણી તેણે વાપરેલું તે લેવાને જાએછે. મહમદ થુકેછે તો તેઓ તે ચાટી જાએછે, હરેક બાલ તેના ઉપરથી પડેછે તે ઘણાજ હલકા વેહેમથી તેઓ ઉપાડી લેછે."

પોતાના લોકોમાં આવી ફતેહ થઇ તે જોઈને મહમદને પાશેના રાજાઓને પોતાના ધરમમાં ખેંચવાની ઉમેદ થઈ. આવા બોલથી તે પોતાના કાગલને બીડતો, "મહમદ ઇશવરનો મોકલેલો."

પેહેલવેલો કાગલ તેણે ઈરાનના પાદશા ખોશરૂને મોકલો. ખોશરૂના નામ પેહેલાં મહમદે પોતાનું નામ લખેલું છે એવું જોઇને તે પાદશાએ તે કાગલ ફાડીને કકડે કકડા કરી નાંએખા, અને

તેના લાવનારને ગુશે થઈને કાહાડી મુકો. મહમદે એ વાત શાંભ-
લી તારે તેણે કહું કે "એજ મીશાલે પરમેશાવર તેના રાજના કક-
ડે કકડા કરશે."

હીરાકલીઅશ પાદશા તે વેલાએ શીરીઆ પ્રાંતમાં હતો. તેની
પાશે પણ એવોજ કાગલ આપીને ડોજા-એબન્-કોલીફાને મોકલો.
તેણે બાહારથી હરેક તરેહનું માન આએપું, અને બખશીશો આ-
પીને તે કાગલના લાવનારને વીદાએ કીધો. મુશલમાન લોકો
એવું કેહેછે કે પોતાના તાજ જવાની તેને ધાશતી નહીં હોત
તો તે પાદશાએ મુશલમાની ધરમ કબુલ કરો હોત.

કોપટ લોકોનો રાજા જેને હીરાકલીઅશ પાદશાએ મીશર
દેશનો હાકેમ કરીને મોકલો હતો તેણે કાનશટનટીનોપલ શેહેર-
ની આશપાશ ઈરાની લોકોએ ઘેરો ઘાલો હતો તે દીવશથી મી-
શર પ્રાંતની ઉપજ પોતાની પાશે રાખી હતી. તેને પણ હીરાક-
લીઅશ પાદશાહને મોકલો હતો તેવોજ કાગલ મહમદે મોકલો.
તેનું નામ મોકાવકાશ હતું; તેણે તે કાગલ લઈને માનથી પો-
તાની છાતી ઉપર મુકો, અને પશંન આવે એવો કાગલ લખીને
મોકલો, અને તેની જોડે મહમદને શારૂ ભેટમાં ચાર કીમતી નંગ
તથા બે ખુબશુરત બાઈડીઓ, એટલું મોકલું. આ બાઈડીઓ-
માંની એકનું નામ મરીઅમ હતું, તેને પેટે મહમદનો છોકરો
ઈબ્રાહીમ જનમો.

ઈથીઓપીઆનો રાજા આગલ જારે મહમદના શાગીરદોને
દુખ પડું હતું તારે ઘણો મેહેરબાન હતો, તેને મહમદે બીજા રા-
જાઓને લખો તે કરતાં લાંબો કાગલ લખો. તે કાગલ રાજા-
ના હાથમાં આવો તારે તેણે તે પોતાની આંખોપર મુકો અને
પછી પોતાના તખત ઉપરથી નીચે ઉતરીને જમીન ઉપર બેઠો.

તેણે અરબસ્થાનના પેગંમબર પર પોતાનો વીશવાશ કબુલ કીધો, અને તે કાગલને હાથીદાંતની પેટીમાં મુકીને પછી મહમદને ઘણોજ નમનતાઈભરેલો તથા તાબેદારીનો જવાબ લખો.

એવાંજ કાગલ બીજા ઘણાંએક માણુશોને મોકલાં હતાં, અને તેઓએ જવાબ પણ જુદી જુદી રીતના વાલા હતા.

કુરાનના છેલા બે અધ્યામાં મહમદના ઉપર કોઈએ જાદુ કરૂં હતું તેનું જીકર કીધેલું છે એવું મુસાલમાની ટીકાં કરનારાઓ કેહેછે. કુરાનના તે અધ્યામાં આ પ્રમાણે લખેલું છે:— "કેહે, કે શહવારના પ્રભુની પાશે હું બચવાને દોડતો જાઉંછઉં, કે તે મને જે વસ્તુઓ તેણે બનાવી છે તેના નુકશાનથી, તથા રાત જારે પડેછે તારે તેના નુકશાનથી, તથા જે બઈરીઓ ગાંઠ ઉપર ફુંક મારેછે તેઓના નુકશાનથી, તથા અદેખા લોકો અદેખાઈ કરેછે તેઓના નુકશાનથી, બચાવે." "કેહે કે, હું માણશોના પ્રભુ, તથા માણશોના પરમેશ્વર પાશે બચવા શારૂ દોડીને જાઉંછઉં કે, તે કાનમાં વાત કેહેનારો જે ચુપકીથી ખશી જાએછે, અને જે દઈતો અથવા માણશના કરવાથી માણશોના દીલમાં નઠારા વીચાર નાંખેછે, તેના નુકશાનથી મને બચાવે." આ વચનો ઉપર ટીકાં કીધેલાં છે કે, "લોબીદ નામે એક યહુદી હતો; તેણે પોતાની છોકરીઓની મદદથી એક દોરી ઉપર અગીઆર ગાંઠ વાલીને મહમદની ઉપર જાદુ કીધું, અને તે દોરીને તેઓએ એક કુવામાં શંતાડી; તે ઉપરથી મહમદ માંદો પડો, તારે પરમેશ્વરે એ બે અધ્યા તેને પ્રગટ કીધા; અને જબ્રીએલ ફીરસ્તાએ તે ગાંઠ વાલેલી દોરી કાંહાં છે, તથા તેનું શું કરવું એ વીશેની મહમદને ખબર આપી; તેના કહા પ્રમાણે મહમદે અલીને તે દોરી લેવા મોકલો; અને તે દોરી આવી, તારે

એ બે અધ્યા મહમદ તે ઉપર ભણ્યો, અને હરેક ઓવી ભણતાં એક ગાંઠ ખુલતો ગઓ; તે બે અધ્યામાં અગીઆર ઓવીઓ છે, તેથી છેલો બોલ તે ભણી રહ્યો એટલે તે જાદુના જોરથી તેને બીલકુલ આરામ થઓ."

જો કે મહમદે આગલે વર્ષે પોતાના શાગીરદોને એવું કહું હતું કે આપણે શઘલા શાથીઓને લઇને માથાં તથા દાહાડીઓ મું-ડાવીને મકા શેહેરમાં પેશીશું, તે છતાં મકા શેહેર આગલથી તે-ઓને પાછા હટવું પડું તેથી તેના શાગીરદોને જે નાઉમેદી થઈ, તેનો બદલો વાલવાને, તથા યહુદી લોકોને શજા કરવાને મદીના શેહેરના ઇશાન કોણ તરફ જતાં છ દીવશના રશતાને છેટે કઈ-બાર નામની જંગલમાં એક આબાદ જગા છે, તાંહાં પોતાના શાગીરદોને તે લઈ ગઓ. એ જગોના માલીક યહુદી લોકો હતા, અને તેની આશાપાશ ફરતા મજબુત કીલાઓ બાંધેલા હ-તા. એમાંનો એક કીલો તો જલદીથી લીધો. અલ-કામશ નામનો બાંધેલો કીલો, જેમાં યહુદી લોકોનો ખજાનો રાખેલો હ-તો, તે કીલો લેવામાં તેને વારે વારે જીવના જોખમ શાથે હટાવી કાહાડો હતો. અબુ-બકરને પણ એજ મીશાલે હટાવી કાહાડો. પછી ઓમરે કોશેશ કીધી, પણ કાંઈ વલું નહીં. આખરે અલીએ કઇબારના બાહાદુર લડવાઇઆ મરહાબને મારો ને તે જગા લીધી. તાંહાંના બંધવાઓમાં શફીજા નામની એક બાએ-ડી હતી, તેને મહમદે બંદીવાનપણામાંથી છોડીને તેની જોડે પોતે લગન કીધાં. કીલામાં જે ખજાનો નજર આવો તે ફતેહ પાંમનારાઓના હાથમાં ગઓ. કીનાના નામે તે જગાનો શુબે-દાર હતો, તેને તે જગામાં છુપાવેલો ખજાનો બતાવે માટે ઘણું દુખ દીધું, પણ તેણે તે બતાવાને ઠેકાણે પોતાનો જીવ આપો.

બીજા કીલાઓ પણ એક પછી એક લીધા, પછી આખરે શેહેર પણ તાબે થઉ. આગલની કણી તાંહાંના લોકોને ભોએ ખેડવાની રજા આપી, પણ એવી શરતથી કે તેઓ અરધી ઉપજ મુશલમાનોને આપે, અને જારે નજરમાં આવે તારે મહમદ તેઓને કાહાડી મુકે. બીજા શેહેરો પણ એ લડાઈમાં લીધાં, અને લુટથી મહમદના શાગીરદો માતબર થઈ ગઆ. તેણે લડવાઇઆઓને શઘલી તરફ મોકલા, અને જે લોકો લડાઈમાં હારે તેઓને એમ કેહે કે ઇઆતો તમે હમારો ધરમ કબુલ કરો, અને નહીં તો ખંણી આપો. એવું કરવા માડું તેથી અરબસ્થાનમાં તેનું રાજ તથા તેનો ધરમ ઘણો પથરાઓ.

આગલા વર્ષની શરતના લેખ પ્રમાણે મકા શેહેરમાં મહમદને જવાનો વખત હવે પાશે આવો હતો. અલ-હજીન નામના પાહાડના કાદા નામના ભાગ આગલ મકા શેહેર તરફ જવાનો રશાલો તઇઆર થઓ. પાહાડની ગલીમાં ઉતરીને મહમદ પોતાના કાશવા નામના વાહાલાં ઉંટ ઉપર શવાર થઓ; ને ઉંટની લગામ અબદલા પકડીને ચાલતો હતો. મહમદની આશપાશ તેના મુશલમાનો ચાલતા હતા, અને બલીદાન આપવાને શાઠ શીતેર ઉંટ રાખેલાં હતાં તે આગલ ચાલતાં હતાં. કોરેશી લોકો આશપાશની ડુંગરીઓ ઉપરથી તેઓ ઉપર નજર રાખતા હતા. મકા શેહેરમાં પોંહોંચા પછી મશજીદમાં પેશાતી વેલા શરેશતા પ્રમાણે શઘલી ક્રીઆઓ કીધી. કાબાના કાલા પથરનું ચુંબન કીધું. પછી તેઓ ટુંકાં ટુંકાં ડગલાં ભરીને પણ જલદીથી તે મશજીદની આશપાશ ત્રણ વાર પ્રદક્ષીણા કીધી, અને પછી બે વાર હલવે તથા ધીમે પગલે પ્રદક્ષીણા કીધી. જે લોકો બાહાર હતા તેઓને નીમાજના વખતની ખબર કરવા માટે

બાંગીઆએ બાંગ પોકારી, અને પેગંમબર, તથા તેના શાગીરદો, રાત વેલા શાફા તથા મરવા, એ પાહાડોની વચે દોડેઆ. અરબસ્થાનમાંની પરંપરાથી ચાલી આવેલી વાત ઉપરથી એમ માલુમ પડેછે કે એ દોડવાની રીત ઇશ્માએલની મા હાગરના વખતથી આવેલી છે. પછી આખરે મીના નામની પાહાડની ગલીમાં ઉંટોનું બલીદાન આપું, અને મુશલમાનોએ શરેશાતા પ્રમાણે માથાં બોડેઆં.

મકા શેહેરમાં ગઆ પછી થોડી મુદતમાં કોરેશી જાતના લોકમાંથી ત્રણ મોટા માણશો મુશલમાન થઆ. તેમાંનો એક ખાલેદ તે જમાનાનો મોટો પેહેલવાન, જેણે મુશલમાનોને ઓહાદ નામની જગા આગલ હરાએવા હતા, ને બીજો અમરૂ, જે ઇથીઓપીઆમાં એલચી થઇને ગઓ હતો તે; અને ત્રીજો કાબાનો મુખી ઓથમાન. આ મોટા શખશોની મદદથી મહમદને જલદી એમ લાગું કે હવે મારા શરવે દુશમનોને જેર કરવાને હું જોરાવર થઓ છઉં. પછી તેણે અરબસ્થાનનું રાજ લેવાના વીચાર કીધા. બાલકશ પ્રાંતમાં જોરડન નદીની પુરવ તરફ મુતા નામનું એક શેહેર છે તે શેહેરમાં હીરાકલીઅશ પાદશાને નામે ગફતાનની જાતનો એક અરબ નામે અમરૂ એબન શોરકીલ અમલ કરતો હતો. તે અરબે જારે મહમદે જુદા જુદા રાજાઓને પોતાનો ધરમ કબુલ કરવાની કેહેણ મોકલી તારે તે કેહેણ લાવનારને મારી નાંખો હતો. તેનું વેર લેવાને મહમદે ત્રણ હજાર વીણી કાહાડેલા શવારોને માથે ઝીદને મોકલો. કુચ કરતાં રશતામાં ઝીદને ખબર પડી કે હીરાકલીઅશ પાદશાની એક લાખ આદમીની ફોજ મારા ઉપર હુમલો કરવાને આવેછે. પેહેલવેલો તો એવી મોટી ફોજને શાંમો થવાને તે બીધો; પણ અબદલા-

એ જીતવું કે મરવું એવો ઠરાવ કરીને આગલ ચાલવાને તેને શ-
મજાએવો. પછી એવો બંદોબશત કીધો કે ઝીદ લડાઈમાં મરે
તો જુઆફર તેને ઠેકાણે લશકરનો શેનાપતી થાએ, અને તે મરે
તો તેની પાછલ અબદલા તે કામ લે. એ ત્રણે શખશો એક પછી
એક લડાઈમાં કતલ થઈ ગઆ; અને મુશલમાનોના શવારો ઘ-
ભરાઈને નાહારાતા હતા, એવામાં ખાલેદે નાહાશનારાઓને એ-
કઠા કીધા, અને લડીને ફતેહ મેલવી. આ ફતેહથી મહમદને
એટલી ખુશી થઈ કે તેણે ખાલેદને "પરમેશવરની તલવારોમાંની
એક તલવાર" એવો ખતાબ આપો. અને જે લોકો ધરમને
વાશતે મુઆ તે લોકોને બદલો મલશે તેનું બઆન કીધું. તો-
પણ ઝીદની છોકરી પોતાના બાપના મુઆથી રડતી હતી તેની
જોડે છાની રીતે તે રડવા લાગો. તેના કોઈ શાગીરદે તેને રડતો
જોઈને પુછું કે "હું શું જોઉં છઉં?" તેને મહમદે જવાબ દીધો કે,
"તું એક દોસ્તને પોતાના ઘણાજ વીશવાશુ દોસ્તના મરવાથી
શોક કરતો દેખેછે."

મકા શેહેરના લેવાથી મહમદનું બલ ઘણું વધું. શલાહની
શરતનાં બે વર્ષ ગુજરી ગઆં પછી, મુશલમાન લોકો એવું કે-
હેછે કે હમારા આદમીઓને મકાવાલાઓએ કતલ કરા માટે તે
શરત તોડવી પડી. અબુ-શોફીઅન ફરીથી શલાહ કરવાને મદી-
ના શેહેરમાં ગઓ, પણ મહમદે તેને પોતાની હજુરમાં આવવા
દીધો નહીં. મકા શેહેરની પાશે શઘલી જાતનાં મલીને મહ-
મદે દશ હજાર માણશો એકઠાં કીધાં. દશ હજાર મશાલની
રોશનીમાં મહમદ મકા શેહેર તરફ ચાલો. તેણે રાતો પોશાક પે-
હેરેલો હતો, અને પોતાના ઉંટ વર શવાર થએલો હતો. બીજે
દાહાડે શહવારમાં પુરવ તરફથી શુરજનું ઉગવું થતાંજ મહમદ તે

શેહેરમાં પેઠો; તે વેલાએ ફતેહનું વચન કુરાનનાં ઉડતાલીશમાં અધ્યામાં લખેલું છે, તે મોટેથી મહમદ બોલતો બોલતો આગલ ચાલો. કાબાના દેવલમાં તે પેઠો, ત્રણશેં ને શાઠ મુરતીઓ ભાંજી નાંખી, અને તે દેવલની અંદરની બાજુએ જાંહાં જાંહાં તે ફરો તાંહાં તાંહાં મોટેથી "અલ્લાહ અકબર," પરમેશવર મોટા છે, "અને મહમદ તેનો મોકલેલો છે," એમ કેહેતો કેહેતો ચાલો. જે લોકો તેની જોડે આવેલા હતા તેઓને એણે કહું કે, "આ તમારો કેબલો છે," એટલે આ જગાની તરફ મોહો કરીને તમારે નીમાજ ભણવી; અને પછી તેણે શુરજના અશત થતાં શુધી લોકોને પોતાના ધરમનો ઉપદેશ કીધો. પછી કોરેશી જાતમાંના કેટલાએક મોટા માણશોને બોલાવીને તેઓને પુછીઉં કે, "મેં તમને જેર કરા છે, હવે તમે મારી પાશેથી શી ઉમેદ રાખોછો?" તેઓએ કહું "ઓ શખી ભાઈ તારી પાશે જે શારૂં હોએ તેનીજ ઉમેદ રાખીએછઈએ." તારે મહમદે કહું, "જાઓ, તમે સ્વતંત્ર લોકો છો." પછી મહમદે ઓથમાનને, તથા તેના વારશોને કાબા દેવલનો અખતીઆર શોંપેઓ; અને પેહેલીજ વાર તેના બાંગ પોકારનારે મકા શેહેરમાંની મશજીદના શીખર ઉપર ઉભા રહીને નીમાજનો વખત જાહેર કરવા શારૂ બાંગ પોકારી. જે લડાઈઓ કરીને, ઘેરાઓ ઘાલીને, તથા ફતેહ મેલવીને, આ વખતથી મહમદે પોતાના નામનું જોર વધારૂં, તથા લુટ લેવા દીધાથી અરબ લોકોને પોતાના લશકરમાં બોલાએવા, તથા આ દુનીઆમાં જે મોટાઈ મલશે તે દેખાડીને, તથા બેહેશતમાં શુખ મલશે એવાં વચનો આપીને, મહમદે પોતાના શાગીરદો વધારેઆ, તેનું તફશીલવાર બઆન વાંચનારાને દીલ પશંદ લાગશે નહીં. મદીના શેહેર મધે તેની દરબારમાં એલચી

લોકો એટલા તો આવા હતા કે મુસલમાન લોકોએ કવીતાની રીતે બખાન કરીને લખ્યું છે કે પાકાં ખજુરાં ઉપરથી ખજુરો પડેછે, તેથી પણ એલચી લોકો વધારે આવેલા હતા.

તેની છેલી મોટી ચહડાઈ ગ્રીક લોકોપર હતી. અબુ-બકરે એ ચહડાઈમાં પોતાની શઘલી મીલકત આપી. ઓમરે ઉંટ પુરાં પાડ્યાં; અને હાથમાને શુનું પુરૂં પાડયું; તથા બઇરીઓએ પોતાના ઘરેણાંઓ ઉતારી આપાં. લીલો પોશાક પેહેરીને, દશ હજાર ઘોડે શવાર, વીશ હજાર પાએદલ, તથા બાર હજાર ઉંટ, એટલું લશકર લઇને મહમદ શીરીઆના મુલક પર ચહડાઈ કરવાને, તથા ગ્રીક લોકોના રાજ તથા ધરમનો નાશ કરવાને ગયો. પણ ઉનાલાની ગરમીથી, મેદાનમાં રેતી તપેલી તેથી, પાંણીના ઝરાઓ નહીં મલાથી, તથા નઠારો પવન નીકલાથી, જાનવરો તથા આદમીઓ અકલાઇને મરી ગયાં. તેથી તેનું લશકર ઘણું ઓછું થઈ ગઉં, અને આબાદ જગા તથા ફલ ફલાદી જે તેઓ પાછલ મુકીને આવા, તે તરફ પાછા ફરવાને તેઓ આતુર થયા. તેઓ મહમદની આગલ જે દુખની વાત કેહે, તેના જવાબમાં તે એમ કેહેતો કે, "નરકમાં એથી વધારે ગરમી છે." જારે શીરીઆ પ્રાંતની શરહદ પર મદીના તથા દમાશકશ, એ શેહેરોની વચે તાબુક નામની જગો ઉપર તેઓ આવી પોંહોંચા તારે તેઓએ તાંહાંની ખજુરીની ઝાડી તલે આરામ કરો, અને તાંહાં ઝરા આગલ પોતાની તરશ મટાવી.

લડાઈની બાબત મશલત કરવા શારૂ જે શભા ભરાઈ હતી તેમાં મહમદે કબુલ કીધું કે એ લડાઈ ચલાવવાને મને ઈશવરે હુકમ આપો નથી. ઓમરે પોતાનો એવો અભીપ્રાય આપો કે

પુરવ તરફ રૂમી પાદશાનું મોટું જોર નરમ પાડવું એ ધીમે ધીમેજ થશે; અને એ વાત શઘલા લોકોએ કબુલ કીધી કે આપણે આજ લગી જે જે કામો કીધાં છે તેટલાંથીજ શઘલા માણશોના દીલમાં આપણો ડર પેશશે.

એ લશકર મદીના શેહેરમાં પાછું આવા પછી થોડી મુદતમાં અબદલા-ઇબ્ન-આબા ખાજરડી "ઢોંગીઓનો શરદાર" માંદો પડો, અને તેના જીવવાની આશા નોહતી. આ માણશની દગલબાજી, તથા એણે મહમદની ઉપર જે જે ફરેબ હમેશાં કરો હતો તે વાત મહમદને માલુમ છતાં, તેની મંદવાડમાં રોજ તેને મલવા જતો; તે મુઓ તારે તેની પાશે હતો, અને કબર શુધી તેની લોથની જોડે ગઓ હતો. તે ઠેકાણે મરનારના છોકરાએ ઘણા કાલાવાલા કીધા તારે મહમદે પ્રાર્થના કીધી કે તેના પાપ માફ થાએ.

ઢોંગીને શારૂ પ્રાર્થના કીધી માટે ઓમરે ખાનગી રીતે મહમદની શાથે તકરાર કીધી, અને કહું કે અબદલાએ કેટલીવાર તારી નાલશ કીધી હતી. પણ તેને મહમદે હોશીઆરીથી કુરાનનું વચન કાહાડીને જવાબ આપો કે, "તું ઢોંગીઓને શારૂ પ્રાર્થના કરે કે નહીં કરે; પણ અગર તું શીતેર વેલા પ્રાર્થના કરશો તોપણ તેઓને માફી નહીં મલશે."

માટે અબદલાની કબર આગલ જે પ્રાર્થના કરી તેમાં કાંઈ મતલબ હતી. ખાજરડી લોકોને, તથા મરનારના જોરાવર દોસ્તોને પોતાની તરફ લેવાને શારૂ કરી; અને એ કામ તો તેની પ્રાર્થનાથી થઉં, કેમકે મરનારના ઘણા ખરા દોસ્તો પેગંમબરનાં શોબતી થઆ, અને તારથી મદીના શેહેરમાં તેનું રાજ જોરાવર થઉં. એ પછી તેણે બીજું વચન દેખાડું. તેમાં એવી મને કરેલી

હતી કે અવીશવાશી માંણશના મરતી વેલા તેની આગલ જઇને પ્રાર્થના નહીં કરવી, તથા તેની કબર આગલ જઇને ઉભા નહીં રેહેવું.

જો કે પોતાના શાગીરદો ઉપર, તથા બીજા લોકો ઉપર મહમદ એવું રાજ ચલાવતો હતો, તોપણ પોતાની બઇરીઓને હાથમાં રાખવામાં, તથા જનાનખાનામાં બંદોબશત રાખવામાં તેને ઘણી મુશીબત પડી. તે પોતાની બઇરીઓ જોડે વાજબી રીતે ચાલતો; તેણે એક એકને જુદું જુદું મકાન રેહેવાને આપું હતું. એકના મકાનમાં કોઈ બીજીનો ઈલાકો નહીં, એવી રીતે કરૂં હતું, અને એક એક દીવસ તેઓની શાથે વારાફરતી ગુજારતો હતો. એક વેલા એમ બનું કે તે હફ્શા નામની પોતાની ઓરતની શાથે રેહેતો હતો એટલામાં તે પોતાનું મકાન છોડીને બાપને મલવા ગઈ. પછી અણચીતી પાછી આવી, તારે મહમદને વાહાલી ગુલામડી મરીઅમ તેના છોકરા ઈબરાહીમની માની જોડે દીઠો. તે જોઈને હફ્શાને ઘણી અદેખાઇ આવી, અને તે તોફાન કરવા લાગી. મહમદે તેને ધીરી પકડવાનું ઘણું કરૂં એટલા શારૂ કે તેની મોટી ગડબડથી શઘલા જનાનખાનામાં તોફાન ન થાએ; પણ મહમદે જારે એવા શોગંદ ખાધા કે હવે પછી હું કદી મરીઅમની જોડે રહીશ નહીં, તારે હફ્શા ધીરી પડી. એવી શરત કરીને હફ્શાએ થએલી વાત માફ કરી, અને તે વાત પ્રશીધ નહીં કરોશ એવું વચન આપું.

પણ તેણીએ વચન પાલું નહીં, અને પેગંમબરે વીશવાશઘાત કરો તેની વાત આએશાની આગલ કહી, અને થોડી વારમાં તે વાત આખા જનાનખાનામાં માલુમ પડી. તેની ઓરતો એકઠી થઇને તેને ખુબ તાંણા મારવા લાગી. મહમદ જારે એ શેહન

નહીં કરી શકો તારે તેણે હફ્શાને છેડો ફાડી આપો, અને બીજી-ઓને જોડે પણ શઘળો વેહવાર બંદ કીધો. એક મહીના શુધી તે એકલો એક ઇલાહાદા ઓરડામાં શાદડી ઉપર પડી રહો. પણ (એવું મુશલમાન લોકો કેહેછે કે) તે એકલો પડી રહો છે, એ જોઈને અલ્લાએ કુરાનનો કોઇ એક ભાગ મોકલો. તે ઉપરથી મરીઅમ બાબતના જે શોગંદ ખાધા હતા તેના બંધનથી તે છુટો થઓ, અને પછી મરીઅમ તરત તેના એકાંત ઓરડામાં આવીને રહી.

હઠીલી બઈરીઓને પોતે ભુલ કરી છે, એવી શમજ પડી, અને તેજ પ્રગટપણાથી તેઓને ખબર થઈ કે બીજા માણશોને એવાં કામોમાં જે હદ કરી છે તે પેગંમબરને લાગુ પડતી નથી. અંતે હફ્શાએ તોબા કીધો, ને તેને મહમદે પાછી લીધી. અને આએશાને જેને તે ઘણો ચાહતો હતો તેની જોડે પણ શમાધાન થઉં, અને પછી ધીમે ધીમે શઘલીને તેણે પાછી લીધો; પણ મરીઅમ ઉપર તે ખુબ પેઆર કરતો હતો, કેમકે તે ખુબશુરત હતી, અને તેના એકના એક છોકરાની મા હતી.

હર શાલનો હજનો પાક મહીનો આવો હતો, પણ મહમદ આ વેલા ખાનગી તથા રાજ નીતીનાં કામમાં ઘણો ગુંથાએલો હતો, તેથી તે મદીના શેહેર છોડી શકો નહીં; તેટલા માટે જે હાજીઓ મદીના શેહેરમાંથી પાક શેહેર જવાના હતા તે શઘલા હાજીઓનો અમીર કરીને પોતાની તરફથી કામ કરવાને અબુ-બકરને તેણે મોકલો. તે મુજબ અબુ-બકર ત્રણશેં હાજીઓને લઈને, તથા બલીદાનને વાસ્તે વીશ ઉંટ લઇને રવાને થઓ.

પછી થોડા દીવશમાં મહમદે પોતાના જમાઇ તથા વાહાલા શાગીરદ અલીને બોલાવીને અલઅધા એટલે ચીરાએલા કાનનાં શા-

ઉથી જલદ ઉંટ પર સવાર કરીને તેને ફરમાવ્યું કે તું ખુબ તાકીદ કરીને મકા સેહેરમાં જા, અને તાંહાં સઘલે ઠેકાણેથી હાજી લોકો આવીને એકઠા થઆ છે તેઓની આગલ જઇને કુરાનનો એક અધ્યા અસમાનથી હમણાજ આવો છે તે તેઓને સમજાવ.

અલીએ પોતાનું કામ હમેસાની માફક હોંશથી તથા સારી રીતે બજાવ્યું; તે તેહવારને વખતે મકા સેહેરમાં જઇ પોંહોંચો. બલીદાનને દાહાડે ભોગ આપીને હજની ક્રીઆઓ પુરી થઈ રહી, તથા અબુ-બકર લોકોને મુસલમાની ધરમની વાતો તથા ક્રીઆઓ સમજાવી રહો. તાર પછી અલ-અકબ નામના પાહાડ આગલ જે લોકો એકઠા થઆ હતા તેઓની આગલ અલીએ ઉભા થઇને જાહેર કરૂં કે હું પેગંમબરને તાંહાંથી સંધેસો લાવનાર છઉં, અને હું એક મોટું વચન લઇને આવ્યો છઉં. એવું કહીને કુરાનનો જે અધ્યા પોતે લાવો હતો તે તેણે લોકોને વાંચી સંભલાવો. તેમાં તલવારનો ધરમ સઘલી સખતી સાથે પ્રગટ કરેલો હતો. તેમાં એવો ખુલાસો કરેલો હતો કે મુરતી પુજકો સાથે અથવા બીજા કોઈ કાફરો સાથે મહમદે કાંઈ કરાર, અથવા સલાહની સરત કરી હોએ, અને તે કાફરોએ કોઈ પણ રીતે તે સરતોને તોડી હોએ, અથવા મહમદના દુસમનોને મદદ કરી હોએ, તો તે સરતના બંધનમાં મહમદ નહીં. તે અધ્યામાં કાફર લોકોને એ જાહેર કીધા પછી ચાર મહીનાની છુટ આપી હતી; અને એવું લખું હતું કે તે મહીનાઓમાં તેઓ નીરભયપણાથી સઘલે ફરે; પણ તાર પછી સઘલી છુટ બંધ થાએ, અને તારપછી જે લોકો કાફર રેહે તે લોકોની ઉપર હરેક રીતે હરેક વખતે, તથા હરેક ઠેકાણે મોટી ફોજથી, અથવા દગલબાજીથી લડાઈ ક-

રવી; અને તે લોકોને બીજો કાંઈ ઈલાજ નહીં પણ ધરમ કબુલ કરે, અથવા ખંણી આપીને છુટે. પાક મહીનાઓમાં, તથા પાક ઠેકાણાઓમાં તે લોકોને શતાવણીથી કાંઈ બચાવ મલે નહીં. તે હુકમમાં આ રીતે લખેલું છે, "જે મહીનાઓમાં હુમલો કરવાની તમને મના છે તે મહીના જાએ એટલે જાંહાં દેખો તાંહાં મુરતી પુજકોને મારો નાંખો, અથવા તેઓને કેદી કરી લો; તેઓની ઉપર ઘેરો ઘાલો, અથવા તેઓને પકડવાને શંતાઈ રહો." દોસ્તી તથા શગાપણની વાત કાંઈ ગણવી નહીં, તથા ઈમાનદારોના નજદીકમાં નજદીક શગાંઓ તથા ઘણીજ પ્રીતીવાલા દોસ્તો મુરતી પુજક રેહે તો તેઓની જોડે પેલા ઈમાનદારો એ કશી તરેહનો વેહેવાર રાખવો નહીં; એમ ફરમાવેલું હતુ. એવી મના કરેલી હતી કે ચાલતું વર્ષ પુરૂં થઆ પછી કોઈ કાફર લોકને મકા શેહેરની પાક હદમાં પગ મેલવા દેવો નહીં, અને અલ્લાની મશજીદમાં કોઈને પેશવા દેવો નહીં. એ મના પ્રમાણે આજ દીન શુધી અમલ થાએછે.

કેટલાએક ઈહુદી લોકો તથા મુરતી પુજક અરબ લોકો મહમદની શાથે કરાર કરીને ઘણી વાર તે કરાર પ્રમાણે ચાલેઆ નહીં, અને મહમદનો જીવ લેવાને પણ દગલબાજી ભરેલી કોશીશો કરી હતી, તે લોકોની બદ ચાલ જોઈને મહમદને ઘણું કરીને કુરાનનો આવો શખ્ત અધ્યા કાહાડવો પડો, એવું ધારેઆમાં આવેછે. તોપણ એના જોરાવર તથા દગલબાજ દુશમન અબદલા-ઈબ્નિ ઓબાના મરવાથી, તથા અરબ લોકોને ફેરવાથી, અથવા ઝીતવાથી, મહમદને પોતાનાં કામમાં કેટલો ભરોશો હતો, તે આ ઉપરથી માલુમ પડેછે. એ કામ પોતાના ધરમને જોરાવર કરવાનું ખચીત મંડાણ હતું.

અબુ-બકર તથા અલી મકા શેહેરથી પાછા આવા તારે દેવને તાંહાંની એ વાત પ્રગટ કરવાને પોતાને નહીં હેરવો એ જોઇને અબુ-બકરને તાજુબ લાગું, તથા તે નારાજી થઓ, કેમકે એ પ્રગટ કરવાનું કામ જે કામ પર એને મોકલો હતો તે કામની શાથે તાલુક રાખતું હતું; પણ જારે એવું શમજાએવું કે દેવને તાંહાંની શઘલી નવી વાત પેગંમબરે જાતે પ્રગટ કરવી જોઇએ, અથવા કોઈ તેનાં નજદીકના શગાએ પ્રગટ કરવી જોઇએ, તારે અબુ-બકરના મનને શમાધાન થઉ.

કુરાનનો અધ્યો મજકુર પ્રગટ કરવા ઉપરથી, તથા તે મધે એવું લખું હતું કે જે લોકો ઇમાન ન લાવે, અથવા તાબે ન થાએ, તેઓની શાથે લડાઈ કરવી, તેથી ઘણાઓ મુશલમાન તથા ખંણી આપનાર થઆ. તેણે કરીને તે મહીનાની આખરે, તથા હીજરી શાલના દશમા વર્ષની શરૂઅતમાં જુદા જુદા લોકોના, તથા દુર દુરના રાજાઓના એલચીઓ મદીના શેહેરમાં આવા. ઘણા લોકો મહમદને તાબે થઆ, તેમાં આમોની લોકોની અશલ રાજધાની આમોન શેહેરનો હાકેમ, તથા શીરીઆ પ્રાંતમાં હીરાકલીઅશ પાદશાનો કારભારી નામે ફારવા તે પણ તાબે થઓ. પણ તેનું તાબે થવું પાદશાએ મંજુર રાખું નહીં, અને તેને કેદ કીધો.

મહમદે હવે પાદેશાની માફક કામ કરવા માંડું, પણ ફતેહમંદીના મોટામાં મોટા વીચારમાં તેના પેગંમબરપણાનો ઉમંગ હમેશ નજર આવતો હતો. તેણે પોતાના ફોજદારોને પેહેલાંના કરતાં મોટી અને દુરની ચહડાઇઓ ઉપર મોકલવા માંડેઆ, પણ હમેશાં મુરતીઓનો નાશ કરવો, તથા મુરતી પુજક લોકોને તાબે કરવા એવી મતલબથી મોકલતો હતો, તેથી તેનું રાજ વધું ખરૂ, પણ તેના ધરમની શાથે વધતું ગઉ. અરબી-

આ ફીલીકશની (ઈમનની) પ્રાંતમાં પોતાને નામે હુકુમત કરવાને તેણે બે કારભારીઓ ઠેરવેઆ. પણ તે આબાદ દેશના કેટલાએક લોકો એ વાતમાં નારાજી દેખાઆ, તેથી તાંહાં ત્રણસેં ઘોડે શવાર લઈને જવાનું, તથા તે લોકોનુ મગજ ઠેકાણે લાવવાનું, મહમદે અલીને ફરમાએવું..

એ વેલાએ અદબ તથા લાએકીની રીતે જુવાન શાગીરદે કહું કે જે કામ ઉપર મને મોકલેછે તેમાં મારા કરતાં ઘણા બુજરગ તથા અકલમંદ લોકોની શાથે મને કામ પડશે, તેથી તે કામ માથે લેવામાં મને ખાતરજમા લાગતી નથી; પણ મહમદે એક હાથ તેના હોઠ પર, તથા બીજો હાથ તેની છાતી ઉપર મેલીને, અને પોતાની આંખ આશમાન તરફ ઉચી કરીને કહું, "ઓ અલ્લા, એની જીભ છુટી કર, અને એના દીલને શામાલ." તેણે મુનશફી કરવાને વાશતે તેને એક રીત શમજાવી, તે એવી કે, "જારે બે શખશો તારી આગલ ઈનશાફ કરાવવાને આવે, તારે બેઉ તરફની વાત શાંભલા વના કોઈ શખશની તરફનો હુકમ ના કરતો." એવું શમજાવીને પછી તેના હાથમાં ઈમાનનો ઝુંડો આપો, અને તેને માથે પાગડી પેહેરાવીને તેને શલામ કરી.

જારે અલી કાફર લોકોના ઈમનના મુલકમાં આવો, તારે તેના શોબતીઓ અરબ લોકોની જાતના હતા તેઓએ શઘલું લુટીને મુલક વેરાન કરવા માંડેઓ. અલીએ તેઓને બંદ કરેઆ, અને નાહાશી જનારા લોકોને અટકાવીને તેઓને ઈશલામના ધરમની વાતો શમજાવવા માંડી. મહમદે દેવની પ્રાર્થના કીધી હતી તે છતાં પણ અલીના બોલવાથી તેના શાંભલનારાઓનાં મનમાં ખાતરી થઈ નહીં, કેમકે તેઓમાંથી તેના

ઊપર તીર તથા ભાલાઓ આવવા લાગા, તે ઉપરથી તેણે તલવારની જુની દલીલ ચલાવવા માંડી, તેથી એવી તો અશર થઈ કે વીરા અવીશવાશીઓને કતલ કીધા એટલે બીજાઓએ શાફ કબુલ કીધું કે હમારી ખાતરી થઈ. આ જીત પછી એવીજ બીજી જીતો પણ થઈ, તે થતી ગઈ તેમ તેમ મહમદને તે ખબર મોકલતો ગઓ કે મુશલમાની ધરમની ફતેહ થઈ છે.

બાહાર હરેક તરફ ફતેહ થાએછે, એવી ખબરો શાંભલીને મહમદ ખુશી થતો હતો એટલામાં તેના ઉપર ઘરની તરફની એક મોટામાં મોટી આફત આવી પડી. તેની પેઆરી રાંડ મરીઅમને પેટે તેને ઈબરાહીમ નામનો એક છોકરો થઓ હતો તે પંદર મહીના થઓ હતો; તે શીવાએ તેને બીજા કોઈ છોકરા થઆ નોહતા, પોતાનું નામ રેહેવાની મહમદને તેના ઉપરજ આશા હતી; તે બીમાર થઓ, અને તેની નજર આગલ મરણ પાંમો. મહમદનો આ એકનો એક દીકરો મરીગઓ તેથી તેના જીવને ઘણું દુઃખ થઉં, અને તેણે ધીમે ધીમે એવું કહું કે "ઓ દીકરા, મારૂં દીલ દીલગીર છે, અને તારો વીઓગ થતાં મારી આંખોમાં પાંણી ભરાઈ આવેછે, અને હું પણ તારી પાછલ આવવાનો છઉં. એવું નહીં જાણતો હોત તો મને દીલગીરી વધારે થાત; આપણે પરમેશવરના છઈએ; તેની પાશેથી આવા છઈએ, અને તેની પાશે આપણે પાછું જવું જોઈએ."

મહમદને રડતો જોઈને અબદલ રેહેમાને તેને પુછું; "શું મુશલાઓને શારૂ રડવાની તેં હમને મને નથી કરી?" મહમદે જવાબ દીધો, "મેં તમને ચીશ પાડવાને, તથા બુમ પાડીને રડવાને, તથા માથા કુંટવાને, તથા જામા ફાડી નાંખવાને, મને કીધી છે; કેમકે એવી વાતો શેતાન બતાવેછે; પણ આફતને વાશતે

આશું પાડવા, એ જીવને શુભ કરનાર છે, અને દઆથી મોક-લાએલાં છે."

તે પોતાના છોકરાની કબર લગી ગઆે, તાંહાં વીઓગના શ-બબથી જે દુઃખ થઉ તે દુઃખમાં મહમદ આ પ્રમાણે બોલો. "મારા દીકરા, મારા દીકરા, કેહેજે કે દેવ મારો પ્રભુ છે, દેવનો પેગંમબર મારો બાપ હતો, અને મારો ધરમ ઈશલામનો છે!" એ-ઉપરથી માંલુમ પડેછે કે તેના ધરમની વાત હમેશાં તેનાં મનમાં હતી. મુશલમાની ધરમમાં એવું છે કે કોઈ મરીજાએ તા-રે તેની કબરમાં ફીરસ્તાઓ તેને પુછેછે કે તારો ધરમ કહો? તે શવાલના જવાબ કેંમ દેવા તે વાત તે છોકરાને શમજાવવા શા-રૂ મહમદે ઉપર લખેલી વાત કબર આગલ કહી શંભલાવી.

મકા શેહેરમાં મહમદ છેલી વેલા ગઆે; તેને મુબારેકબાદીની હજ કરીને કેહેછે; તેજ માફક મુશલમાન લોકો મકા શેહેરમાં હજ કરવાને જાએછે. મહમદ હજ કરવા ગઆે તારે પોતા-ની જોડે પોતાની નવ ધણીઆણીઓને પાલખીઓમાં બેશાડી-ને તેડી ગઆે, અને તેની જોડે ૧૧૪૦૦૦ શાગીરદો શંઘમાં ગ-આ. જે ચોકમાં કાબા નામનું મંદીર છે તે ચોક પા માઈલ લંબાઈમાં, તથા આશરે તેટલોજ પોહોલાઈમાં છે, તે જગામાં ૩૫૦૦૦ માણશો માઈ શકે એવી મોટી છે. તેની આશપાશ ફર-તો ૫૦૦ સ્થંભનો એક પડસાલ છે, અને તેને ૩૫ દરવાજા છે. તે ફરતા પડસાલની ઉપર નાહાના નાહાના ઘુમટો છે, અને ચારે ખુણે બબે રવેશ વાલો એક એક મીનારો બાંધેલો છે. નીમાજને વાશતે દેવની મુકરર કરેલી ઇબ્રાહીમ વાલી જે જગાનો જીકર કુ-રાનના ૩ જા અધ્યામાં કરેલો છે તે જગા કાબાની પાશે છે, અને

મુશલમાન લોકો કેહેછે કે તે જગા ઉપર એક પથરપર ઇબ્રાહીમના પગલાંની નીશાણી નજર આવેછે. પુરવે તરફ દેવારોની વચમાં ઝમ ઝમ નામનો એક કુવો છે, તેની ઉપર એક ઘુમટ છે; અને એવું કેહેછે કે તે કુવાના પાંણીમાં ચમતકારી ગુણો છે. આ વખતે પણ મહમદે આગલના જેવીજ ક્રીઆઓ કીધી. મહમદની ઉમર ત્રેશટ વર્ષની થઈ હતી, તેથી એક એક વર્ષનું એક એક એવે હીશાબે તેણે પોતાને હાથે બલીદાનમાં ૬૩ ઉંટને ઝબેહ કરાં; અને પોતાના ધરમની વાતનો આગલના કરતાં વધારે ખુલાશો કીધો. અને કુરાનમાં જે જે ક્રીઆઓ કરવાને ફરમાએવું છે તે શરવેના શબબો કહી શંભલાવા.

મહમદ એ વેલાએ એટલો જોરાવર થઓ હતો કે કોઈ એને જેર કરી શકે નહીં; પણ તેનું મન એટલું બુલંદીને નહીં પોંહોંચું હતું કે કોઈ માણશ તેની માફક કરવા જાએ તો તેથી એનો જીવ નહીં બલે. મહમદ પેગંમબરનું ડોલ ઘાલી બેઠો હતો તે ઉપરથી તે કામમાં એને કેટલી ફતેહ થઈ એ જોઇને બીજા કેટલાએક શખશોને એવો વીચાર આવો કે હમે પણ એમ કરીશું તો એવી શોભા તથા રાજ મલશે. પછી માશીલામા નામનો હરીફ માલુમ પડો, તે શખશને ઈશલામના માનનારાઓ, "જુઠું બોલનારો માશીલામા," એમ આજ દીન શુધી કેહેછે. તે હોનીફાની જાતનો હતો, અને ઇમિન પ્રાંતમાંનો એક મોટો માણશ હતો. ધરમ જે નીકલો તે ઉપર તથા તે ધરમ કાહાડનારને આબરૂ દોલત મલી તે ઉપર વીચાર કરતાં તેને એવો વીચાર શુજો કે હોશીઆરીથી કામ કરૂં તો હું એ દેવને તાંહાંના કામમાં મહમદનો ભાગીદાર થાઉં. પછી તેણે જાહેર કરવા માંડું કે હું પણ પરમેશાવરનો મોકલેલો પેગંમબર છઉં, અને મને મહમદની

શાથે કામ કરવાને મોકલો છે, અને મુરતી પુજકોને ખરા દેવ-
ની પુજા કરવાને તેડવા, એ મારૂં કામ છે. પછી કુરાનના જે-
વાં લખેલાં પ્રગટપણા તે જાહેર કરવા લાગો, અને એવું કેહેતો
ગયો કે એ પણ કુરાનની માફક દેવને તાંહાંથી આવેલો છે.
પોતાની જાતમાંના ઘણાએક લોકોએ તે વાત માન્ય કરી; તે જો-
ઇને આખરે તેણે મહમદને એવું કહું કે આપણે એ કામમાં ભા-
ગીદાર થઇએ. તેણે મહમદને કાગલ લખો તે આ પ્રમાણે
લખો હતો; "દેવના મોકલેલા મહમદ જોગ—લખીતંગ દેવનો
મોકલેલો માશીલામા, જત હવે પૃથ્વી અરધી મારી અને અરધી
તારી થવા દે." પણ મહમેદ જોઉં કે મારે કોઈ જોડીઆની ગ-
રજ નથી, તેથી તેણે ફકત આવો જવાબ લખી મોકલો. "જુઠું
બોલનારા માશીલામા જોગ—લખીતંગ દેવનો મોકલેલો મહ-
મદઃ જત પૃથ્વી દેવની છે, અને તેની નજરમાં આવેછે તેવા
તેના શેવકને તે ઉપરનો અધીકાર દેવ શોંપેછે, અને જે લોકો
દેવથી બીહીને ચાલશે તેઓનું શારૂં થશે." તેના મુઆ પેહેલાં
થોડાએક મહીના પર શાંમાવાલાઓને હરાવવા શારૂ ખાલેદ
"દેવની તલવાર" એ નામના શખશને શેનાધીશ કરીને તેના
હુકમ તલે એક શવારી મોકલી; અને એમ કેહેછે કે ઓચીંતો
આવો બરાબરી કરનારો નીકલો તે જોઇને મહમદને ઘણું દુખ
થઉં. મહમદના મુઆ પછી ખાલેદ લડાઇમાં ફતેહ પાંમો,
અને શાંમાવાલાઓનો અંતે નાશ થયો. શાંમા પક્ષના જે
શખશો લડાઇના મેદાનમાં કતલ નહીં થયા હતા તેઓને ફતેહ-
મંદોની તલવાર જોઇને ખાતર નીશાં થઇ, અને પોતાની ભુલ
છોડી દઇને પાછો મુશલમાની ધરમ તેઓએ કબુલ કીધો.

ઇહુદીઓનું શેહેર કઇબાર જે તાબે થઉં હતું તાંહાં તે આવા

પછી ફતેહમંદ (મહમદને) તે શેહેરમાં હારેથના ઘરમાં ઉતારો મલો. હારેથને ઝાઇના નામની એક છોકરી હતી, તેણે તેની આગલ ખાવાને શારૂ માંશનો એક કકડો મુકો, તે કકડામાં આગલથી ઝેર ઘાલી મુકેલું હતું. તેના એક શોબતીએ ઘણું ખાધું તે તુરત મરી ગઓ; અને મહમદે ઘણું થોડું ખાધું, તોપણ તેથી તેને એવો રોગ થઓ કે પછી તેને કદી આરામ થઓ નહીં. મક્કાની હજથી પાછો આવા પછી તે માંદો પડો. તેના માથામાં ઘણું દુખવા લાગ્યું, તથા તેને શખત તાવ આવો, તેથી તેને એમ માલુમ પડું કે હવે હું મરવાનો. તેણે પોતાની શઘલી બાએડીઓને નજદીક બોલાવીને ફરમાવું કે મારી માંદગીમાં આએશા મારી બરદાશ કરે. તે ઉપરથી તેને આએશાના ઓરડામાં લઈ ગઆ. આ ઠેકાણે કઇબાર શેહેરમાં તેનો જે શોબતી ઝેરથી મુઓ હતો તેની મા મહમદને જોવા આવી. તેને જોઈને મહમદ આ પ્રમાણે બોલો, "ઓ, બાશારનીમા! જે માંશ મેં તારા છોકરાની જોડે કઇબાર શેહેરમાં ખાધું તે માંશથી આજે મારા દીલની નશ તુટેછે."

બીજે દાહાડે તે મશજીદમાં ગઓ, તેની જોડે અલી તથા તેનો એક શોબતી, એ બે જણા ગઆ. તેણે પ્રશીધ રીતે પોતાના પાપની માફી પામવા શારૂ પ્રાર્થના કરી, પછી શીંહાશન ઉપર ચહડીને લોકોને આ પ્રમાણે ભાષણ કરૂં: "ઓ માણશો, જો મેં કોઇને દુશટપણાથી મારો હોએ તો તેજ ફટકા મને મરાએ; જો મેં કોઈના શારા નામને હાની પોંહોંચાડી હોએ તો મારા પોતાના નામને તે પોંહોંચે; અને જો હું કોઈ માણશનું ખાઈ ગઓ હોઉં તો હું તેને બદલો આપવાને હઇઆં તઇઆર છઉં." તે શાંભલનારાઓમાંથી એક જણ બોલો, "હું તારી પાશે રૂપાના

ત્રણ ડરામ માગું છઉં." મહમદે તેનું કરજ તુરત અદા કીધું, અને કહ્યું કે, "બીજી દુનીઆમાં શરમ પાંમેલા થવા કરતાં હમણાં શરમ પાંમેલા થવું એ શારૂં છે." પછી બપોરની નીમાજ ભણ્યો તેમાં મુએલાઓને ઇઆદ કરા. પોતાના ઘણા ઈમાનદાર શોબતીઓને છેલો હવાલો શોંપો. તેમાં મહમદે એવું ફરમાવું કે અરબસ્થાનમાંથી શઘલા મુરતી પુજકોને કાહાડી મુકજો, અને જેઓ મુશલમાન થાએ તેઓને તમારી પઠે શુખમાં રેહેવા દેજો, અને દીલ દઇને નીમાજ કરતા રેહેજો. મુઆ પેહેલાં ત્રણ દાહાડા શુધી તે પોતાના ઓરડામાંજ રહો. પોતાના ઘણાએક ગુલામોને તેણે છોડી દીધા. પોતાના મુઆ પછી શાગીરદોએ શું કરવું તે બાબત લખવાને શારૂ મહમદે કલમ કાગલ અને શાહી માંગાં તેવામાં ઓમર શાંમો થઓ, અને તકરાર થઈ તે ઉપરથી મહમદે તેઓને ધમકાવીને કહ્યું કે તમારે મારા દેખતાં લડવું નહીં જોઈએ. તેણે તેઓને કહ્યું કે મોતના દુતે આવવાની મારી રજા માંગી અને મેં રજા આપી છે. પછી પોતાનું માથું આએશાના ખોલામાં નાંખી દીધું અને પોતાની આંખો ઉંચી કરીને ભાંગા ટુટા બોલથી બોલો કે, "હા, આશમાની શોબતીઓ જોડે," એવું કહીને તે શેતરંજી ઉપર લાંબો થઓ, અને હીજરીને અગીઆરમે વર્ષે એટલે પોતાની ત્રેશઠ વર્ષની ઉમરે પ્રાણ છોડો.

ઘણાએક લોકોએ તો માનું નહીં કે પેગંમબર મુઓ હશે. ઓમરે એ પ્રમાણે કહ્યું કે, "તે ચાલીશ દાહાડા શુધી મુશાની પઠી, અથવા મરીઅમના દીકરા ઈશાની પઠી આકાશમાં ગઓ છે, અને તે પાછો આવશે;" અને તેણે પોતાની તલવાર મીઆનમાંથી બાહાર કાહાડીને કહ્યું કે, "જો કોઈ શખશ એવું

કેહેશે કે પેગંમબર મુઓ, તો હું તેના કકડે કકડા કરી નાંખીશ." પણ તેનો ગુસ્સો અબુ-બકરની ડાહાપણની વાતથી નરમ પડો: તેણે તેને કહું, "તમે કોહોને પુજોછો? મહમદને, કે મહમદના દેવને? જો તમે દેવને પુજોછો તો શમજોકે તે અનંત શુધી જીવેછે: પણ કુરાનમાં લખેલું છે કે મહમદ મૃત્યુલોકમાંનો માનવી છે, તેથી બીજા માનવીઓની પઠી તે મરણ પામો છે."

મુએતેલા પેગંમબરને કહી જગે દાટવો, એ બાબત મોટી તકરાર થઈ. તેમાં કેટલાએકનો વીચાર એવો હતો કે મહમદની જનમભુમી જે મકા શેહેર તાંહાં લઈ જઇને દાટવો, અને બીજા કેટલાએક લોકોનો એવો વીચાર હતો કે પેગંમબરોનું શેહેર જે ઈરૂશાલેમ છે તાંહાં દાટવો; પણ અબુ-બકર પાછો વચે પડો, અને કહું કે પેગંમબરને એમ બોલતાં મેં શાંભલેલો છે કે, "જે પેગંમબર જાંહાં મરે તાંહાં તેને દાટવો." તે ઉપરથી એવો ઠરાવ થઓ કે મદીના શેહેરમાં તેને દાટવો. પછી તેની લાશને શારા તંબુમાં મુકીને અલીએ ચોખે પાણીથી ધોઈ. પછી તેઓએ તેમાં કપુર ભરૂં, અને ઉમદી ખુશબોઈ તેના મોહોડાં ઉપર, હાથેલીઓ ઉપર, અને પગને તલીએ ભરી; પછી તેની ઉપર શફેદ કપડું લપેટીને તેની આશાપાસ કેરબા તથા કશતુરી તથા ખુશબોદાર લાકડાંના કકડાઓ ગોઠવા. એપ્રમાણે ઠીકઠાક કરા પછી તેની ખાટલી તેના કુટુંબના માણશો લઈગઆ, તેની જોડે હીજરીની વેલાના બચેલા શોબતીઓ હતા, તથા મદીના શેહેરના મોટા મોટા માણશો હતા, તથા મરદ બઈરાં અને છોકરાંઓનું એક ટોલું પાછલ છાનું છાનું ચાલતું હતું. કુરાનમાંથી પ્રાર્થના વંચાઈ, અને જે ઓરડામાં મહમદ મરીગઓ તે ઓરડાની નીચે તેની કબર કરી.

ઉપર લખ્યા પ્રમાણે મહમદની તવારીખની વાત હમણાં લગી ચાલી આવેછે. હવે વીચાર કરવાનો એટલોજ છે કે એમાંની કેટલી વાત ઉપર આપણે વીશવાશ રાખીને ખરી ગણવી. જારે આપણે વીચાર કરીએચ કે અબુલફેદા જેણે મહમદની તવારીખ લખી છે તે શખ્શ મહમદને મુઆના ૭૦૦ વર્ષ પછી જનમો તારે આપણને સ્વાભાવીક રીતે એની મેલે મહમદ વીશે કેટલીએક વાતો લખેલી છે તેની શાચવટના શક આવેછે. તારે જે શખ્શ હું પેગંમબર એવો ઢોંગ કરતોહતો તેના મુવાને ઘણો કાલ વીતા પછી તેના વીશે જુઠી કાહાણીઓ કોઈએ બનાવી હોએ, અને તે કાહાણીઓ દુનીઆમાં ખરી પ્રમાણે મનાઈ હોએ, એવું નહીં માનવાને આપણને શો આધાર છે ? જો આજે આપણી પાશે કુરાન નહીં હોત તો એ વાતનો નીશચે આપણથી કાંઈ થઈશકત નહીં. કુરાનમાંના ઘણાએક અધ્યા તથા ઘણાએક વચનો જેમ જેમ મહમદને ગરજ પડતી ગઈ તેમ તેમ પ્રગટ થઆં છે, માટે જે જે બાબત વીશે તે અધ્યા તથાં વચનોમાં લખેલું છે તે બાબત વીશે હકીકત જાણવાને આપણે કુરાનનો આધાર છે; અને એમ પણ કહી શકાએ કે મહમદ કેવી તરેહનો માણશ હતો, તથા પોતાનો ધરમ દુનીઆમાં સ્થાપવાને તેણે શા શા ઉપાઓ કીધા; એ વાત શમજવાને કુરાનમાંથી માનવા જોગ હકીકત મલી શકેછે.

અધ્યો ૪.

મહમદના ગુણ વીશે.

મોટો પ્રખ્યાત તથા નીશચેશઉથી મોટો ફ્તેમંદ ઠગારો એવો જે મહમદ તેનું આઉશા એ રીતે પુરૂં થઉ. તે ઘણો લોભી હતો તેથી, તથા અકલમંદ લોકોને પોતાના હાથમાં રાખવાથી, ગરીબીની હાલતમાંથી અરબ લોકોમાં મોટામાં મોટી પદવી પર તે ચહડો; અને મુવા પેહેલાં દુનીઆમાં તેણે એક મોટો ફેરફાર કીધો. રૂમી લોકોનું રાજ આઠશેં વર્ષમાં જેટલું ફેલાઉં હતું તે કરતાં મહમદે જે રાજ સ્થાએપું તેમાં વીશેશ મુલુકો હેંશી વર્ષમાં આએવા હતા. હવે એ રાજનો વીચાર છોડીને જો આપણે ધરમનો વીચાર કરીએ, એટલે તેમાં તેણે કેટલી મોટાઈ મેલવી, તથા તેનો ધરમ કેવો જલદીથી પંથરાઓ, તથા તેની મજબુતી શી છે, એનો વીચાર કરીએ તો તેમાં એથી વીશેશ આશ્ચર્ય લાગેછે. જારે કોઈ માણુશ કાંઈ કામ કરેછે અને તે કામ એવું હોએછે કે તે કામ કરવામાં જેટલાં શાધનો જોઈએ તેટલાં ન છતાં તેનાથી તે કામ બની આવેછે, તારે આપણે એમ કેહેવું પડેછે કે એ તો ઈશ્વરની મરજીથી થઉ છે. એ શીવાએ આવા મોટાં મોટાં પરીણામો થાએ નહીં; અને આપણે એમ શમજવું જોઈએ કે મુશલમાની ધરમ તે આજને દાહાડે ઈહોવા એટલે દેવના ગુપત ગનાનના ભેદનો એક દાખલો છે; અને તે એવી મતલબોને વાશતે ઠેરવેલો છે કે તે મતલબો હાંશલ થઆ શુધી તો તે કોઈ માણશના વીચારમાં આવી શકે નહીં.

મહમદના શરીર વીશે તેના ચરીત્રની વાતો લખનારા અરબ લોકો એવું લખેછે કે તે મધ્યમ કદનો હતો, અને તેના મોહોડા ઉપર લાલી હતી. તેનું માથું મોટું, તથા ઘાટદાર હતું; તેના કેશ લીશા અને ચલકતા કાલા રંગના હતા; તેની આંખ પણ તેવાજ રંગની હતી; અને તેના શરીરનો બાંધો એવો તો મજબુત હતો કે તે જારે મરણ પાંમો તારે ઘડપણની નબલાઈનાં ચેહેન તેના ઉપર કાંઈ નજર આવાં નહીં. તેનો ચેહેરો મોટો પણ પ્રમાણદાર હતો, તેના ગાલ ભરાવ હતા; તેનું કપાલ મોટું હતું; તેની આંખનાં ભવાં લાંબા અને લીશાં હતાં, અને એક બીજાને મલેલાં નહીં, પણ પાશે પાશે આવેલાં હતાં; અને તે ભવાંઓની વચે એક રગ એવી હતી કે તે રગની નાડી જારે તે ગુશે થતો તારે હમેશાના કરતાં જલદીથી ધડકતી હતી; તેનું નાક પોપટની ચાંચ જેવું વાકું હતું; તેનું મોહોડું મોટું હતું, અને દાંત ચલકતા હતા; તે દાંતનો આકાર આરીના દાંતા જેવો હતો, અને આઘા આઘા હતા, તો પણ શારા અનુક્રમે ગોઠવેલા હતા. લોકોમાં વંશપરંપરા એવી વાત ચાલી આવી છે કે કરાંના કકરા જેવા, અથવા ઝીણાં ઝીણાં શફેદ મોતીઓના દાણા જેવા તેના દાંત હતા. તેના હશાવામાં પણ ભારે ખમપણું જણાતું, અને હશતી વખતે તેના મોહોડાનું તથા ગાલનું એવું તો શંકોચન થતું કે તે શરવેને જોયા કરવાનું મન થાએ. તેના પાછલાં વર્ષમાં તેનું શરીર જરા ફુલું, પણ તેનો દેખાવ હમેશ ભોલાપણાનો હતો, તેની ચાલ ભારેખમ હતી, અને તેની બોલવાની રીત ઘણી મીઠી હતી.

મહમદ પેગંમબરની માણશાઈના ગુણોની મુશલમાંની તવારીખવાલાઓ બેહદ તારીફ કરેછે. જારે તે બાલક હતો તારે તેને

બે ફીરસ્તાઓએ લઇને તેનું શરીર છરી વતી ખોલીને તેનું અંતઃ-કરણ બાહાર કાહાડું હતું, તથા તેની ભુંડી વાશનાઓને નીચો-વીને મોટાં મોટાં ગંધાતાં કાલાં ટીપાંને રૂપે કાહાડી નાંખી, અ-ને પછી તે અંતઃકરણ શાફ અને ચોખ્ખું કરીને પાછું તેની છા-તીમાં મુકું, તથાં તે ઘાહ ચમતકારીક રીતે રૂઆઈ ગઆ, એવી એવી મુરખાઇની કાહાણીઓનું તે લોકો જેવું ઘટે તેવું બઆન કરેછે, તે લોકો એમ પણ કેહેછે કે તેના શદગુણો એવા તો હતા કે તે ગુણોને લીધે એને બીજા શાધારણ માણશોની પં-કતીમાં ભેલાએ નહીં. પણ તેની તવારીખ ઉપરથી, તથા કુ-રાનમાં લખું છે તે ઉપરથી, આ વાત કેટલી માનવી જોઇએ, એ માલુમ પડેછે. ધરમીપણું, શાચાઈ, ન્યાય, ઉદારપણું, નમ્રતા, તથા મન મારવું, એ ગુણો મહમદમાં હતા એવું શામજીને તેના શાગીરદો તેની ઘણી તારીફ કરેછે; અને ઇમાનદારોને ચાલવાનો તે પુરો નમુનો હતો, એમ કેહવામાં તેઓ જરા ખંચાતા નથી. તેઓ કેહેછે કે તેનું ઉદારપણું તો એવું પ્રશીધ હતું કે તેની પાશે કોઈ વખતે પૈશા ઘરમાં ન રેહેતા; પોતાના કુટંબનું પુરૂં થાએ તેટ-લુંજ તે રાખતો વધારે કંઈ રાખતો નહીં, અને ઘણીએક વાર પોતાના ખોરાકમાંથી પણ તે ગરીબોને આપતો હતો. એ શઘલી વાતો ખરી હશે, પણ એ શદગુણોનો વીચાર કરતી વેલાએ આપણે એ વાત ભુલી જવી નહીં જોઇએ કે એવી રીતે અમલ કરવામાં તેને કાંઈ છાંની મતલબો હાંશલ કરવાનો ઈરાદો હતો. એવી રીતે વીચાર કરીને જોતાં આપણને એવું માલુમ પડેછે કે મહમદ એવો દઆલુ અને ધરમી દેખાતો, તથા તે પ્રમાણે અ-મલ કરતો, તે તેનું મન શાફ અને દઆલુ હતું તેથી કે તેમ કર-વામાં મને ફાએદો થશે, એવા વીચારથી એ રીતની એણે હીકમત

લડાવી હતી, એ આપણાથી કહી શકાતું નથી. એવું બનેછે કે મનનો જે મોટો જોરાવર વીકાર હોએ તે બીજા પોતાથી ઉલટા એવા વીકારોને પણ જીતીને તેઓને પોતાની જોડે મલતા જેવા કરેછે. મોટાઈનો લોભ કોઈ કોઈવેલા પૈશાના લોભને જીતેછે, અને શુખની ઈછા એ બંને વીકારોના પર ઘણી વાર અમલ ચલાવેછે. જારે કોઈ માણુશને પેગંમબરની આબરૂ મેલવવાની તથા પાદશાની શકતી મેલવવાનીજ મતલબ હોએ, તારે તે માણુશ અદલ તથા શખી થાએ, અને તે શાધુનાજ જેવાં કામ કરે, એમાં કાંઈ આશ્ચર્ય નથી. અગર જો મહમદે પોતાનામાં પેગંમબરના જેવા શદગુણ ખરેખર દેખાડા, તો તેની નજર બેશક પેગંમબરનું નાંમ મેલવવા પર હતી. પણ એ ઢોંગીના નીતીના ગુણોનો વીચાર કરવામાં હમે ઘણા શખ્ત થવાના નથી. તેનો શવભાવ અશલથી મલતાવડો, ભોલો, અશરાફ, અને ખુશ લાગે, એવો હતો; તથા તે મોટા મનનો પણ હશે એવું હમે ધારીએ છઈએ. હમને નીશચે છે કે ખ્રિસ્ટી લોકોએ એનું જે બઆન લખ્યું છે તેમાં તેના ઢોંગીપણાનો બેહદ ધીકાર કરવામાં તેઓએ તેના માણશાઈના ગુણો ઉપર બટો મુકો છે, એ ઘણું ગેરવાજબી કામ કરું છે. પણ મુશલમાની ધરમ તથા તે ધરમનો કાહાડનાર એઓ વીશે તવારીખોમાં જે લખ્યું છે તે માનતાં એવું શાફ નજર આવેછે કે મહમદનામાં અશલ ઉપર લખેલા વખાણવા જેવા ગુણો રહેલા હશે ખરા, પણ તે જેમ જેમ મોટો થતો ગઓ તેમ તેમ તે ગુણો તેનામાં કમી થવા લાગા; જેમ જેમ તે ફતેહમંદ થતો ગઓ તેમ તેમ તેના શદગુણનો નાશ થતો ગઓ; અને જેમ જેમ તેના વએની વૃદ્ધિ થઈ તેમ તેમ તેના અપરાધની પણ વૃદ્ધિ થઈ.

તેની બુધીની પણ તેના પંથીઓ ઘણી વખાણ કરેછે. તેની બુધી એવી શારી હતી કે તેને શીખવાની કશુ જરૂર રહી હતી નહીં; તે ભણેલો નોહતો, અને પુસ્તકોનો ધીકાર કરતો હતો, તોપણ તેની બુધીનું બલ એવું હતું કે તેથી તે ભવીશ વાત કેહેવા લાગો, અને ઉશતાદ તથા નમુના શીવાએ કુરાનમાં એવી તેજ બુધીને લીધે ભાષાની એવી તો ચતુરાઇથી ઈમારતની બાંધણી કરીછે કે તેવી બીજા કોઈપણ માણશના રચેલા ગ્રંથમાં નજર આવતી નથી. પણ એવી વખાણ કરતી વખતે તેઓની શમજમાં એ વાત આવી નહીં કે તેઓ તે પેગંમબરના એમ વખાણ કરેછે તેથી તેની ઇશ્વિરી શક્તીની વાતને નુકશાન પોંહોંચાડેછે; તથા મહમદ મોટો ગ્રંથકાર હતો એવી તારીફ કરીને શાબાશી આપવાથી તે ઇશ્વરના કહાથી કામ કરતો હતો એ વાતની શાબીતીને કમજોર કરેછે; કેમકે મહમદ પોતેજ વારેવારે એવું કેહેછે કે આ પ્રગટપણું "ઇલ્હિમ પેગંમબરથી" નીકલેલું છે, અને એના જેવી ઇબારત બીજા કોઈપણ ગ્રંથની છે નહીં તેથી શાફ શાબીત થાએછે કે એ કોઈ માણશની બનાવટ છે નહીં, ઇશ્વિરથી રચાએલું છે. તોપણ કુરાનની ભાષાની ખુબી તથા તેના રચનારની ખુબી તે ઉપરથી નજર આવેછે, એ બાબતનો વીચાર વાંચનાર પોતાને વાશતે કરી લેશે. મહમદ તેજ બુધીનો તથા શાણો હતો; તેની ઇઆદદાશ શારી હતી; તે મુશાફરીથી તથા ઘણા વેહેવારથી ઘડાએલો તેથી માણશના શવભાવ વીશેની તેની શમજ ઉંડી અને પકી હતી, તથા વાત કરવાના અને ફુશલાવવાની કલામાં તે બેનજીર હતો, એવું તેના પંથવાલા કેહેછે. તે ઘણો બોલકણો નહીં હતો, પણ મલતાવડો હતો; તે ખુશમીજાજી હતો; શઉ શાથે ખુશીથી તથા હલીને વાત કરતો હતો; તથા પોતાના મીત્રોને પોતા-

ની પાશેના પાશે રાખવાની કલા એનામાં ઘણીજ હતી, એ વાત પણ હમે કંઈ ખોટી કેહેતા નથી.

તોપણ મહમદના ચરીત્રનો વગર તરફદારીથી વીચાર કરતાં એવું માલમ પડેછે કે તેને ઈશ્વરેજ ઉંચી જાતનો માણશ બનાવો હતો, અને તેના જમાનાના બીજા માણશો કરતાં તે ઘણીજ શુધરાવટવાલો હતો. મહમદના વખતમાં તેના વતનનો દેશ ઘણો જંગલી હતો, અને અરબસ્થાનના જંગલી ભટકતા લોકોમાં જે ગુણોને લીધે મહમદ મોટો ગણાઓ તેટલાજ ગુણો શહીત એ યુરોપ ખંડના કોઈ શુધરેલા દેશમાં જનમો હોત તો તાંહાં બીજા માણશો કરતાં કોઈ ઘણો મોટો ગણાતે નહીં. માણશોને નાંહાના મોટા થવામાં જેમ તેઓની બુધી તથા વલણ કારણ છે તેમજ તેઓની સ્થિતિ તથા જમાનાનો હાલ, એ પણ કારણ છે. બીજા વખતમાં તથા બીજે ઠેકાણે મહમદ જનમો હોત તો જે માણશે મુશલમાની ધરમ તથા રાજ સ્થાપાં છે તે માણશ બીજા માણશોની મીશાલે અપ્રખીઆત રેહેતે. તેની શઘલી તવારીખ ઉપરથી શાફ દેખાએછે કે ધરમની ગાંડાઈ, મોટાઈનો લોભ, તથા દુરવાશના, એ ત્રણ તેના મનમાં મોટા વીકારો હતા. તેમાં મોટાઈનો લોભ તથા દુરવાશના, એ બે વીકારો જોરાવર થઆથી ધરમની ગાંડાઈ તેનામાંથી ધીમે ધીમે નીકલતી ગઈ. તે અશલથીજ જરા ધરમ પર વીશેશ ભાવવાલો હતો; તેમાં વલી હીકમત દીઠાથી તે ઢોંગી થઓ; અને તેના દુષ્ટ વીકારોનું જોર જેમ જેમ વધતું ગઉ તેમ તેમ શાચાઈ, ઈનશાફ, મીત્રાઈ, તથા દઆ એઓની શરતથી ઉલટાં કામો કરીને પણ પોતાના નઠારા વીકારો પ્રમાણે કરવામાં તે ખંચાઓ નહીં. તેની ચાલ ચલગતનો વીચાર કરતી વખતે, જે લોકોમાં તે રેહેતો હતો તે લોકોની

મુરખાઈ, તેઓના વેહેમ, તેઓની ચાલ ચલગત, તથા તેઓના કાએદા, એનો પણ વીચાર કરવો જોઈએ. મુરતી પુજક લોકોની વાજબી રીતે તપાશ કરવામાં ખ્રિસ્ટી ધરમની નીતીના ધારાઓ ઉપરથી કામ કરવું નહીં જોઈએ. મહમદે ઘણી બઈરીઓ કરી, એ વાતનો વીચાર કરવામાં આપણે એમ શમજવું જોઈએ કે તેના દેશમાં અશલથીજ ઘણી બઈરી કરવાનો લોકોમાં ચાલ હતી, અને એણે પણ તે ચાલ પ્રમાણેજ કામ કરૂં, એવા વીચાર ઉપરથી આપણે તેના ઉપર નઠારૂં કામ ઠરાવી શકતા નથી. તેમજ મહમદે કાબ તથા શોફીઅન, એવા બે શખશોને અદાવતના શબબથી મારી નાંખ્યા તે કામ એણે વાજબી કરૂં એમ આપણથી કેહેવાતું નથી; તોપણ તે બે માણશો એના મોટા દુશમન હતા, અને તેઓના જીવવાથી પોતાના જીવને ધાશતી છે એવું જો મહમદે વીચારીને તેઓને મારી નાંખ્યા હોએ, તો તે ખુનનો ભાર આપણે ઓછો ગણવો જોઈએ. કેમકે એવું કરામાં અરબ લોકોનાં મન પર કાંઈ રીતનો જુલુમ થઓ નથી. હાલ પણ શઘલા મુશલમાન લોકોનું એક મોટું લક્ષણ એ છે કે તેઓ જીવથી ઘણા આઘા છે. એવા લોકોની નીતી વીશે આપણે થોડોજ વીચાર કરવો જોઈએ, પણ જે માણશ પેગંમબરીનું ઢોંગ કરેછે, અને મારા દેશીઓની નીતી શુધારૂં છઉં, એવું ડોલ ઘાલેછે, તેજ માણશ નઠારામાં નઠારૂં કામ કરેછે તે જોઇને આપણને ધુરો આવા વના રેહેતો નથી. એ ઠેકાણે ખરેખાત આપણો ભારેમાં ભારે ઠપકો મહમદ પર આવેછે. તે ઠપકો એવો છે કે જે નીતીના ધારાઓ પોતે કાહાડા, અને તે ધારાઓ જુલમી શખતી કરીને લોકો પાશે મનાવા, તેજ ધારાઓ પ્રમાણે મહમદ પોતે ચાલો નહીં. આ

જગો પર મહમદ ઢોંગીની તરફનું કાંઈ બાંહાંનું જડતું નથી. પોતાના ખાનગી કામોમાં એ ઘણી નઠારી ચાલનો હતો, એવાત એણે પેગંમબરીના દાવાથી ઢાંકવાનું કરૂં, અને નવાં નવાં પ્રગટપણાઓ કાહાડાં તેમાં એવું જણાવું કે મારા ધરમથી જે ધારાઓ કાહાડેલા છે તે ધારાઓના બંધનમાં હું પોતે નથી. એવું કરીને સ્ત્રી જાતી ઉપર તેણે પોતાની ઇછા પ્રમાણે કીધું. તે આ નીચેનાં વચન ઉપરથી શાફ માલુમ પડેછેઃ "ઓ પેગંમબર, જે બઇરીઓને તેં પલું કરેલું છે, તેઓને હમે તારે શવાધીન કરી છે. તેમજ ઇશ્વરે તને જે લુટ આપો છે તેમાની ગુલામડીઓ જેઓ તારી પાશે છે તેઓને પણ તારે શવાધીન કરી છે, અને તારા કાકાની, તથા મામાની, તથા ફુઇની, તથા માશીની છોકરીઓ જે તારી જોડે મકા શેહેરથી નાહાશી આવીઓ છે તેઓને, તથા બીજી હર કોઈ ઇમાનદાર બઈરીની મરજી હોએ તેને, અગર પેગંમબરની મરજી બઇરી કરવાની હોએ તો, તારે શવાધીન કરી છે. આવો ખાશ અખ્તીઆર બીજા કોઈ ઇમાનદારોને આપો નથી, તનેજ આપો છે." (કુરાન અ૰ ૩૩) લગન કરવા વીશે પેગંમબરને જે મોટી છુટ આપી છે તેને, બીજા મુશલમાનોને જે છુટ આપેલી છે, તેની જોડે શરખાવી જોવી જોઇએ. "તમારી મરજીમાં આવે તેવી બઇરીઓને પરણો, બે, ત્રણ, અથવા ચાર, પણ એથી વધારે નહીં. અને જો તમને એમ જણાએ કે એટલી બધીઓની શાથે વાજબી રીતે વરતાશો નહીં, તો એકજ પરણો." (કુરાન અ૰ ૪.)

એ વેલાએ મહમદનાં ચરીત્ર તથા ગુણ કેવાં હતાં તેનું બઆન મરીઆદા રાખતાં થઈ શકતું નથી. ઉપર જે જે વાતો લખેલી છે તે ઉપરથી વાંચનારને શમજાઆ વના રહું નહીં હશે કે મે-

યુની શુખ વધારવામાં મહમદ પેગંમબરનું ઢોંગ કારણ કેવું હતું. જે દાવો મહમદે કીધો તે દાવાનો નઠારામાં નઠારો ઉપીયોગ એણે કીધો, તેનો એક દાખલો મીશર દેશની ગુલામડી મરીઅમ તેની જોડે મહમદે જે શંભોગ કીધો તેથી માલુમ પડેછે. તેણે ગુલામડીની જોડે આવું અણઘટતું કામ કીધું તે તેની પરણેલી ઓરતોમાંની એકને ખબર પડાથી અથવા તેના જોવામાં આવાથી, તેણે તેને વીશવાશઘાત કરવાને વાશતે ઘણો ઠપકો દીધો. તેઉપરથી તેને શાંત પાડવાને મહમદે શોગંદ ખાઇને, એટલે શુધીતો વચન આપીને કહું કે હવેથી હું કદી એવો અપરાધ કરીશ નહીં. પણ તેના શવભાવની નબલાઇને લીધે આગલના ઠરાવ પ્રમાણે અમલ થઈ શકો નહીં, તેથી પોતાની બેશરમી ચાલ છુપાવવાને ઢોંગ કરીને પ્રગટપણું કાહાડવાની તદબીર શોધી કાહાડી. એ તદબીર જે કાહાડી તે કુરાનનાં પાના પર તથા મહમદની આબરૂ પર મોટામાં મોટો ડાઘ છે. તે પ્રગટપણું કાહાડું તેમાં એવું હતું કે મહમદે પોતાની ઓરતની આગલ જે શોગંદ ખાધા હતા તેના બંધનમાંથી તેનો છુટકારો ઇશ્વરે કરો. તેનું વચન નીચે પ્રમાણે છેઃ "ઓ પેગંમબર, જે કામ કરવાની તને પરમેશ્વરે છુટ આપેલી છે તે કામ તારી ઓરતોને રાજી કરવાને શારૂ તું મને કીધેલું શાવાશતે ગણેછે? પરમેશ્વર માફ કરવાને ઇછેછે, અને તે દયાલુ છે. તારા શોગંદ તોડવાની તને પરમેશ્વરે છુટ આપી છે, અને પરમેશ્વર તારો ધણી છે." (કુરાન અ૦ ૬૬.) એપ્રમાણે પેગંમબરને છુટ આપી છે, એઉપરથી એમ જણાએછે કે જે માણશ શાચી વાત જાહેર કરવાને આવો છે, તે માણશ કશમ ખાઇને જુઠું બોલે તો તેમાં અપરાધ નથી; અને વલી જે કશમ ખાઈને જુઠું બોલેછે,

તે માણશ કેવો કે જે પોતાના શાગીરદોને એવો બોધ કરેછે કે, "જે બંદોબશત તમે ઇશ્વરની જોડે કરો, તે તમારે તોડવો નહીં; અને કશમ ખાધા પછી તમારે તેથી કાંઈ ઉલટું કામ કરવું નહીં; કેમકે તેમાં તમે ઇશ્વરને પોતાનો શાહેદ કરોછો; ખરેખાત જે તમે કરોછો તે ઇશ્વર જાણેછે."

મહમદની આગલની ચાલ તથા પાછલની ચાલ શેહેલથી જુદી જુદી માલુમ પડી આવેછે. આગલની એટલે જે વેલાએ તે પોતાના દેશીઓમાં વજનદાર થવાને મેહનત કરતો હતો, અને ગરીબ હતો, તે વેલાની તેની ચાલમાં તે અંદરથી તો ગમે તેવો હશે પણ બાહારથી નરમ, લોકોના પેટમાં ભરાએ એવો, ગરીબ ઉપર દઆલુ, તથા મોટાઓને તાબેદાર, એવો હતો; અને પાછલની ચાલમાં એટલે જે વેલાએ પોતાનાં ધારેલાં કામો કરવાને તેની પાશે અમલનું જોર આવું તે વેલાએ તેની ચાલમાં તે કેવલ બદલાઈ ગઓ, અને મીજાજી, શખત, તથા દુષ્ટ, એવો થઓ.

મહમદ અશલતો બીજો શઘલો વીચાર એક કોરે મુકીને, મોટાઈ મેલવલાની મતલબ ઉપર નજર રાખીને શઘલું કામ કરતો. જે કામ એણે કરવા ધારૂં હતું તે કામમાં ડાહાપણ, તથા ચોકશાઇનો ઘણો અમલ કરવો પડતો. જે માણશોનાં વખાણ શંપાદન કરવા એવી એની મતલબ હતી તે માણશો એની નકારી ચાલ જોઇને નારાજી ન થાએ, તથા એના દુરાચરણને લીધે એના મનની છુપી મતલબો પ્રશીધ ન થાએ, અને જે ઢોંગનું જાલું એણે વણવા માંડું હતું, તે મજબુત થતાં પેહેલાં ફાટી ન જાએ માટે મહમદે અગરજો પોતાના મનની નઠારી વાશનાઓને બંધ તો નહીં કરો, તોપણ તેને તે વાશનાઓ પ્રમાણે છુપી રીતે અમલ

કરવાની જરૂર પડી. તેથી તેણે પોતાની પેગંમબરી પ્રશીધ કીધી તાર પેહેલાં તથા જાંહાં તે એવું જોતો હતો કે મેં જે કામ કરવા માંડું છે તે પુરૂં મજબુત થઉં નથી, તાંહાં શુધી તેની ચાલ ચલગત, અદબ, તથા મરીઆદા, કાએદા શર હતી. પણ પેગંમબરની આબરૂ મજબુત રીતે સ્થાપન થઈ તથા તેના નામની જડ એવી રીતે મજબુત થઈ કે કોઈ રીતે ઉખેડી શકાએ નહીં, તથા અખતીઆર હાતમાં આવાથી તેનો મોટાઇનો લોભ જરા શાંત થઓ, એટલે તેની ચાલ ચલગત બદલાઈ, અને જે તેની નઠારી ચાલ પર આગલ અટકાવ હતો તે અટકાવ નીકલી જતાં તેના દુરાચરણોને કાંઈ હદ રહી નહીં.

આખરે કામ કરવામાં ડાહાપણ તથા ચોકશાઈની જરૂર રહી નહીં, એટલે તે ગુણોનો પણ એણે ત્યાગ કરો, અને આગલ ઘણીજ શદગુણી ચાલ હતી તે છોડીને ખુલ્લી રીતે છીનાલાનો મોટો અપરાધ કરવા માંડો. એણે પોતાના દેશીઓને જાલ પાથરોને ફશાવા તે એવી રીતે કે તેઓને આ દુનીઆમાં સ્ત્રી શંભોગની મોટી છુટ આપી તથા તેઓને એવું શમજાવું કે જો તમે મારા ધરમમાં આવશો તો તમને બીજી દુનીઆમાં પણ મૈથુની શુખ અપાર મલશે.

મહમદે પોતાની વાતોથી ખેરખાત અરબ લોકોની ચાલ ઘણી શુધારી એમાં આપણથી ના નહીં કેહેવાએ. જે ધરમ એણે સ્થાપો તે ધરમમાં ઘણી ભુલ તથા બેવકુફાઈની વાતો છે ખરી, તોપણ તેમાં ખરા ધરમની કેટલીએક વાતો છે, અને અરબસ્થાનમાં તે વેલાએ જે મુરતી પુજક ધરમ ચાલતો હતો તેનાં કરતાં તો મહમદનો ધરમ ઘણોજ શારો છે. પણ તે ધરમના ફેલાવવા ઉપર તથા તેથી કેવાં ફલો થઆં, તે ઉપર

જારે આપણે વીચાર કરીને જોઇએ,—અને જે શારો નીતીવાલો ધરમ જેનો નાશ કરવાનો ભએ એણે ઉપજાવો હતો, તથા જે ધરમની અશર થવામાં એ ધરમ હજી અટકાવ કરેછે, તેનો વીચાર કરીને જોઇએ; અને લોકોનાં ટોલે ટોલાં હજુ એ ધરમની ભુલમાં પડેલાં છે, એ આપણા મનમાં લાવીએ, તારે મહમદે કેવી ઠગબાજી રચી છે તેનો આપણે તરત પાકો નીશચે કરી શકીએ છઇએ, અને તેમ કરતાં મુશલમાની ધરમ તથા તે ધરમનો કાઢનાર એટલે મહમદ, એ બેઉ જેવા નઠારા છે તેવા તેઓને આપણે દેખીએ છઇએ.

મહમદના લક્ષણ વીશે ઉપર જે અભીપ્રાય આપો છે તેથી તેના હકમાં શારા અભીપ્રાય આપનારા લોકો ખ્રિસ્ટી મુલુકોમાં પણ છે. તે લખનારાઓ કેહેછે કે મહમદ પોતે ખરે ખરૂં માનતો હતો કે મને દુનીઆ પર લોકોનું શારૂં કરવાને ઇશ્વરે મોકલો છે; અને તેઓ એમ પણ માનેછે લોકોનું ભલું કરવાની ઇછાથી તે બધું કરતો હતો. મહમદે આવી મોટી ઠગવાની યોજના કરી હોએ, અને પોતે જીવો તાંહાં શુધી તે ચલાવી હોએ, એ વાત મનાએ એવી નથી, એવું તે લોકો કેહેછે. તે મરતી વખતે એવો શમાધાનમાં તથા સ્વસ્થપણામાં હતો તેનો વીચાર કરો, એવું તે લોક કેહેછે, અને શવાલ કરેછે કે, જે માણશે જાણી જોઇને પોતાની જીંદગી ઢોંગનું કામ કરવામાં કાહાડી છે તે માણશ એવી રીતે મરે એ કેમ થાએ? પણ જે લોકો એવી હરકતો કાડેછે તે લોકો માણશના મનનો એક ગુણ છે તે ગુણ ઇઆદ રાખતા નથી. તે ગુણ પોતાને પોતાથી ઠગાવવા વીશેનો છે. એ ગુણને લીધે જે માણશ બીજાને ઠગવાની મેહેનત કરેછે તે માણશ પોતે પોતાની મેહેનતથી ઠગાએછે. બીજાના વીવેક

બીગાડવાના કામમાં જે માણશ પોતાના દાહાડા કાડેછે તે માણ-શ ઘણું કરીને પોતાના વીવેકને આંધલું કરશે. જે માણશ બી-જાને ઠગેછે તે માણશ પોતે શાચ્ચાઈપર નેગા રાખેછે, એ વીચાર બીલકુલ ખોટો છે. ઠગનાર જે વશતુ ઉપર કામ કરેછે તે વ-શતુનો એક ભાગ પોતાનું મન છે, અને બીજો ભાગ બીજા લો-કોનાં મન છે. ઠગને આરંભમાંજ શાચ્ચાઈ તેની શામે થએલી મલેછે; અને તે જે જે કરેછે તે શાચ્ચાઈની બેપરવા રાખીને ક-રેછે. પણ શાચ્ચાઈની શાથે ખુલી રીતે લડવું એનો માણશનાં મનમાં મોટો કંટાલો છે, માટે ખરાંને ખોટું કરી દેખાડવું, અને ખોટાંને ખરૂં કરી દેખાડવું, એ ઠગનું બીજું કામ છે. બીજાને જે ખરૂં મનાવાની ઇછા છે તે પોતેજ ખરૂં માનવું જોઈએ માટે જે વાતો પોતાની યોજનાથી ઉલટી છે તે વાતોનો વીચાર કરવો તે બંદ કરેછે, અને જે વાતો પોતાની યુક્તીને મલતી છે તે વાતોનો-જ વીચાર રાખેછે. તેથી કરીને બુધી ભ્રષ્ટ થાએ એટલુંજ નહીં પણ મંદ થઇ જાએછે. મહમદ મોટાઇની ઇછાથી નવો ધરમ સ્થાપવાને પેહેલાં એવો હોંશીલો થએલો હતો, અને પછી ધીમે ધીમે પોતાના ડાહાપણની તકરારોને એવો બંદ કરતો ગએો, એ વાત કેમ થઇ તે ઉપલો ધારો શમજા ઉપરથી શેહેજ રીતે શમજા-માં આવેછે.

મહમદના ગુણ વીશે જે અભીપ્રાય ઉપર લખ્યો છે તેના આ-ધારમાં બનેલી વાતો છે. તેમાં એક મોટી વાત એવી છે કે ઘણીએક વાતોને ખોટી જાણીને તે ખરી કરી દેખાડતો, અને માણશોને કેટલીએક વાતો આપી કે જાણે ઇસ્વરની આપેલી છે, પણ તેને પકું માલુમ હતું કે ઇસ્વરે તે વાતો આપી નોહતી. પોતાના મનની થએલી શુચનાને ભુલથી પરમેશવરથી થએલી

કરીને માણશ કેમ માની લેછે એ વાત હમારી અકલમાં આવે, પણ આકાશમાંથી ફીરસ્તાઓ પોતાની મુલાકાત કરવાને આએવા, તેઓ શાકાર તથા શજીવ તથા બોલતા તથા ચાલતા તથા અડકાએ એવા હતા, તેઓની શાથે પોતે ઘણી વાતચીત કીધી, અને તે ફકત એક વારજ કીધી એમ નહીં, પણ ૨૩ વર્ષ શુધી શેંકડો વાર કીધી, એવી વાત માનવાની મોટી ભુલ મહમદથી થઈ હોએ એમ કોઈ માણશ કેહે તો તે મહમદને તથા પોતાને ઈનિશાનીઅતપણાથી દુર કરેછે.

માણશને પોતાની ફરજનો ઠરાવ કરવામાં જે તેનેજ ઘટતું અણઘટતું લાગેછે તેટલાથીજ કંઈ ચાલતું નથી, એ વાત જાંહાં શુધી શઘલાનાં મનમાં ઉતરી નથી તાંહાં શુધી મહમદ પેગંમબર વીશેનાં લોકોનાં મતોમાં જેવો ભેદ પડતો આએવો છે તેવોજ હમેશાં પડા કરશે. પોતાની ફરજ વીશે ઠરાવ કરવાનો હોએ તારે માણશે જે બોધ પોતે પશંદ કરી લીધો છે તેણે નહીં કરવો, પણ ઈશવરે જે બોધ આપેલો છે તેણે કરવો જોઈએ. પોતાના મનને શુધારવું, અને ઈશ્વરના વચન પ્રમાણે તે બોલો એવું કરવા શારૂ ઈશ્વરના શાસ્ત્રને તપાશીને શમજવું, એ માણશમાત્રનો ધરમ છે. માણશ જાતીનું જેઓને ગનાન છે તે શઘલા આ વાત જલદીથી કબુલ કરશે કે જે વાતમાં પોતાને લાભ છે તે વાત ઉપરથી શું ફરજ છે, એ વાતનો ઠરાવ ઘણા લોકો કરેછે. કોઈએક મીલકત ઉપર એક માણશ દાવો કરેછે, અને તેનો દાવો ખોટો છે, તો તે વાત જે માણશને તે મીલકત શાથે કંઈ લેવું દેવું નથી, તે માણશને શાબીત કરી આપવા કરતાં દાવા કરનારને શાબીત કરી આપવામાં ઘણી વધારે શાબીતીઓ જોઈએછે. જે માણશનું મન, મોટાઈની ઈછાથી ભરાઈ ગએલું

છે, તે માણશ પોતાની વાતોને શારૂ કારણો બતાવી શકેચ, પણ તે વાતો એવી હોએચ કે જે વેલા મોટાઇની ઈછા તેનામાં કમજોર હોએ તે વેલા તે તેનો કંટાલો કરતો હોએ. ગરજાઉપણું, મનનો વીકાર, અથવા ગફલત, એણે કરીને માણશોની શારૂં માઠું પારખવાની બુધી જો હલકી થવા દીધી, અને તે હલકી થએલી બુધી પ્રમાણે તેઓના કામનો બચાવ પણ થવા દીધો તો પછી કોઈના ગુણ દોશ વીશે, જોવાની ગરજ રેહેતી નથી.

મહમદ કંઈ એકલોજ મોટો પાપી હતો એવો હમારો વીચાર નથી. તેની ઉપર ઠગપણાનું તોહોમત લાગેછે; પણ ઠગપણું એ કાંઈ થોડા લોકોમાં અને એકાદી વેલા બને એવું પાપ છે, એમ હમે શમજતા નથી. એવાતો ઘણા મહમદ છે; પોતાનું બોલવું તે ઈશવરજ બોલો હોએ એવું માની લેવાને તેઓ ઘણા ખુશી છે, અને જે માણશો તેની આગના પ્રમાણે ચાલવાને રાજી છે, તેઓને શારૂ ઈશ્વરને નામે ધારા કરી આપવાને તઈઆર પણ છે. એ ખરેખાત મોટું પાપ છે ખરૂં; નહીં બઆન થાએ એવી હીંમતનું, પણ તે ઘણી વાર થાએછે.

અધ્યા ૫.

મહમદના ધરમ વીશે.

જો મહમદના ધરમ મતનું થોડું એક બખ્યાન નહીં કરીએ તો તેની તવારીખ અધુરી રેહે એટલુંજ નહીં, પણ તેની પુરી શમજ પણ પડશે નહીં. એ મતોનો તેણે ઘણી હોંશાથી તથા શબ્દ ચાતુરીથી ઉપદેશ કરો; એ શીવાએ તેવીશ વર્ષશુધી તેણે એ મતોનું જે કીતાબમાં બખ્યાન કીધું હતું તે કીતાબ કકડે કકડે બાહાર પાડતી ગઓ. એ કીતાબને કુરાન કેહેછે; એ અરબી શબ્દ છે. અને તેનો જે અરથ "વાચન" તે જેવો આખી કીતાબને લાગેછે તેવોજ તેમાંના હરેક ભાગને પણ લાગેછે.

એ કીતાબમાં એક શો ચઉદ શુરા, એટલે અધ્યા છે. કેટલાએક અધ્યામાં તો ત્રણ ચાર વચનજ છે, અને કેટલાએકોમાં ત્રણશો શુધી વચનો છે; એટલે શઘલા અધ્યા શરખી લંબાઈના નથી. મુશલમાન લોક કુરાનનું એટલું માન રાખેછે કે તેઓ હાથ પગ વગેરે ધોઆ વના તેને અડકતા નથી. તેમાંના વચનો તેઓ પોતાની નીશાંનો પર તથા મશજીદની ભીંતો પર લખેછે; અને તેની નકલોને શુના રૂપાની પેટીઓમાં ઘાલીને તેને માદલીઆં અથવા તાવીજની પેઠે લઈને ફરેછે. ખલીફાઓએ તો કુરાનને જવાહેરથી શનગારૂં હતું, અને તુર્કી લોકોના પાદશા પણ હજુ તેમજ કરતા આએવા છે. એરપેનીઅશ તથા ગોલીઅશ એ નામના ઈઉરોપ ખંડમાંના અરબી ઇલમના જાણનારાઓએ વખતે વખત કુરાનના ભાગો છાપા હતા; અને આ-

ખું કુરાન પણ વારેવાર છપાએલું છે. શન ૧૮૩૪ ના વર્ષમાં લીપશીક શેહેરમાં તેની એક ખુબશુરત આવૃતી છપાઈ હતી. મુશલમાન લોકોને શારૂ કુરાનના અરબી ભાષામાંથી ફારશી, તુર્કી, જાવાન, તથા માલાઈ, એ ભાષાઓમાં તરજુમાં થએલા છે; અને ખ્રિસ્ટી ધરમનાં કાબીલ માણશોને શારૂ લાતીન તથા યુરોપ ખંડમાંની હાલની શઘલી ભાષાઓમાં તેના તરજુમા થએલા છે.

એ કીતાબ ઘણી ભારી છે, એ વાત આ ઉપરથી શમજાએછે કે તેમાં ધરમનીજ વાતો લખેલી છે એમ નહીં, પણ મુશલમાન લોકોના દેશમાંના શઘલા દીવાની તથા ફોજદારી કાએદાઓનો મુલ પાઓ એ કીતાબ છે.

કુરાન શીવાએ મુશલમાન લોકો પાશે ઘણીએક ચાલી આવેલી વાતો છે; ને તે વાતો મહમદની કહેલી છે એવું તેઓ માનેછે. તેને તેઓ શોનના અથવા રીત કરીને કેહેછે. એ ઉતરી આવેલી વાતોને માનીને જે લોકો ચાલેછે તેઓને શુનની કરીને કેહેછે; અને તેના શાંમાવાલાઓને શીહા કરીને કેહેછે. કુરાનમાં ધરમની જે વાત લખેલી છે તે કોઇ બરોબર શીખવતા નથી.

તને ઈશવરે મોકલેલો છે, એ વાતની શાબેતીમાં તું ચમતકાર કરી દેખાડ, એવું જારે લોકોએ મહમદને કેહેવા માંડું તારે તેણે કુરાન આગલ કરૂં. તોપણ કુરાનમાં કોઇ કોઈ વાર ઉલટી ઉલટી વાતો આવેછે. આગલના હુકમને રદ કરવાને શારૂ પાછલથી જુદા હુકમો કાહાડા છે એવું કહીને તે ઉલટી વાતોનું મુશલમાન લોકો શમાધાન કરવા જાએછે. ચમતકાર બતાવવા વીશે મહમદ પોતે એટલો ખબરદાર રેહેતો હતો, પણ તેના પછી તેના શાગીરદોએ એ બાબત દાનાઈ ન દેખાડી. તેણે ઘણાએક

ચમતકારો કીધા, એવું મુશલમાન લોક માનેછે; એ લોકો કેહેછે કે તેના હાથમાં રેતી ગાએણ કરતી હતી; તરેહ તરેહના જાનવરો તેની શાથે વાતો કરતાં હતાં; તેની આંગલીઓની વચેથી પાંણીનો ઝરો નીકલો; અને તેના હુકમથી ચંદરમા આકાશમાંથી કુદકો મારીને કાબા મંદીરની આશપાશ શાત વાર ફરો; અને પછી તે મંદીરનાં ઉંચા ભાગ ઉપર બેશીને જે ભાષાથી તથા જે રીતે તેના શાગીરદો બોલતા હતા તે પ્રમાણે તે મહમદની શાથે બોલીને તેની જમણી બાહેમાંથી પેઠો અને ડાબી બાહેથી પાછો નીકલો, અને તેના શઘલા પોશાકમાં ફરી વલો, એટલે તેના બે ભાગ થઈ ગઓ પછી, હવામાં થઈને ઉંચે ચહડતાં તેનો આગલના જેવો આકાર થઇ ગએો.

આખું કુરાન આકાશ મધે એક કીતાબમાં લખી મેહેલેલું છે, પણ જેમ જેમ ગરજ પડતી ગઈ તેમ તેમ જબ્રીએલ દુતે કકડો કકડો લાવીને મને આપું, એવું મહમદ કેહેતો હતો. એ કકડા કકડા મહમદના શાગીરદોએ મોહોડે કરી રાખ્યા, અથવા નહીં તો તેને તાડપત્ર ઉપર અથવા જાનવરોના ચામડાં ઉપર લખી મુકા હતા. એવા થોડાએક લેખ મહમદે પોતાની એક ઓરતને શોંપેલા હતા. તે એકઠા કરીને મહમદની પછી અબુ-બકર ખલીફ થએો તેણે તેની એક કીતાબ બાંધી.

થોડાંએક વર્ષ પછી ઓથમાન નામનો તીજો ખલીફ થએો તેણે શઘલી નકલો મંગાવીને બાલી નાંખી, અને એક નવી કીતાબ કરી, તેજ હાલનું કુરાન છે. હર એક અધ્યાના જુદાં જુદાં નામો છે, જેવાં કે ગાએ, ઇમરામનું કુટંબ, બઈરીઓ, તારો, મેજ, કીલો, લુટ, રાતની મુશાફરી, હજ, કવીઓ, ચંદ્ર, રોશની વગેરે.

હરએક અધ્યાને મથાલે જે જે ગામમાં તે લખાએો હોએ તે.

નું નામ લખેલું છે, એટલે, "મકામાં પ્રગટ થએલો" અથવા, "મદીનામાં પ્રગટ થએલો," એવું લખેલું છે. નવમા અધ્યા શીવાએ બધા અધ્યાઓને આરંભે, "બીશમીલા અલ રેહેમાન અલ રહીમ," એટલે મોટા દઆલુ પરમેશવરને નામે, એવું લખેલું હોએછે. કુરાનની ભાષા ઘણી જુની તથા ઉંચી અરબી ભાષા છે અને મકા શેહેરમાં તે શીખવેઆમાં આવેછે. કુરાન નશાર એટલે શાદી ઈબારતમાં લખેલું છે, પણ કવીતામાં લખ્યું હોએ તે પ્રમાણે તેને ઢાલ કાહાડીને વાંચેછે. એરપીનીઅશ નામના શખશે અરબી ભાષાનું વેઆકરણ કરેલું છે, તેના શાધણુમાં ગોલીઅશ નામના વીદ્વાન માણશે કુરાનની મતલબ વીશે આગલ લખેલો અભીપ્રાય આપેલો છે. "કુરાનની મતલબ એવી દેખાએછે કે અરબસ્થાનના વસ્તી દેશમાં તે વેલાએ ત્રણ ધરમો ચાલતા હતા, તે ધરમોના માનનારાઓને એક અનંત તથા નીરાકાર ઈશવરની વાત શમજાવીને તથા તેઓને ભકતી મારગ શમજાવીને એકઠા કરી દેવા. તેમાંના ઘણાએક મુરતી પુજક હતા, ને બાકીના ઈહુદી તથા ખ્રિસ્ટી હતા. તેઓને જુની તથા કંઈએક નવી વીધી તથા ધારા તથા ક્રીઆઓ કાહાડી આપવી, અને આ લોકમાં તથા પરલોકમાં એ રીતે તમે ચાલશો તો શાઈ ફલ મલશે, ને નહીં ચાલશો તો દંડ થશે, એવું બતાવીને તેઓને તે પ્રમાણે ચલાવવા. અને તે શઉને મહમદ જે ઈશવરનો પેગંમબર તથા એલચી તેના અધીકાર તલે લાવવા. આગલા જમાનાઓની વારેવાર થએલી શીખામણો, વચનો, ધમકીઓ, પછે આખરે દુનીઆ પર ઈશવરનો ધરમ તલવારના જોરથી મહમદે સ્થાપવો તથા વધારવો, અને ધરમ શંબંધી શઘલી વાતમાં ઉપરી તથા રાજ શંબંધી શઘલી વાતમાં પાદશા.

એવો શઉ પાશો મહમદને ગણાવવો, એજ કુરાનની મુખી મતલબ દેખાએછે."

કુરાન એ નહીં ભણેલા માણશના હાથથી લખાએલું છતાં તેની ઈબારતની બાંધણી ઘણી સુંદર છે તે ઉપરથી તે ઈશવરનું આપેલું છે એવું શાબીત થાએછે એમ મહમદ કેહેતો હતો.

બીજા દેશના માણશો જેઓને કુરાનની મુલ ભાષા આવડતી નથી, અને જેઓ બીજી ભાષામાં તેનો તરજુમો કરેલો વાંચેછે, તેઓએ કુરાનની ઈબારતની ખુબી શમજવી ઘણી મુશકેલ છે. એ બાબત કુરાનનેજ લાગેછે એવું નથી, બીજી શઘલી કીતાબોના તરજુમામાં અશલની ખુબી આવી શકતી નથી. કુરાનની બાંધણી શારી, વીચાર ઉંચા, તેમાં શમજાવેલી નીતી શુધ, અને વખતે વખતે મોટી કલપના, એ શઘલાંને લીધે તે નામીચી કીતાબ છે, એવું વાજબી કીતાબ લખનારાઓએ કબુલ કરે છે. પણ તેમાંની વાતો નવી અને અશલી છે એવું તેઓ કબુલ કરતા નથી. તેમાંની કેટલીએક વાતો ઇહુદી તથા ખ્રિસ્ટી શાસ્ત્રોમાંથી, તથા કેટલીએક તાલમુદ તથા રાબીની શંપ્રદાએમાંથી, કેટલીએક કલપના કરેલાં શુભવરતમાનમાંથી, અને કેટલીએક અરબસ્થાનમાં કાહાનીઓ તે વેલાએ ચાલતી હતી તેમાંથી, કાહાડી લીધેલી છે, એવું તે કીતાબ લખનારાઓએ શોધી કાહાડેલું છે. હીબરી તથા ખ્રિસ્ટી શાસ્ત્રોની આગલ પ્રૌઢતામાં કુરાન કંઈજ નથી. તે શાસ્ત્રોમાં જે વાત લખેલી છે તેના કરતાં કુરાનમાં કંઈજ વધારે નથી. પણ તે વાતોને ઉલટી તેમાં ઘણીએક વાતો છે. નવા બંદોબસ્તમાં જે બનેલી વાતો લખીછે તેનું અશલના પાખંડી લોકોએ જે મુરખાઈ ભરેલું બયાન કરેલું છે તે કુરાનમાં લીધેલું છે. કુરાનમાંજ વારે વાર ઉલટી

ઉલટી વાતો આવેછે. ઇઉરોપીઅન વીદ્વાનોનું એવું મત છે. અરબ લોકોને કુરાન એટલું શા ઉપરથી વાહાલું થઉ એના કારણો આ પ્રમાણે જણાએછે. તે લોકો પોતાની ભાષાને ઘણી મોટી અને ખુબી ભરેલી શમજીને હમેશાં અભીમાન રાખેછે. તે લોકો કદી વીદ્વાન થઆ હતા નહીં; બીજા લોકોની વીદાનો તેઓમાં પ્રવેશ થએલો નથી; તેઓના બાપદાદાઓએ કુરાન તલવારની ધારથી કબુલ કરેલું છે; અને તે લોકો ઘણા કાલથી એ કીતાબને માનતા આએવા છે, એ શઘલી વાતનો વીચાર કરતાં એ કીતાબનું તેઓ એવું માન રાખેછે તેમાં હમને કાંઈ નવાઈ જેવું લાગતું નથી.

જે આયા મકામાં પ્રગટ થએલા છે તેમાં જુલમ કરવો એવો વીચાર બતાએવો નથી, પણ મહમદ પોતાનો બચાવ કરવાને તથા પોતાના દુશમનો પર હુમલા કરવાને જોરાવર થઓ તાર પછી તેણે જે આયાઓ મદીના શેહેરમાં પ્રગટ કીધા તેઓમાં કાફર લોકોની શાંમા લડાઈ કરવી એવું ઘણાજ ઝુશાથી લખેલું છે. જોરાવર થઆ પછી મહમદે એવો ઉપદેશ કીધો કે, "તલવાર આકાશની તથા નરકની કુંચી છે. એક ટીપું લોહીનું ઈશ્વરના કામમાં પડવા દેવું, એક રાત હથીઆરબંદ રેહેવું, એ બે મહીના શુધી રોજા પાલવા તથા નીમાજ ભણવા કરતાં વધારે ગુણકારક છે; જે કોઈ લડાઈમાં મરી જાએછે તેનાં પાપ માફ થાએછે; કેઆમતને દાહાડે તેના જખમ હીંગલોકના જેવા ચકચકીત તથા કસ્તુરીના જેવા ખુશબોદાર થશે, અને તેના શરીરના ભાગો જે ગઆ હશે તેની જગો પર ફીરસ્તાઓની પાંખ લગાડેઆમાં આવશે."

બનેલી વાતોના બઆનમાં કુરાન જુના કરાર શાથે નીચે લ-

એલી તવારીખના આખ્યામાં મલતું આવેછે, એટલે જગતની પેદાએશ; આદમનું પાપી થવું; શઘલી દુનીઆ ઉપર રેલ આવી હતી તે; તે વેલાએ નુહ પોતાનું કુટંબ લઇને વાહાણમાં ગઆથી બચો તે; ઈબ્રાહીમનું બોલાવવું; ઈશાહક તથા ઇશમાઇલની કથા; ઈઆકોબ તથા બાર પુરવજ; ઈહુદી લોકનું ઇશવરના પશંદ કરેલા થવું; મુશાનું પેગંમબરપણું, તેના ચમતકાર, તથા તેનો અધીકાર; હીબરૂ તવારીખ કરનારા, ભવીશ કેહેનારા, તથા ભજનના ગીતો બનાવનારા, ઘણું કરીને દાઉદ તથા સુલીમાન એઓના પુશતકો ઇશવરના પ્રેરણેનેથી થઆં તે વીશે; અને છેલું મશીહાના આવવા વીશેનું વચન અને તે વીશેની બીજી ઘણીએક ભવીશ વાતો કુરાનમાં લખેલી છે તે જુના કરારની શાથે મલતી આવેછે.

તેમજ નવા કરારની શાથે પણ કુરાનમાંની ઘણીએક વાતો મલતી આવેછે; તે નીચે પ્રમાણે છે; ઇશુ ખ્રિસ્ટ તે ઇહુદી લોકોને વચન આપેલો મશીહા; ચમતકારી રીતે ઇશવરના આતમાથી તેનો ઘરભ રેહેવો; કુંવારી મરીએમને પેટે તેનો દોશ રહીત જનમ; લોગાશ એટલે દેવનો શબદ એવો તેનો ખીતાબ; તેની આગલ આવેલો જખારીઆનો છોકરો બાપતીશમાં આપનારો ઈઓહાન, તેનો ચમતકારીક રીતે જનમ થવો; ઇશુના ઘણાએક ચમતકારો કરવા, એટલે રોગીઓને નીરોગી કરવા, મુએલાઓને પાછા જીવતા કરવા, તથા ભુતો ઉપર હુકમ કરીને તેઓને લોકોના દીલમાંથી કાહાડવા, તેનાજ દેશી લોકોએ તેનો ધીકાર કરવો તથા તેને દુખ દેવું; તેના ઉપર મરણથંભે ચહડીને મરવાનો દંડ ઠેરવવો, તેનું દેહે શહીત આકાશમાં જવું; તાંહાંનું તેનું કામ, એટલે દેવ તથા માણશની વચે મધ્યસ્થપણું કરવું,

અને ઈનશાફને દાહાડે શઘલાં માણશોનો ઈનશાફ કરવો; એ શઘલા વીશે કુરાનમાં લખેલું છે. તોપણ કેટલાએક અશલના ઢોંગીઓના કેહેવા પ્રમાણે તારનારને મરણસ્થંભ ઉપર ચહડાવીને મારી નાંખેખો, એ વાતનો મહમદે પણ ઈનકાર કરો તે નીચેના વચનો ઉપરથી માલુમ પડેછે; "તેઓએ ઈશુ પર વીશવાશ રાખેખા નથી, અને મરીઅમના ઉપર તેઓએ જુઠું બોહોતાનું મેહેલું, અને ઈશુ ખ્રિસ્ટ મરીઅમનો છોકરો જેને ઈશવરે મોકલેલો હતો તેને હમે મારી નાંખેખા એવું તેઓ બોલા, પણ કોઈએ તેને મારી નાંખેખા નથી. અને મરણથંભ ઉપર ચહડાએવો નથી, જે ચહડો તે તેને વેશે બીજો હતો. તેઓએ ખરેખરૂં જોતાં તેને કંઈ મારો નથી; પણ ઈશવરે તેને પોતાની પાશે ઉંચકી લીધો; અને ઈશવર જોરાવર અને ડાહો છે." "અને ઈહુદી લોકોએ તેની શાથે તરકટ કીધી, પણ ઈશવરે તેઓની જોડે તરકટ કીધી; અને ઈશવર તરકટ કરવામાં શઉથી હુશીઆર છે." ઈશવરે જે તરકટ કીધી એવું મુશલમાન લોકો કેહેછે તે એ છે કે તેણે ઈશુને આકાશમાં ઉંચકી લીધો અને તેના જેવું રૂપ એક બીજા માણશનું કીધું તે પકડાઓ અને તેને ઈશુને બદલે મરણથંભે ચહડાએવો. મુશલમાન લોકોમાં એવી વાત ચાલી આવી છે કે એવી બેઆબરૂને મોતે જેનું મરવું થઉં તે ઈશુ પોતે નહીં હતો પણ બીજો કોઈ તેના શરખા રૂપવાલો માણશ હતો.

કુરાનમાંની જે ઘણીએક વાતો ખ્રિસ્ટી શાસ્ત્રની વાતો શાથે મલતી આવેછે તેમ જુઠી કાહાણીઓ, અણઘટતી ગપો, અને નાદાંનીની હશી કાહાડવા જેવી વાતો, અંદર વધારેલી છે. તેનું કારણ એવું હશે કે જારે ખ્રિસ્ટી શાસ્ત્રમાંની ખરી વાતો લીધી

તારે તેની જોડે તાલમુદી તથા રબીની કીતાબ કરનારાઓની વાતોમાંથી પણ કેટલીએક તથા કેટલાએક નીરાધાર શુભવર્તમાનો અથવા આદમની, શેથની, હનોખની, નુહની તથા બીજી એવી બનાવટની કીતાબોમાંથી કલપીત વાતો પણ લીધી છે. એ બનાવટની કીતાબો શને ઈશવીના પેહેલવેલા શઈકાઓમાં પાખંડી લોકોમાં ઘણી મનાતી હતી, એવું ખ્રિસ્ટી મંડલીની તવારીખમાં શારી પેઠે જણાવેલું છે.

જુના કરારમાંની મશહુર વાતો જે કુરાનમાં નજર આવેછે તેમાંની નમુના દાખલ એક બે હંઈઆં લખી જણાએવાથી કંઈ નુકશાન નથી.

"હમારા દુતો પણ આગલ શારા શમાચાર લઈને ઈબ્રાહીમ પાશે આએવા. તેઓએ કહું શલામ; તેણે જવાબ દીધો તમને શલામ. પછી તે જલદીથી એક ભુંજેલો વાછરડો લઈ આએવો, અને તેની બઇરી શેરા નામની તાંહાં ઉભી હતી તે હશી; અને હમે તેને ઈશાહક વીશે તથા પછી ઈઆકોબ વીશે ખુશીનું વચન આએપું. તે બોલી અરરે! હું ઘરડી અને આ મારો વર પણ ઘરડો છે, તો હવે હમને છોકરો શી રીતે થશે? એ તો તાજુબની વાત છે. તે દુતોએ જવાબ દઈને કહું, "શું ઈશવરના હુકમથી જે થશે તેથી તું તાજુબ થાએછે? તમારા ઉપર ઈશવરની દઆ અને આશીરવાદ થાઓ." અને જારે ઈબ્રાહીમનો ભએ ગઓ અને તેને ઈશાહક વીશે ખુશીની ખબર આવી તારે તે લોટના લોકો વીશે હમારી શાથે વાદ કરવા લાગો. ખરેખાત ઈબ્રાહીમ દઆ ઉપજે એવો કુમલાં મનનો અને ભકતીવાન માણશ હતો. તે દુતોએ તેને કહું, "અરે ઈબ્રાહીમ આ તું છોડી દે; કેમકે હવે તારા પ્રભુનો હુકમ આવી પોંચો છે અને તેઓ-

ના ઉપર નહીં છુટે એવો દંડ થવાની તઇઆરીમાં છે." અને જારે હમારા દુત લોટ પાશે આએવા તારે તે તેઓના આવવાથી દુખી થઓ અને ઘણો ઘભરાઓ અને એવું બોલે કે આજનો દાહાડો ઘણો કઠણ છે. અને તેના લોકો તેની ઉપર જુશાથી દોડી આએવા. તેઓએ આગલ દુષ્ટપણું કીધું હતું. લોટે તેઓને કહું હે મારા લોકો આ મારી છોકરીઓ છે તે તમારે વાસ્તે વધારે લાએક છે તેટલા શારૂ ઈશવરથી બીહો અને મારા પહરોણાઓને દુખ દઈને મને બેઆબરૂ ન કરો. શું તમારામાં એક માણશ પણ ડાહો રહો નથી? તેઓએ જવાબ દીધો કે તું જાણેચ કે હમારે તારી છોકરીઓની કંઇ ગરજ નથી અને હમારે શું જોઈએચ તે પણ તને માલુમ છે. તેણે કહું જો તમારી શાંમા થવાનું મારામાં બલ હોત અથવા કોઇ મજબુત મદદ કરનાર મને મલત તો હું બેશક તેમ કરતે. દુતો જે પહરોણા હતા તે બોલા હે લોટ, હમે તારા પ્રભુના દુત છઇએ. તેઓથી કદી તારી પાશે અવાવાનું નથી. માટે તું રાતરે તારા શઘલા કુટંબને લઇને નીકલી જા અને તમારામાંથી કોઇએ પાછું ફરીને જોવું નહીં. પણ જે તેઓના પર થશે તે તારી બઇરી ઉપર પણ થશે. તેઓનો નાશ થવાનો વખત આવતી શાહવારનો છે."

"અને ઈબ્રાહીમ બોલો, હું મારા પ્રભુ પાશે જાઉંછઉં તે મને રશતો બતાવશે. હે પ્રભુ, મને એક નીતીમાન છોકરો આપ. પછી હમે તેને ખુશીની ખબર કહી કે તને ઘણો રાંક છોકરો થશે. અને જારે તે છોકરો મોટો થઓ અને ધરમના કામમાં તેને મદદ કરવા લાગો તારે ઈબ્રાહીમે તેને કહું, મારા છોકરા મેં રાત્રે હુંઘમાં એવું દીઠું કે મારે તને બલીદાનમાં મેલવો જોઈએ, વાસ્તે હવે તારો વીચાર શું છે? મારે શું કરવું? તેણે જવાબ દીધો, અરે બાપ,

તને જે કરવાનો હુકમ થએલો હોએ તે તું કરઃ જો ઈશવરની મ-રજી છે તો તું મને ધીરજવાન દેખશે. જારે તેઓ ઈશવરના હુ-કમને તાબે થઆ અને ઈબ્રાહીમે પોતાના છોકરાને જમીન પર ઉંધો સુવાડો તારે હમે તેને બુમ પાડીને કહું કે, "ઓ ઈબ્રાહીમ, તેં તારૂં સ્વપનું ખરૂં કરી દેખાડું છે. એમ હમે નીતીવાનોને ફલ આપીએછઈએ, ખરેખાત આ પ્રસીધ તપાશ હતી. અને તેને બદલે બીજું બલીદાન આપીને હમે તે છોકરાને છોડવો."

નવા બંદોબશતમાંની તવારીખની વાતોની શાથે કુરાનમાંની વાતો કેહેવી મલતી આવેછે એ આ નીચેલખેલા વચનો ઉપરથી શમજામાં આવશે.

"જખારીઆએ પોતાના પરભુની પ્રાર્થના કરી અને કહું, હે પ્રભુ, મને તું શારો છોકરો આપ, કેમકે તું પ્રાર્થના શાંભલનારો છે. અને તે પોતાના ઓરડામાં પ્રાર્થના કરતો ઉભો હતો, એટલામાં ફીરસ્તાઓએ તેને બોલાવીને કહું કે, પરમેશવર તને વચન આપે-છે કે ઈઓહાન નામનો તને એક છોકરો થશે. પરમેશવર પાશે-થી આવનાર શબદની શાખશી તે આપશે. તે આબરૂદાર, તથા પવીત્ર થશે, અને નીતીમાન પેગંમબરોમાં તે ગણાશે. તેણે જવાબ દીધો, હે પ્રભુ, મને છોકરો કેમ થશે? કેમકે હું ઘરડો થ-ઓ છઉં, અને મારી બઐરી વાંઝણી છે. ફીરસ્તાએ જવાબ દીધો કે, પરમેશવર જે ચાહેછે તે કરેછે. જખરીઓ બોલો, પ્રભુ, મને કંઈ નીશાણી આપ. ફીરસ્તાએ કહું કે, નીશા-ણી એ કે ત્રણ દાહાડા શુધી તારાથી કોઈ શાથે બોલાશે નહીં, ફકત ચાશા કરીને તારા વીચાર તું બીજાઓને શમજાવશે. અને ફીરસ્તા બોલા, હે મરીઅમ, ઈશવરે તને પશંદ અને પવીત્ર કરી છે, અને દુનીઆ પરની શઘલી બઈરીઓમાંથી તને વીણી કા-

હાડેલી છે. પછી ફીરસ્તાઓ બોલા, "હે મરીએમ, પરમેશવર તને શારા શમાચાર મોકલેછે કે, તેનાથી નીકલનાર શબ્દને તું જનમ આપશે. તેનું નામ ઈશુ ખ્રિસ્ટ મરીઅમનો છોકરો એવું થશે. તે આ લોકમાં તથા પરલોકમાં નામદાર થશે, અને ઈશવરની હજુરમાં જનારો થશે." એવું ફીરસ્તાઓએ કહું; પછી મરીઅમે જવાબ દઈને કહું, "હે પ્રભુ મને કોઈ પુરૂષની શાથે શંબંધ થઓ નથી તો મને છોકરો કેમ થશે?" પછી ફીરસ્તાએ ઉતર આપો કે ઈશવર પોતાની મરજીમાં જે આવેછે તે પેદા કરેછે, જારે તે કંઈ કામનો હુકમ કરેછે તારે "થાઓ" એવું કેહેતા તે તરત થાએછે. ઈશવર તેને શાસ્ત્ર, ડાહપણની વાત, તોરેત, ઈનજીલ તે શઘલું શીખવશે, અને ઈશરાઈલના છોકરાંઓમાં તેને રશુલ કરીને મોકલશે."

જુના નવા કરારની એવી વાતોજ કુરાનની શાથે મલતી આવેછે એવું નથી, પણ ખ્રિસ્ટી શાસ્ત્રમાંના મતો, દાખલાઓ, અને ઈબારતની બાંધણી પણ થોડી ઘણી મલતી નજર આવેછે. કુરાન ઈહુદી તથા ખ્રિસ્ટી શાસ્ત્રની બનાવટની નકલ છે એવું ઘણું કરીને લાગેછે. ખ્રિસ્ટી શાસ્ત્રમાંથી એટલી વાતો ચોરી લઈને કુરાન બનાવેલું છે એ વાત જે માણશે તે બનને પુશતકોમાં શું શું મલતું આવેછે એ બાબતની પકી રીતે મન દઈને તપાશ કરી નથી તે માણશની શમજમાં આવી શકે એવી નથી, તોપણ ખ્રિસ્ટી શાસ્ત્ર તથા કુરાન એઓમાં જે એક શરખી હજારો વાતો જોઆમાં આવેછે તેમાંની આ આગલ લખેલી નમુના દાખલ છે, તે જોઆ ઉપરથી જુના તથા નવા કરારમાંથી વાતો ચોરી લઈને કુરાન બનાવેલું છે, એ વાતની કોઈને ભ્રાંતી રેહેશે નહીં.

ખ્રિસ્ટી શાસ્ત્ર.	કુરાન.
શાવધ રહો કે લોકોને દેખાડવા શારૂ તમે દાંન ન કરો નહીં તો તમારા આકાશમાંના બાપ પાશેથી તમને કંઈ ફલ મલશે નહીં.	ધીકાર અથવા નુકશાન કરવાથી તમે પોતાનું દાંન નીશફલ કરો નહીં, જે પ્રમાણે લોકોને દેખાડવા શારૂ જે માણશ પોતાની પાશેનું દાંન ધરમમાં ખરચેછે તેમ.
ઈશુ જે નાજારેથ ગામનો તેના હાથથી ઈશ્વરે ચમતકારો તથા અજબ શરખાં કાંમો તથા નીશાણીઓ તમ લોકોમાં કરાવી, તે દેવનો પશંદ કરેલો માણશ હતો.	ઈશુ જે મરીએમનો છોકરો તેને હમે પ્રશીધ નીશાણીઓ આપી, અને પવીત્ર આતમાથી તેને શબલ કીધો.
જીવને બદલે જીવ આપજે, દાંતને બદલે દાંત, પગને બદલે પગ, બાલવાને બદલે બાલવું, જખમને બદલે જખમ અને ફટકાને બદલે ફટકા.	તે મધે હમે તેઓને હુકમ કીધા કે તેઓએ જીવને બદલે જીવ, આંખને બદલે આંખ, નાકને બદલે નાક, દાંતને બદલે દાંત આપવા, અને જે જખમ લગાડેછે તેને જખમ લગે એવી શીખશા કરવી.
૫ તેઓની બુધી જડ થઈ હતી કેમકે જુનો કરાર વાંચવમાં તેજ પડદો આજ શુધી એમનો એમ રહેલો છે, પણ આજ શુધી જારે મુશાનું શા-	જારે તું કુરાન વાંચેછે તારે કેટલાએક માણશો તે શાંભલે છે, પણ હમે તેઓના અંતકરણ ઉપર પડદો નાંખેલો છે કે તેઓ શમજે નહીં, અને તે-

ખ્રિસ્ટી શાસ્ત્ર.	કુરાન.
સ્ત્ર વંચાએછે તારે પણ પડદો તેઓના અંતકરણ ઉપર રહેલો છે.	ઓના કાનને બેહેરા કીધેલા છે.
તારે તેઓએ તેને કહું, તું હમને શું નીશાણી બતાવેછે કે તે જોઈને હમે તારા ઉપર વીશવાશ રાખીએ?	કાફર લોક કેહેછે કે, પ્રભુ તેની પાશે કંઈ ચમતકાર કરાવશે નહીં, તો હમે વીશવાશ કરનાર નથી.
આરંભમાં દેવે આકાશ તથા પરથવી ઉતપન કરાં, અને દેવે કહું, અજવાલું થાઓ, અને અજવાલું થઉ.	તેણેજ આકાશ તથા પરથવી ઉતપન કીધાં, અને જારે "થાઓ" એવું તે કંઈ વશતુને કેહેછે એટલે તે થાએછે.
અને જારે તે (એટલે મુશા) પુરો ચાલીશ વર્ષનો થઓ તારે તેનાં મનમાં એવું આએવું કે, આપણા ભાંડુ જે ઈશરાએલનાં છોકરાં તેઓને મલવા જવું.	હું તે કુરાન મલા પેહેલાં ચાલીશ વર્ષ શુધી તમારામાં રહેલો છઉં, વાશતે તમે શમજતા નથી શું?
અને તેના રાજને અંત વખત પાપીઓ ઘણા વધી જશે, તારે કઠોર મુખવાલા તથા નહીં શમજાએ એવા વચનના રાજા પેદા થશે.	તારા સ્વપના પ્રમાણે તારો પ્રભુ તને પશંદ કરશે, અને નહીં શમજાએ એવી કેહેવતોનો અરથ તને શમજાવશે.
	હમે તેને નહીં શમજાએ એવી કેહેવતોનો અરથ શમ-

ખ્રિસ્ટી શાસ્ત્ર.	કુરાન.
	જાએવો પણ ઘણા ખરા લોકો શમજા નહીં.
હું મારૂં મોહો દ્રષ્ટાંતોથી ઓલીશ, અને જે વાતો જગતના મંડાનથી છુપી રહી છે તે વાતો હું પ્રગટ કરીશ.	હે પ્રભુ, તેં મને તે રાજનો એક ભાગ આપેલો છે, અને નહીં શમજાએ એવી કેહેવતોનો અરથ મને શમજાવેલો છે.
પછી શાતમા દુતે (રણશીંઘડું) વગાડું, તારે આકાશમાં મોટી વાંણી થઈ એવી કે આ દુનીઆમાંનાં રાજ હમારા પ્રભુના તથા તેના ખ્રિસ્ટના થઆં છે.	જે દાહાડે રણશીંઘડું વાગશે તે દાહાડે રાજ તેનું થશે.
કેમકે જુઓ હું નવા આકાશ તથા નવી પરથવી પેદા કરૂંછઉં. નવા આકાશ તથા નવી પરથવીની હમે રાહા જોઇએછઇએ. હું તમને તમારી કબરોમાંથી ઉપર બોલાવીશ, અને હરેક માણશને પોતપોતાની મેહેનત પ્રમાણે તેનું ફલ મલશે.	એક દાહાડો એવો આવશે કે પરથવી બદલાઈજઇને બીજી પરથવી થશે, અને આકાશો બદલાઈજઈને બીજાં આકાશો થશે; અને માણશો પોતાની કબરમાંથી ઉઠીને એકનો એક જે શકતીવાન ઈશવર છે તેની આગલ ઉભાં રેહેશે, કે હરએકને તેના ગુણ પ્રમાણે ઈશવર ફલ આપે.
દુશટ લોકોનું શુખ જોઇને હું મુરખ લોકોની અદેખાઈ ક-	કાફર લોકોને જે શારી ચીજો હમે બખશી છે તે ઉપર

ખ્રિસ્તી શાસ્ત્ર.	કુરાન.
રતો હતો, એ પ્રમાણે મારૂં મન દુખી થઉં.	નજર કરીને તેનો લોભ કરતો નહીં; અને તેને જોઇને દુખી પણ થતો નહીં.
હે પ્રભુ, જો તું અનેઆએ શોધવા બેશે તો કે કોણથી ઉભું રેહેવાએ?	જો ઈશવર માણશોને તેઓના અનેઆએને શારૂ શીખશા કરે તો પરથવી પર કોઈ જીવતી વશતુને તે કોરી મુકે નહીં.
તું ધુલ છે, અને ધુલમાં પાછો જઇશ.	જમીનમાંથી હમે તને પેદા કરો છે, અને તેમાંજ તને પાછો મોકલીશું.
દઆલુ માણશ પોતાના જીવને શુખ કરેછે, પણ જે ઘાતકી છે તે પોતાના શરીરને દુખ કરેછે.	જો તમે શારૂં કરશો તો તમારાજ જીવને શારૂં થશે, અને જો તમે માઠું કરશો તો તમારાજ જીવને માઠું થશે.
નઠારાને બદલે નઠારૂં કરો નહીં, પણ ઉલટું નઠારાને બદલે શારૂં કરો.	જે શારૂં છે તે કરીને નઠારૂં દુર કરો.
તમે તમારા દેવનાં નામ લો અને હું પ્રભુનું નામ લઇશ; અને તેઓએ મોટેથી બુમ પાડી, પણ એવું થઉં કે કોઈએ જવાબ દીધો નહીં.	અને મુરતી પુજકોને એવું કેહેવામાં આવશે કે જેને તમે ઈશવર કરીને માનોછો તેનું તમે નામ લો, અને તેઓ તેનું નામ લેશે પણ તે જવાબ દેશે નહીં.

ખ્રિસ્ટી શાસ્ત્ર.	કુરાન.
શઘલા લોકો જેઓ કબરમાં છે તેઓ તેનો આવાજ શાંભલીને બાહાર આવશે તેની આગલ શઘલા લોકો એકઠા થશે.	અને રણશીંઘડું ફરીથી વાગશે, અને જુઓ તેઓ કબરમાંથી બાહાર નીકલશે અને જલદીથી પ્રભુની પાશે જશે.
પણ ઓ વાહાલાઓ આ એક વાત તમે વીશારશો નહીં કે, પ્રભુના મનને એક દાહાડો તે હજાર વર્ષ શરખો છે, અને હજાર વર્ષ તે એક દાહાડા શરખા છે.	પણ જે કરવાનો ઈશવરે ભએ દેખાડો છે તે કરવામાં તે ચુકનાર નથી, અને જે તમે હજાર વર્ષ ગણોછો તે પ્રભુનાં મનને એક દાહાડા શરખા છે.
હવે ચાલો જે તમે કહોછો કે આજ કાલ હમે ફલાણા શેહેરમાં જઈને તાંહાં એક વર્ષ શુધી રહીએ અને વેપાર કરીને નફો મેલવીએ, તે તમને કાલે શું થશે તે વાતની તો કંઈ ખબર નથી. તેટલાં વાશતે તમારે એમ કેહેવું જોઈએ કે જો પ્રભુની મરજી હોશે તો હમે જીવીશું અને આ અથવા તે કાંમ કરીશું.	ઈશવરની મરજી હોશે તો એવું કહા શીવાએ કાલે હું ખચીત ફલાણું કામ કરીશ એવું કોઈ પણ વાતનું બોલતા નહીં.
પણ તે દીવશ વીશે તથા તે ઘડી વીશે કોઈ માણશને ખબર નથી, આકાશમાંના દુતો-	તેઓ તને છેલીજ ઘડી વીશે પુછશે અને શવાલ કરશે કે તે કેઆરે આવશે એવું મુકરર

ખ્રિસ્ટી શાસ્ત્ર.	કુરાન.
ને પણ નથી, અને દીકરાને પણ નથી, પણ બાપને એકલાને છે.	થએલું છે? તો તેઓને એવો જવાબ દે જે કે તેની ખબર મારા પ્રભુને છે, તે શીવાએ બીજા કોઈથી તે મુકરર કરેલા વખતની ખબર અપાશે નહીં.

ઉપર લખેલા દાખલાઓ ઉપરથી એવું શાફ નજર આવેછે કે ખ્રિસ્ટી શાસ્ત્રમાંથી મુખ્ય વાતો તથા કથાઓજ ચોરી લઈને કુરાનમાં દાખલ કરી છે એમજ નથી, પણ તેમાંથી ઘણી એક ઝીણી વાતો પણ લીધેલી છે, એટલે વીચારની રીતી, દાખલા, તથા લખવાની ઢપ પણ કુરાનમાં લીધેલી છે. તોપણ એ પવીત્ર પુશતક કેહેવાએછે, તેમાં શાફ બનેલી વાતો વીશે ઘણેએક ઠેકાણે એવી તો મોટી ચુકો નજર આવેછે કે એ પુશતકનો લખનાર ઘણોજ અગનાની અથવા મોટું જુઠાણું ચલાવનારો હશે એવી ખાતરી થાએછે. તે ચુકોના એક બે દાખલા નીચે પ્રમાણેઃ અલીઆ પેગંમબર મુશાના વખતમાં હતો એવું તેમાં લખેલું છે, ઈશાહકને બદલે ઈશમાએલને બલીદાનમાં મેલેઓ, ગીદોનને બદલે શાઉલ દશ હજારોને નદીને કીનારે લઈ ગઓ, અને કાલ ગણવા વીશે મોટી ગફલત કરીને મરીએમ જે ઈશુની મા તેજ મુશાની બેહેન મરીઅમ છે એવું તેમાં લખેલું છે.

કુરાનનાં મુખ્ય શીધાંતો નીચે પ્રમાણે છે.

૧. ઈશવર પર વીશવાશ. શઘલી વશતુનો પેદા કરનારો, નહીં બદલાએ એવો, શઘલું જાણનારો, શરવ શકતીમાન, પર-

મ દયાલુ, અને અનંત જે છે તથા હતો તથા શરવકાલ રેહેશે, એવો એકજ દેવ છે.

૨. મહમદ પર વીશવાશ. તે પેગંમબરોમાં છેલો તથા શઉથી મોટો અને દેવની ઈછા તથા તારણનો એકજ જે ખરો રશતો તે પ્રગટ કરનારો છે, અને એ પ્રગટપણું કુરાનમાં છે; તેમાંના નીઅમ, ક્રીયા, તથા સંસ્કાર તે પ્રમાણે શઘલાં માણશોએ ચાલવું, અને બીજા શઘલા ધરમ અથવા પંથ આગલના હોએ કે પછી થાએ તે શઘલા માણશોએ તજવા એવું કુરાનમાં ફરમાવેલું છે.

૩. દુતો પર વીશવાશ. તે એક જાતના હવારૂપી પ્રાણીઓ છે; અગની જે શુધ તેથી બનેલા છે, તેઓનાં રૂપમાં કાંઈ ખામી નથી, અને ખુબશુરતીમાં તેજદાર છે, પણ તેઓમાં સ્ત્રી પુરૂશનો ભેદ છે નહીં. તેઓમાં નઠારા વીકાર છે નહીં; અને માણશ જાતીની નબલાઈ પણ છે નહીં; તેઓ નીરંતર અને નહીં કરમાએ એવી જુવાનીમાં રેહેછે. મોટા નામાંકીત ચાર મુખ્ય દુતો છે. તેઓના નામઃ જબ્રીએલ, જે પ્રગટપણાનો દુત છે, તે ઈશવરી ઠરાવ લખી મુકેછે; મીખાએલ, જે ધરમને શારૂ લડાઈઓ લડેછે; અજરાએલ, તે મોતનો દુત છે; અને ઈજરાફીલ, તે શરવ માણશો પાછાં ઉઠશે તે દાહાડે રણશીંઘડું વગાડનારો દુત છે. એ શીવાએ અજાજીલ નામનો એક બીજો દુત હતો, પણ તે મગરૂબીદાર તથા ફીતુરી થઓ, અને પરમેશવરના હુકમ પ્રમાણે આદમની પુજા કરવાને તેણે ના કહી, તેથી તેને બેહેશતમાંથી કાહાડી મુકો, તારથી તેનું નામ ઈબલીશ પડેલું છે. કુરાનમાં જીન અથવા જીની એવા નીચી પદવીના પ્રાણીનો જી-

કર લખેલો છે. તેઓ પાપ તથા મોત એઓથી છુટા નથી એવું તેમાં લખેલું છે.

૪. અગમ ઠરાવ વીશે. કુરાનમાં એવું લખેલું છે કે ઈશવરે શઘલી વશતુઓ વીશે ઠરાવ કરી મુકેલો છે, તે ઠરાવ ફેરવાતો નથી. ઈશવરે હરએક માણશના શારાં માઠાં વીશે જે તફશીલવાર ઠરાવી મુકું છે કેવલ એમ નહીં, પણ તે માણશ ધરમી થશે કે અધરમી, તે તાબે રેહેશે કે નહીં, અને તે શરવકાલ શુખી થશે કે દુખી, તે પણ ઠરાવી મુકું છે; અને કોઈ માણશ ગમે એટલા વીચારથી, અને ગમે એટલી બુધીથી કામ કરે તોપણ તેનાથી જે વશતુ બનવાનો ઈશવરે આગલથીજ ઠરાવ કરી મેલો છે તે વશતુને ફેરવી શકતું નથી. મહમદે પોતાના શાગીરદોને પોતાના ધરમને શારૂ નીરભએપણે લડવાને હીંમત આપી તે એવી તરેહ શમજાવી કે તમે ગમે એટલી ખબરદારી અથવા ચોકશાઈ રાખશો તોપણ તેથી તમારે વીશે જે ઠેરવાઉં છે તે તમારેથી ટલવાનું નથી, અને તમારી જીંદગી એક પલભાર પણ તમારેથી વધારી શકાવવાની નથી. માણશના સ્વતંત્રપણાને આ શીધાંત જોડે વાંધો પડેછે, અને તે વાંધાનું શમાધાન થઈ શકતું નથી તારે મુશલમાન લોકો માણશના સ્વતંત્રપણાનું મત છોડી દેછે.

૫. શરવ માણશ પાછાં ઉઠશે, તથા તેઓનો છેલો ઈનશાફ થશે, એ વાત મુશલમાન લોકો માનેછે. મોત અને પાછું ઉઠવું એ વચે જે વખત તેનું નામ બરજાક પાડેલું છે. એટલા વખતમાં શરીર કબરમાં રેહેછે, પણ આતમા તે આગલ શું ફલ મલવાનું છે, તેનો અનુભવ સ્વપનાથી લેછે. પેગંમબરોના આતમાને લાગલાજ બેહેશતમાં દાખલ થવા દેછે; તાંહાં તેઓ લીલા પંખીઓનાં ગલાંમાંની કોથલીમાં રેહેછે. પાછા ઉઠવાનો દાહા-

ડો આવશે તેની આગલ દુનીઆ પર તથા આકાશમાં ચીન્હો તથા ઉતપાટો થશે. પુરૂં ચંદ્ર ગ્રહણ થશે, પુરવને બદલે પશચીમમાંથી શુરજનું ઉગવું થશે; અને તેની ગતી ઉલટી થશે; લડાઈઓ તથા તોફાનો થશે; આખી દુનીઆપર ધરમનો નાશ થશે, ખ્રિસ્ટ વીરોધીનું આવવું થશે; શઘલી પરથવીની આશપાશ ધુંમાડો વીટલાઈ જશે; એટલું થશે કે માણશોને પોતાના જીવવાનો કંટાલો થશે; રણશીંઘડાના આવાજથી શઘલાં સુએલાં માણશો ઉઠશે; આકાશ અંધકાર થઈ જશે; આકાશમાંના પીગલી જઈને શુરજ ચંદ્ર અને તારાઓ દરીઆમાં પડશે; પછી રણશીંઘડું ફરીથી વાગશે અને શગલાં માણશ મરી જશે. જેટલાં માણશોને પશંદ કરેલાં હશે તેટલાં થોડાઓનેજ ઈશવર બચાવશે. શઉથી આખરે અજરાએલ જે મોતનો દુત તેનું મરવું થશે. પછી ચાલીશ દાહાડા શુધી અથવા ચાલીશ વર્ષ શુધી વરશાદ વરશશે; પછી ત્રીજી વાર રણશીંઘડું ફુંકાશે, એનું નામ ઈનશાફને વાશતે બોલાવવું. એ થઆ પછી શરવે સુએલા આદમીનાં આતમા તથા શરીર પાછાં એકઠાં થશે, અને તેઓએ જે જે કામો કરેલાં તેનો હીશાબ ઈશવરને આપવાને તેઓને બોલાવશે, પછી તેઓ પોતપોતાના કામ પ્રમાણે ફલ પાંમશે. જબ્રીએલ દુત પોતાના હાથમાં મોટો કાંટો શમાન રાખીને બેશશે, તેના એક તરાજવામાં હરએક માણશના શારાં કામો તથા બીજા તરાજવામાં તેના નઠારાં કામો મુકાશે, અને તેનું વજન થશે. પછી પુલ ઓલંગવાની પરીક્ષા થશે. તેમાં શઘલાં લોકોને તલવારની ધાર જેવા શાંકડા પુલ ઉપરથી મહમદની પાછલ જવું પડશે; તેમાં અવીશવાશી લોકો તે પુલ ઉપરથી નરકમાં

પડશે; અને વીરાવાશી લોકો શહીશલામત પેલે પાર ઉતરીને બેહેશતમાં જશે.

૬. નરક. એ ઠેકાણે શઘલી જાતનાં દુખ ભરેલાં છે. તાંહાં ઝાડોને ડાલીઓને બદલે અમલદાર શાપો છે, અને મેવાને બદલે ભુતોના માથાં વલગેલાં છે. જેને શઉથી હલકી શીખશા થશે તેને આગનીના જોડા પેહેરવા પડશે. તેથી ગરમ પાંણીના દેગડા પ્રમાણે તેના માથાની ખોપરી પણ ઉકલવા લાગશે. કાફરોનેજ અંનત કાલનો દંડ થશે. જે મુશલમાનોએ અઘોર પાપો કરાં હશે તેઓને નરકમાં મોકલશે, પણ તાંહાંનું દુખ ભોગવીને તેઓના પાપનો બદલો પાંમી રહા પછી તેઓને છુટકારો થશે.

૭. બેહેશત. એ આશીરવાદ પાંમેલી જગાના રેહેવાશી લોકો ઝવાહેરથી ચલકતા પોશાકો પેહેરેછે. મોતી હીરા જડેલા શુંનાના તાજ તેઓ પેહેરેછે. તેઓ મોટા કીમતદાર બંગલાઓમાં અથવા રેશમી તંબુઓમાં રેહેછે, અને શુખ કરે એવા પલંગો પર શુવેછે. એ ઠેકાણે હરએક ઈમાન રાખનારાની આગલ શેંકડો ચાકર તરેહ તરેહના પક્વાનોથી ભરેલા શુંનાના ખુમચાઓ તથા વાડકાઓ લઇને હાજર થશે. તે તેમાંથી ખાતાં ખાતાં કદી ધરાશે નહીં, અને પીતાં પીતાં કદી નીશો આવશે નહીં; છેલો કોલીઓ તથા ઘુંટડો પણ પેહેલા કોલીઆ તથા પેહેલા ઘુંટડાં પ્રમાણે શવાદ લાગશે. તેનું પેટ ઘણું ભરાવવાનું નહીં, અને પીશાબ પાંણી વગેરેની હાજત પડનાર નથી.

ઈજરાફીલના મધુર આવાજથી તથા બેહેશતમાંની નારીઓના ગાએણથી હવા ઘુંજી રેહેશે. તાંહાંના ઝાડોની ડાલીઓના હાલવાથી મધુર શુરો નીકલશે, અને તેની શાથે કરોડો ઘંટાઓ

બાંધેલી તેથી દેવના રાજાસન પાસેથી હવા નીકલીને તે ડાલીઓને હલાવશે, તેથી મનોહર નાદ નીકલશે.

એ શીવાએ મુશલમાનોને પોતાની કલપના પ્રમાણે સ્ત્રીઓનું શુખ મલશે. તેની જે બઈરીઓ પરથવી પર હોએ તે શઘલી આગલના જેવી ખુબશુરત થઈને પાછી મલશે. તે શીવાએ તેને હુર અલ ઓયુન અથવા હૌરીઓ પ્રાપ્ત થશે; એ નામ તેના મોટાં નેત્ર ઉપરથી પડું છે. તે પ્રકાશીત પ્રાણીઓ છે; માણશ જાતીની ખોડ અથવા નબલાઈ તેઓમાં નથી, અને તેઓની ખુબશુરતી તથા જુવાની તથા તેઓનું કુંઆરાપણું શરવકાલ શુધી રેહેછે એક એક મુશલમાનને એવી બોહોત્તેર બોહોત્તેર સ્ત્રીઓ મલશે. તેઓના સહવાસથી તેઓની મરજી હશે તો શંતતી થશે, નહીં તો નહીં, અને સંતતી થઆપછી તે મા બાપ જેવડી એક ઘડીમાં મોટી થશે.

ખરો મુશલમાન આ શુખ ભરેલી જગાનું મોટું શુખ ભોગવવાને પુરો લાએક થાએ વાશતે તે કબરમાંથી ભર જુવાનીમાં ત્રીશ વર્ષની ઉપરનો થઈને ઉઠશે. તેનું કદ આદમના જેટલું એટલે ત્રીશ હાથનુ થશે. તેનું શરવ બલ શુધરીને અદભુત પુર્ણ દશામાં આવશે. તેને શો માણશોનું બલ પ્રાપ્ત થશે. અને ઉપભોગથી તેની ઈછા તથા વાશના ધરાઈ જશે નહીં, પણ વધારે બલવાન થશે.

શઉથી હલકા મુશલમાનને પણ હેવાં શુખો પ્રાપ્ત થશે, એવું વચન કુરાનમાં આપેલું છે તોપણ શઉ શઉને પોતાના કરમ પ્રમાણે તેમાંથી ઓછું વત્તું શુખ પ્રાપ્ત થશે. પણ ઘણા લાએક માણશોને શારૂ જે શુખો તેઆર કરેલાં છે તેનું બઆન મહમદથી પણ થઈશકું નહીં.

ધરમ શંબંધી જે આચાર કરેલા છે તે નીચે પ્રમાણે છે.

૧. નીમાજ તથા હાથ પગ ધોવા એ નીમાજને શારૂ તૈઆરી કરવાનું ઠેરવેલું છે. નીમાજ દર રોજ પાંચ વેલા કરવી જોઈએ, તેમાં "ઈશ્વર મોટો છે, ઈશ્વર શકતીમાન છે, ઈશ્વર શરવ શકતીમાન છે," એવા સ્તુતીરૂપ જપ કરવા પડેછે. શુકરવારને દાહાડે મશજીદમાં ઉપદેશ થાએછે. શુકરવારને દાહાડે ઈશ્વરે માણશને પેદા કીધું માટે લોકોએ તે દીવશ ઘણું કરીને પવીત્ર માનવો, અને મહમદે કંઈ જુની ચાલ ઉપરથી પણ ઘણું કરીને ખ્રિસ્ટી તથા યહુદી એઓથી જુદા પડવા શારૂ તે દીવશને પોતાનો શાબાથ એટલે વીશરામવાર ઠેરવેઓ.

૨. દાંન ધરમ કરવો. દાંન ધરમ કરવાના બે પ્રકાર છે. જે શાસ્ત્રમાં ઠેરવેલું છે તેને જકાત, અને ખુશીનું દાંન ધરમ તેને શાદાકાત કેહેછે. ગરીબ તથા દુખી એઓને મદદ કરવા શારૂ પોતાની ઉપજનો દશમો ભાગ કોઈ પણ રીતે દાંન ધરમ કરવામાં ખરચવો જોઇએ એવું શઘલા મુશલમાનોને ફરમાવેલું છે.

૩. રોજા વર્ષોવર્ષ આખા રમજાન મહીનામાં શુરંજ ઉગવાથી તે શુરજના આથમવા શુધી મુશલમાન લોકોએ અંન, પાંણી, સ્નાન, શુગંધ, સ્રીશંગ, અને બીજાં શઘલાં શરીરનાં શુખ તજવાં, એવો શખત હુકમ છે. પણ રાતરે તેઓને બીજા દીવશ પ્રમાણે શઘલી છુટ છે. મહમદ એવું કેહેતો હતો કે જે કોઈ રોજા કરેછે તેના મુખની શુગંધ કશતુરી કરતાં પણ ઈશ્વરને ઘણી પશંદ છે. મોહોરમની દશમી તારીખ પણ રોજા પાલવાનો દીવશ છે.

૪. હજ. હરએક મુશલમાને પોતાના જનમમાં જાતે અથવા

કોઈની મારફતે મકાની હજ જરૂર કરવી જોઈએ. જેઓ પુખ્ત નથી, અથવા પુખ્ત બુધીના નથી, શરીરે નબલા અથવા હજ કરવાનો ખરચ કરી શકે એવા નથી, તેઓ જો નહીં જાએ તો તેઓનેજ નહીં જવાનું પુરતું કારણ છે. ધલહજજી મહીનાને આરંભે મકે પોંચાશે એવો વખતનો શુમાર રાખીને હમેશાં હજ કરનારાઓ હજ હરવાને નીકલેછે. મકેથી થોડું એક છેટું રેહેછે તારે હજ કરનારા ઓલખાવવાને શારૂ હરએક શખ્શ એક જાતનો મુકરર કરેલો પોશાક પેહેરેછે. મકે પોંચા પછી તરતજ હજ કરનાર કાબા નામના મંદીરમાં જાએછે, તાંહાં કાલાં પથરનું ચુંબન કરેછે, અને અનેક વીધીની ક્રીઆઓ કરેછે.

મહમદે જે નવો ધરમ સ્થાપેઓ તેમાં શાચા ધરમના ત્રણ મુખ્ય ગુણોની ખોટ છે, તે દેખાડીને આ બીના પુરી કરીએ.

૧. તેની શાચાઇની શાબોતીમાં કશર છે. મને ઇશવરે મોકલો છે એવી મહમદે કંઇજ શાબીતી દેખાડી નહીં. તેણે કંઇ ચમતકાર કીધા નહીં. તેના પંથીઓ કેહેછે કે તેણે અગણીત ચમતકારો કીધા, તોપણ કુરાનમાં તે વારેવારે એવું કેહેછે કે મેં કંઇ ચમતકાર કીધા નથી. એ કુરાનજ ચમતકાર દાખલ છે, એવું કેહેછે. પણ તેવીશ વર્ષમાં એક પુશતક તેઆર કરવું એ કંઇ ચમતકાર નથી. શારા શુધરેલા લોકોમાં ઉંચી જાતીમાં મોટા કુલનો એ હતો; તેનું રેહેવાનું વેપારવાલાં શેહેરોની વચે હતું; મુશાફરી કરવામાં તેને ગનાન મેલવવાનું ઘણું શવઘડ પડું, અને પછી કેટલાએક વર્ષ શુધી એકાંત વીચાર કરીને મોટી બુધીના જોરથી નવું કામ ઉઠાવવાનો તેને અવકાશ મલો. તો એવા માણશને અગનાની કેહેવો એ કંઈ ઠીક નથી. તેને લખતાં આવડતું નોહતું એ વાત જો કે લોકો માનેછે તોપણ તે ખરી

છે એવું લાગતું નથી, પણ તેને લખતાં આવડતું હતું કે નહીં તે શાથે શું કામ છે? જેવા વચનો કુરાનમાં છે તેવા વચનો લખાવવામાં કંઈ માણશથી નહીં થઈ શકે એવું કામ નથી. કુરાનને નવા કરાર શાથે મેલવી જોતાં એ તેથી કેટલું જુદું પડેછે. નવા કરારની શાચાઈ વીશાવાશીને જેટલી જોઇએ એટલી, અથવા અવીશાવાશી જેટલી કલપી શકે એટલી શાબીતીઓ છે; અને તે શઘલી શાબીતીઓ ઉપરથી તે ઈશવરી શાસ્ત્ર છે એવું શીધ થાએછે. નવા કરારમાંની બનેલી વાતો વીશે ઘણા શાહેદો શાબીતી આપેછે, પણ મહમદી ધરમ ખરો છે એવું પ્રમાણ દેખાડવાને કુરાનમાંની બનેલી વાતો વીશે શાહેદી પુરનાર એક પણ નથી.

૨. કુરાનમાં બલીદાન વીશે પ્રગટપણું નથી. તેમાં પાપને શારૂ પ્રાએશચીત નથી. ઈશવરનો નહીં બદલાએ એવો શવભાવ તથા તેના પુરા કાએદાને મલતો આવે એવો માફી મેલવીને તેને શરણે જવાનો કંઈ ઉપાએ નથી. મુશાના ક્રીઆ મારગના પુશતકમાં બલીદાન વીશે ઘણું છે, તેણે કરીને ભગતનાં મનને પાપની ઈઆદ થાએ, અને જે તારનારા વીશે ભવીશ-શાસ્ત્રમાં કહેલું હતું તેની ઉપર ભગતોએ આશા રાખવી એવું થાએ. ખ્રિસ્ટી ધરમ જે હેબ્રી વીધીની શમજણ આપેછે અને તેને પુરણ કરીને પોતાની શાથે મેલવી લેછે તે તારનારા વીશે એવું જાહેર કરેછે કે, "દેવ દેહમાં પ્રગટ થઓ," માટે તે તારનારો અનંત મોટો છે; જેઓ તેની ઉપર વીશવાશ રાખેછે તેઓના આગનાના ભંગ કરવાને ઠેકાણે તેનું આગનાનું પાલવું અંગીકાર કરેલું છે; પાપના પ્રાએશચીતને વાશતે તેનું મરવું થઉં; અને તે હમેશાં દેવ તથા પાપી એઓની વચે પડેછે, તેથી તે તારવાને શા-

મરથ છે. તેના આશરા તલે દુખી મન દોડેછે. તેનામાં દંડ લાએક પશચાતાપ કરનારને શાંતી મલેછે. ઈશવરના ક્રોધથી બીહીને જે નાઠેલો તેનું ઈશવરની શાથે શમાધાન થાએછે; અને દેવ પોતાનો વાહાલો બાપ છે એવી રીતે તે તેની શેવા તથા સ્તુતી કરીને આનંદ પાંમેછે. જે પ્રાએશચીત વીશે હેબ્રી શાસ્ત્રે આગલ છાઆ દેખાડી, અને જેનું આગલના પેગંમબરોએ કથન કીધું, અને જે ઈશવરના પુત્રના શુભવર્તમાનમાં પ્રગટ કીધેલું છે, તે મહમદને માલુમ નોહતું, અથવા તે તેને માલુમ છતાં પણ તેની તેણે ના કહી, અને પોતાના લાઓ શાગીરદોથી છુપું રાખ્યું. પ્રાર્થના, બાધા, અપવાશ, જાત્રા, અને અવીશવાશીઓ જોડે લડવું, એ શઘલાને પાપ વીશે પ્રકાશીત થએલાં મનનું તોફાન નરમ પડવાને શું શામરથ છે? ઈશાવરની શાંમા જે અપરાધો કીધા, તે અપરાધો શું એવા ઉપાઓથી દુર થઈશકશે?

૩. કુરાનમાં શામરથ નથી. ભ્રષ્ટ અંતકરણ નવું કરવા વીશે, મનોવૃતી તથા કલપના શુધ કરવા વીશે, દુખ મધે આતમાને આશરો આપવા વીશે, અને જીવતા શુધી મન મારવાના મારગમાં ચલાવવા વીશે, તેમાં કાંઈજ શામરથ નથી. તેના શઘલા હેતુ નીચ, અને કેટલાએક તો છેક ભ્રષ્ટ છે. તેની પ્રાર્થના કાંઈ અંદરના અનુગ્રહ વીશે નથી. તેમધે પવીત્ર આતમાનો કાંઈ જીકર નથી. માણશને કેવલ પોતાની શકતીનોજ ભરોશો છે. માણશને એ કરતાં અધીક ઉંચું અને અધીક ઉત્તમ કાંઈજ તેમાં કહેલું નથી. તેની ઉંડી અને હમેશાંની અપેક્ષા પુરી પાડવા વીશે તેમાં કાંઈ કહેલું નથી. જે મનમાંના જુધમાં માણશનો પરાજએ, તથા દુનીઆ ઉપર પણ ખરે ખરો પરાજએ થવાનો છે, તેવીશે મહમદે કાંઈજ શીખવું નથી. અધીકારવાલો હોધને

મમતાવાલું અને પરીપુરણ ગુરૂ માણશને નમુના દાખલ જોઈએ કે તે નમુનો પોતાની આગલ ધરીને તેના જેવા થવાની ઈછા કરે, અને તેના પ્રમાણે કામ કરે, પણ એવો નમુનો કુરાનમાં નથી.

જો કુરાનનો ગ્રીક પુરાણો જોડે અથવા હીંદુ શાસ્ત્રો જોડે મુકાબલો કરી જોઈએ તો કુરાન એ બંને કરતાં ઉત્તમ માલુમ પડશે. ઈશવર વીશેનું ઉત્કૃષ્ટ વર્ણન; ઈશવર એક છે તેનું સ્થાપવું; ઈશાવરી સૂત્ર અને નીતીના અધીકાર વીશેનું વચન; છેલો ઈનશાફ અને બીજી દુનીઆના દંડ તથા ફલ એનું પ્રતીપાદન; જે શુંદર ધાટીથી તેમાંના નીતીનાં વચનોની શોભા આવેછે તે; જેવા શ્રીમંતને તેવાજ ગરીબોને પણ શીખવવા વીશે નાએપણું; એ શાધલાં ઉપરથી એવાં પ્રમાણો મલેછે કે મહમદને હીબ્રી તથા ખ્રિસ્ટી શાસ્ત્રોથી બહુ નફો થઓ છે. પણ તેમધે કાંહાંણીઓ, વચન વીરોધ, તથા દુરભાશણો, મુરખાઈની મજાકો, તથા ક્રુર અને ઘાતકી નીઅમ, એ શધલું ભેલી દીધા ઉપરથી એ શાચાઈ ઉપર મહમદે અંધારૂં ધરૂં છે, અને પોતાના લોભ તથા ફતેહમંદીની યોજનાઓને આધાર આપે એવા ધરમનો આશ્રએ કરવો માટે આ શધલું બંધારણ તેણે અધમ હેતુપર બાંધીઉં. શારાંશ, કુરાનનો નવા કરાર જોડે, મહમદનો ઈશુ જોડે, ઈશલામી ધરમને ખ્રિસ્ટી ધરમ જોડે, મુકાબલો કરી જોતાં તેઓમધે આશમાન જમીનનો ફરક છે; એવું નજર આવેછે.

અધ્યો ૬.

મહમદી ધરમનો ફેલાવો તથા તેનાશબબો.

મહમદની પાછલ તેની ગાદી પર કોણે બેશવું એવીશે મોટી ભાંજગડ પડી હતી, પણ પેહેલાં અબુ-બકર; પછી ઓમર; તારપછી ઓથમાન; અને તેની પછી અલી, એ પ્રમાણે શઉની નેમણુક થઆથી તે ભાંજગડ મટી ગઈ. અબુ-બકરે ખલીફ, એટલે પાછલથી અધીકાર લેનાર, એવો ખીતાબ ધારણ કીધો. બાલેદે આગલ લખા પ્રમાણે માશીલામા જે બીજો જુઠો પેગંમબર થઈ પડો હતો તેને જેર કીધો, અને ફીતુરી અરબ લોકો પાછા તાબે થઆ એટલે ઈશલામી ધરમવાલાં શઘલાં રાજો થાએ તાંહાં શુધી એ ધરમ જગતમાં ફેલાવવો, એવો મહમદે જે હુકમ કીધો હતો તે હુકમ અમલમાં લાવવાનું અબુ-બકરે મન પર લીધું. ઈરાની તથા ગ્રીક પાદશાઓ મધે જે લાંબી લડાઈઓ ચાલી તેણે કરીને તે મોટાં રાજો જેર દશાત થઈ ગઆં હતાં, અને ખલીફે શીરીઆ દેશ જીતી લેવાનો ઠરાવ કીધો. તેણે માત્ર શવા બે વર્ષ રાજ કીધું; પણ જે ફોજો તેણે શીરીઆ તથા ઈરાક તરફ મોકલી હતી તેની ફતેહમંદીની ખુશ ખબર તેણે પોતાના મરણ પેહેલાં શાંભલી. તે મરણ પાંમો તેજ દીવશે દમાશકશ શેહેર હાથ આવું.

ઓમરની હકુમતમાં લડાઈ તેવીજ ફતેહમંદીથી ચાલી હતી. ઈ૦ શ૦ ૬૩૬ માં એરમુક એ ઠેકાણે લડાઈ થઈ તેમાં મુશલમાનોની ગ્રીક પાદશાની ફોજ પર પુરી ફતેહ થઈ તેથી શીરીઆ

દેશ તેઓના અમલ તલે આવ્યો. જેરૂશાલમ, આલેપો, અને આંતીઓખ, એ શેહેરો હાથ આવ્યાં, અને છ વર્ષ શુધી લડાઈચાલા પછી ઈ૦ શ૦ ૬૩૮ મધે આખો શીરીઆ દેશ મુશલમાનોના હાથ તલે આવી ચુકો. અમરૂ શરદારે મીશર દેશ પર ઈ૦ શ૦ ૬૩૮ માં ચઢાઈ કરી; શીકનદ્રીઆ રાજધાની જલદીથી લીધી, અને બે વર્ષની અંદર તે મોટો પ્રાંત ખલીફના રાજમાં મલો.

મહમદના મુઆને બાવીશ વર્ષ થઆં તે વેલાએ મોટાં અરબી રાજમાં શીરીઆ, ઈરાન, અને મીશર, એ દેશો મેલવાઆં હતાં. તે રાજ ઓથમાનના મુઆ પછી મહમદનો પીતરાઇ ભાઈ તથા જમાઈ અલીના હાથમાં ગઉ. જો અલીના વંશને રાજનો અધીકાર નથી તોપણ પોતાના નબીના છોકરાં છે એવું શમજીને મુશલમાન લોકો હમેશાં તેઓને માન આપતા આવ્યા છે. શીરીઆ મધે તથા તુરકસ્તાન મધે લોકોનો તીશમો ભાગ અલીના વંશનો છે; તેઓ લીલી પાઘડી ઘાલેછે, અને તેઓને શરીફ કરીને કેહેછે.

અલીની શાંમાવાલો જે મોઆવીહા તેને લશકરે ખલીફ ઠેરવીઓ. તે મહમદના કુટંબનો નહીં હતો, પણ તેની જાતનો હતો. તેણે અલીનાં છોકરાંઓનો તથા મહમદના કાકો આબાશ તેનાં છોકરાંઓનો હક ડુબાવ્યો અને પોતે ગાદી પર બેઠો. તેણે પોતાનાજ ઘરમાં ખલીફોની વંશાવલી સ્થાપી. તેના વંશો નેવુ વર્ષ શુધી તે રાજનો અધીકાર ચલાવ્યો. તેઓને ઉમીઆદી કરીને કેહેછે. એ નેવુ વર્ષ ગઆ પછી રાજની ઉલટપાલટ થઇને આબાશના છોકરાના છોકરાનો છોકરો એનોછો કરો જે ઇબ્રાહીમ તેને હાથ રાજ ગઉ. તે વેલાથી (ઈ૦શ૦ ૭૫૦) તે રાજના

યુરોપ, આફ્રિકા, અને એશીઆ, એઓમાં ત્રણ જુદા જુદા કકડા પડા. તોપણ એ કકડા થઆ પેહેલાં આફ્રિકા મધે એ રાજનો ફેલાવ કારથેજ, તાનજીઅર, તથા મોરાકો, એટલે શુધીનો હતો. અને આટલાંટીક શાગરના પુરવ કાંઠા પર શારેશાન લોકોએ (ઈ૰ શ૰ ૭૦૯ માં) પોતાના દેવલને લાલ છીટકીદાર પાશાણ તથા નુમીદી શંગેમરમરના શોભાએમાન સ્થંભ કરીને પોતાના વૈભવની નીશાણી તાંહાં રાખી હતી.

એ વેલાએ (ઈ૰ શ૰ ૭૦૯) રોદરીક જે ગોથી લોકોનો છેલો રાજા તે ઇશિપેનની ગાદી પર બેઠેલો હતો. તારીક નામનો જે શારેશાન લોકોમાં લડવઈઓ હતો તેણે પોતાની શાથે શાત હજાર માણુશાની ફોજ લીધી, અને જે શમુદ્રધુની યુરોપ ખંડથી આફ્રિકા ખંડને જુદો પાડેછે તે ઓલંગીને કાલફે ડુંગર પર છાવણી કીધી; અને તે કીલાને પોતાના નામ ઉપરથી જીબેલ-અલ-તારીક એવું નામ આપેયું. તેને હમણા ટુંકામાં જીબ્રાલટર કરીને કેહેછે. જેરેશ શેહેરની પાશે ગવાદાલેત નામની નદી છે, તે નદીના કીનારા ઉપર લડાઈ થઈ, તે લડાઈમાં જીતવાથી ગોથીક રાજ તારીકના હાથમાં ગઉ; અને રોદરીક તે લડાઈના મેદાનમાંથી પોતાના અતી જલદ ઘોડા ઉપર બેશીને નાહાશતાં ગવાદલકુવીવર નામની નદીમાં ડુબી ગઓ. બીજા લડવઈઆઓએ શીંધુ નદીના કાંઠા પરના દેશોમાં તથા તારતારીના બરફવાલા દેશમાનાં શમરકંદ નામના શેહેરમાં જઈને કુરાનનો ઉપદેશ કીધો. ચીન દેશ (ઈ૰ શ૰ ૭૧૦ માં) તેઓના અમલ તલે આએવો. (ઈ૰ શ૰ ૭૧૮ મધે) કાનસ્તાન-

તીનોપલ શેહેર તરફ ગ્રીક અગનીથી* તેઓને કેટલીએક વાર શુધી અટકાવ થઓ હતો. પશ્ચીમ તરફ તેઓ પીરનીશ ડુંગર ઓલંગીને ગઆ, અને ફ્રાન્સ દેશની દક્ષણમાં જઈ રહ્યા; પણ તાંહાંથી ચારલશ મારટેલ એણે તેઓને (ઈ૦ શ૦ ૭૫૦ માં) હાંકી કાહાડેઆ.

શમુદ્રમાં તે ફતેહમંદ શારેશન લોકોએ પુરવના રાજમાંથી શાઈપરશનો ટાપું છીનવી લીધો; અને રોડશ, કોરશીકા, શાર્ડીનીઆ, તથા શીશીલી, એ ટાપુંઓ તાબે કરી લીધાં. રોડશ મધે કોલાશશ નામની પીતલની મુરતીનો ચુરો તેઓએ એક યહુદીને વેચાતો આએપો. તે ઉચકી લઈ જવાને તેણે નવશેં ઉંટ ભરાં હતાં. તે ફતેહમંદ ફોજે ટાબર નદીપર હંકારીને શેંટ પીટરનું દેવલ લુટું, અને રૂમ શેહેરના કોટની આશપાશ ઘેરો ઘાલેઓ. પણ લીઓ ચોથો, એ નામનો જે પોપ હતો તે ઘણી હીંમતથી તેઓની શાંમો થઓ (ઈ૦ શ૦ ૮૪૯-૮૫૦.) તેઓના વાહાણનો અરધો કાફલો તોફાનથી વીખરાઈ ગઓ; તેમાંના થોડાંએક વાહાણો શલામત ખશી ગઆં; થોડાંએક ભાંગી ગઆં; અને બાકીનાં દુશમન લોકોએ પકડેઆં. તે પોપે પકડાએલા બંદીવાનોને તે શેહેરના કોટ બાંધવાના કામમાં લગાડેઆ.

અગીઆરમાં શઇકામાં ઇશ્પેન દેશના રાજાઓ મોજ શુખમાં પડેઆથી તાંહાં મુશલમાની રાજના કકડા થઈ ગઆ, અને તે

---

* ગ્રીક અગની એટલે નફથા, ગંધક, અને રાલ, એઓનું મીશ્રણ હતું, તેને ગ્રીક લોકો શાતમા શઈકામાં કામમાં લાવતા હતા.

રાજાઓના ચાકરોને મોટાઇનો લોભ થઆથી તે રાજ ભાંગીને દશ બાર નાંહાનાં નાંહાનાં રાજો થઆં. અને ચારશેં વર્ષ પછી તે રાજ તથા તે મધે ઉદીઓગ, શુખ, વગેરે જે જે હતું તે શઘલાનો નાશ થઓ, (ઈ૦ શ૦ ૧૫૦૯).

એજ પ્રમાણે આફ્રિકા મધે પણ મોરાકો, આલજીઅર્શ, અને ટ્યુનીશ, એવાં જુદાં જુદાં રાજો થઆં. એ દેશોની તવારીખોમાં અનેક નાંમો માલુમ પડેછે તે શંભારતાં અતીઅંત ખુશી ભરેલી અથવા અતીઅંત ભઅંકર વાતો ઇઆદ આવેછે. તેમાં બીજા શઉ કરતાં શાલાદીન પાદશા જેના રાજના વૈભવનાં તવારીખના લખનારાઓએ ખુશીથી વખાંણ કરાં છે તેનું તો ઘણુંજ ઇઆદ આવેછે.

બગદાદની ખલીફતો શારીશેની રાજનો એક ભાગ હતો. તેમાં મહમદના કાકા આબાશના કુટંબ મધે પાંચશેં વર્ષ શુધી વંશપરંપરા મુખ્ય અધીકાર રહો હતો, પછી તરણશેં વર્ષ શુધી તે અધીકાર નબલી રીતે ચાલો. આખરે તે રાજાઓએ મુગલ તથા તારતારના પાદશાને રાજ કારભાર શોંપી દીધો; તોપણ તરણશેં વર્ષ શુધી તે રાજાઓના હાથમાં ધરમ શંબંધી અધીકાર રહેલો હતો.

એશીઆ ખંડની ઇશાન તરફથી જોરાવર રખેવાલ લોકો મુશલમાની રાજપર ચાલેઆ આએવા. તેઓના હીંદુસ્થાનમાંના રાજની સ્થાપના મહમદે કીધી (ઈ૦ શ૦ ૯૯૯). એ પાદશાએ પેહેલપેલોજ શુલતાનનો ખીતાબ ધારણ કરો. પછી (ઈ૦ શ૦ ૧૩૯૯ માં) તે રાજ ટેહેમુરે જીતી લીધું. તેનેજ ટેમુરલેન કરીને કેહેછે. એ નામ ટેહેમુર એટલે પાદશાજાદો, અને લેન એટલે ફારશી મધે લંગડો એ બે શબદોનું થએલું છે. ટેહેમુરનો

જનમ તારતાર લોકોની રાજધાની જે શમરકંદ નામે શેહેર છે તેની પાશેના ગામમાં થઞો હતો. તેણે પોતાના જનમ દેશના રાજમાં ઘણી જલદી તથા બાહાદુરીથી હીંદુસ્થાન, ઈરાન, તથા શીરીઆના મોટા ભાગનો વધારો કરો, અને ચીન દેશ પણ જીતવાનો વીચાર કરો હતો, પણ એટલામાં શીતેર વર્ષની ઉમરે તે મરણ પાંમો.

બારમાં શઈકામાં આટોમન તુરકી લોકના પુરવેજ કાશપીઅન શમુદ્રની ઉતરમાંથી ખુરાજાનમાં ઉતરી આવ્યા, અને ચઉદમાં શઈકામાં તેઓ એશીઆ માઈનરના શેલજુક લોકો શાથે મલી ગયા. એ મલી ગયેલા લોકોમાં ઓથમાન જે હાલના તુરકી રાજનો સ્થાપનારો તે પેદા થયો. તે ગ્રીક રાજની શરહદ પર હતો; તેહેના મનમાં મોટાઈનો લોભ થયા ઉપરથી ઓલીંપશ પરના રશતાઓમાં થઈને બીથીનીઆથી ચઢાઈ કીધી. તાંહાં શતાવીશ વર્ષ શુધી ફતેહમંદ ચઢાઈઓ કરા પછી તેણે એક રાજ સ્થાપું, તે રાજ તેના મુઆ પછી તેના છોકરા ઓરખાનના હાથમાં ગઉં. અને તે ગાદીપર તેમજ વંશપરંપરા આમરાથ, બજાજત તથા આમરાથ બીજો એવો બેશતા આવ્યા. આમરાથ બીજાનો છોકરો જે બીજો મહમદ તેણે (ઈ૦ શ૦ ૧૪૫૩ માં) કાન્સતાનતીનોપલ શેહેર લીધું, અને પુરવ તરફનાં રૂમી રાજનો નાશ કીધો.

આખર આટોમન લોકોએ (શ૦ ૧૬૬૯ માં) કાંદીઆ અને (શ૦ ૧૬૭૨ માં) કામેનીક એ જીતીને તાબે કરાં. તારથી તુરકી રાજા ધીમે ધીમે નબલું પડતું આવ્યું છે.

તારતરી દેશમાં ટીબેટના ગ્રાંડ લામાના માનનારા; ગ્રીક મંડલીના ખ્રિસ્ટી; શરકાશી તથા બીજા જાતના લોકો જેઓ કોઈ

પણ ધરમને માનતા નથી તેઓ અને મુશલમાન; એટલી જાતના લોકો વશેછે. મુશલમાન લોકોના રેહેવામાં તે દેશનો મોટો ભાગ આવેલો છે, તેનો વીશતાર કાશીપીઅન શમુદ્રથી બલુચના પરવત લગી તથા મેદાનની પેલી તરફ ગઉરના ડુંગરથી તે રૂશીઆની શરહદ પર ઈલીમ શુધી છે. એની લંબાઈ પંદરશેં મૈલથી કમી નથી, અને પોહોલાઈ આઠશેં મૈલ કરતાં જાશતી છે. ચીન દેશમાં પણ મહમદી ધરમનો પ્રવેશ થઇને કેટલાએક લોકોએ તે કબુલ કરેલો છે.

હીંદુસ્થાનમાં જે મુશલમાનો રાજાઓ તથા પરધાનો તથા આવેલા છે તેઓ ઘણું કરીને શુંની જાતના છે. અને જે ઈરાનમાંથી નાહાશી આવેલા છે તેઓ શીહા જાતના છે. એ શીવાએ હીંદુમાંથી પણ ઘણાએક મુશલમાન થએલા છે. પંજાબમાં શીખ લોકોમાં બને ધરમની મેલવણી ચાલેલી છે. હીંદુસ્થાનમાં મુશલમાનોની વશતી કરોડ દોડ કરડો ગણામાં આવીછે. પુરવ તરફના મોટા બેટોમાં પણ મુશલમાન લોકો ઘણા છે, પણ કેટલા છે તે હમારેથી કહી શકતું નથી.

મકા શેહેરમાં હજનો મેલો વર્ષોવર્ષ ઓછો થતો જાએછે, પણ અમીર ઉમરાની પદવીના પુરૂશો તથા બઈરીઓ પોતાની વતી બીજા પાશે હજ કરાવેછે. શરેઆમ રશોતા, વાહાણ તથા ચોકી પેહેરા એણે કરીને મુશલમાની રાજાઓ મદદ કરેછે. અને તારતરી માણશ હજી શીધીને મલેછે, અને શરકાશી, ઇરાની, અને હીંદુ, એઓને જે હજ કરનારાઓ બારબરી તથા મોરાકોથી આવેછે તેઓ મલીને ચાલેછે; અને તાંહાંથી પોત પોતાના લોકો તરફ કાશમીર શાલ, બંગાલી મલમલ, બીલાની મોતી, લંકાની શાલચીની અથવા ગોલકંદાના હીરા વગેરે લઈ જાએછે.

જગત મધે મુશલમાની ધરમની પેહેલીજ સ્થાપના તથા તેનું જલદીથી અને જોરથી ફેલાવવું; આટલી બધી પેહેડી શુધી તે ધરમનું ટકવું, અને જે જે રાજમાં લોકોએ તે અંગીકાર કરો છે તે લોકોનાં મન પર તથા તેઓની ચાલ પર એ ધરમની શતા રહી છે તેનું ખરેખરૂં કારણ શું હશે? એવો વીચાર પેદા થઓ છે. બાહારની જે ફતેહઓ થઈ તે ઉપરથી તે ધરમને દેવે પશંદ કીધેલો છે એવું શમજવું કે શું?

એમ કંઈ શમજવું નહીં; કારણ કે જે પ્રકાર માણશોને પશંદ પડેછે તે દેવને પણ પશંદ છે, એવું આપણેથી ઠેરવાતું નથી. માણશ જાતનું મન જો ઈશવરના શરખું હોએ તો તેમ ઠેરવવું ઠીક છે. લોભનો ફેલાવો તો આખી દુનીઆમાં થએલો છે, અને હરેક દેશમાં જોઈએ તો લોક ઘણું કરીને લોભની શત્તા તલે છે, અને જગતની પેદાએશથી તે આજ દીન શુધી એવીજ વાત છે. તોપણ એ ઉપરથી લોભ ઈશવરથી છે એમ કોણ કેહેશે? માણશ મધે કોઈ ધરમની ફતેહ થઆ ઉપરથી તે ધરમ ઈશવરનો છે એવું શમજવા કરતાં એથી ઉલટી વાત કબુલ કરવી તે વધારે કારણશર દેખાએછે, એટલે એવો વીચાર કરવો કે જે ધરમ ઈશવરથી છે તેની શાંમા શઘલાં માણશો થશે અને તેને દુનીઆમાં રેહેવું પણ મુશકેલ પડશે. આખરે શાચાઈની ફતેહ થશે એવું તો આપણે શમજવું ખરૂં; પણ હાલમાં ખરૂં ખોટું એકઠું થઇને ચાલેછે. જો ઈશવર કોઈ રીતે પોતાની ઇછા પ્રમાણે માણશને અટકાવે અને ઉત્તેજન આપે તો પુર્ણ ફલ પાંમવાનો વખત આવે, તાંહાં શુધી માણશને પોતાની ઇછા પ્રમાણે ખુશીમાં આવે તેમ કામ કરવા દેછે, એ વાત ઉઘાડીજ છે.

ખરી મંડલીનાં લક્ષણ તેનાં મતની શાચાઈ ઉપરથી તથા તેનાં લોકોના ધરમીપણા ઉપરથી શમજવાં. જે ચીન્હ દુષ્ટ મંડલીના પણ હોએ તે ઉપરથી શમજાતાં નથી.

એ દોશ હવે એક કોરે મુકીને જે તવારીખની વાત આગલ ગઈ તેનો આપણે બારીક નજરથી વીચાર કરીએ.

૧. ધરમ વીશે અરબ લોકોનો સ્વભાવ કેવો હતો? તેઓ ચંચલ બુધીના હતા; તેઓમાં અનેક પંથ હતા; તેઓમાં મુરતી પુજક, નાશતીક, ઈહુદી, અને બગડેલા ખ્રિસ્ટી ધરમને માનનારા લોકો હતા.

કોઈ બાહાદુર તથા હોશીઆર શુધારનારો જેને લોકો શાણો તથા ભકતીવાન ગણેછે તેણે આવા ઘણા જાતના લોકોમાંથી થોડાંએક માણશોને તેઓની આશપાશ જે ખોટી વાતો ચાલેછે તે દેખવા શારૂ તેઓનાં મન જાગતાં કરવાં તથા જે ધરમમાં હરએક માણશને પોતાના ધરમની વાત કાએમ રહીને બીજા માણશની ભુલ નજર આવેછે તે ધરમનો અંગીકાર કરવા શારૂ તઈઆર કરવો એમાં તે શું નવાઈની વાત છે? પ્રમાણ તથા શાચાઈની પ્રીતી ઉપરથી ચાલવું એવો અરબ લોકોનો સ્વભાવ નહીં હતો, પણ તે કરતાં તેઓ પોતાની કલપના તથા મનોવીકાર પ્રમાણે ચાલતા હતા, તારે તેઓની ભાવના તથા મનોવીકારને શારી લાગે એવી વાતો તેઓએ કબુલ રાખી એમાં શું અજબ જેવું છે?

૨. મહમદની હાલત તથા તેના ગુણ એનો આપણે વીચાર કરીએ. તેના કુટંબને ઘણી પેહેડીથી પોતાના શેહેરમાં ધરમની તપાશ રાખવાનું કામ શોંપેલું હતું, "એક ઈશવર છે," એવો જે મોટો બોધ તે લોકોના બાપદાદા માનતા હતા તે બોધ પા-

છે મનાવવો તથા શઘલી વાતનો શુધારો કરવો એ બે વાતો તરફ લોકોનું ચીત જશે તથા વખત આવશે તારે તે લોકોને પશંદ પડશે એવી ઉમેદ થવામાં કંઈ અડચણ નહીં હતી.

૩. મહમદની મતલબનો આપણે વીચાર કરીએ. જે માણશ ધેઆન રાખીને કુરાન અથવા મહમદની તવારીખ વાંચી જોશે તે માણશને એ વાતમાં કંઈ શક રહેશે નહીં કે તેની મતલબ આખી દુનીઆ પર પાદશાહત કરવાની હતી. હરએક મત, હરએક નીઅમ તથા હરએક ઈઓજના તે શઘલામાં એજ મતલબ શાફ નજર આવેછે. માણશોના જુદા જુદા ધરમો ઉપરથી તેઓની હાલત પર શું મોટી અશરો થાએછે તે જોઆ ઉપરથી તેની શમજમાં એવું આએવું કે જો હું ધરમનું બાહાનું કરીને એક લશકર ઉભું કરૂં અને ધરમની વાતોથી લશકરી માણશોને લડવા વીશેનો જુશો વધારૂં અને પરલોકમાં શુખ મલશે, તથા આ લોકમાં પણ ફતેહ થઆથી શુખ થશે, એવી ખચીત આશા દેખાડું તો આ દુનીઆ જીંતવા બાબતની મારી ઉમેદ ખચીત બર આવશે. એવી મતલબ તેને પોતાની બુધીના જોરથી શુઝી તે મતલબને મહમદને મોટાઈનો લોભ હતો, તેથી તે પકડી રહો. અને તે મતલબ હાંશલ કરવાને પોતે તથા પોતાના શાગીરદો ઘણીજ મોટી હોંશથી કામ કરવા લાગા.

૪. લોકોનું ચીત ખેંચવાને તથા પોતાને ફતેહ મલે એવું કામ કરવાને મહમદે શા, શા, ઉપાએઓ કીધા તેનો આપણે વીચાર કરીએ. તેણે પોતાના દેશના અશલના ધરમની વાતોમાંથી કેટલીએક લીધી; પોતાના ગામના લોકોની ભકતીનાં વખાણ કીધાં; તેણે તેઓના દેવલની તથા કાલા પથરની ઉપાશના તેઓની પઠે રા-

ખી; અને તેણે અરબસ્થાનના શઘલા લોકોને તથા બીજી પ્રજા-
ના લોકોને મકાની જાતરા કરવા શારૂ લાવવાનું કરૂં. ઇહુદી લો-
કોની જોડે તેણે મુશા ઇશિવરનો પેગંમબર હતો એવું કબુલ કીધું,
ખ્રિસ્ટી લોકો જોડે મુશા તથા ઇશુ ઇશિવરના પેગંમબર હતા
એવું કબુલ કીધું; અને મુશાએ જે પેગંમબર વીશે તથા ઇશુએ
જે દીલાશા દેનાર વીશે આગાઉથી કહેલુંછે તે હું છઉં એવું તે કે-
હેતો ગએો. જે કુરાન વીશે તેના દેશના કવીએો એવૂં કેહે-
તા કે મુકાબલો કરી જોતાં કુરાનના જેવું બીજું હમારી પાશે કં-
ઇજ નથી, તે તેણે પોતાની પેગંમબરીની શાખીતીમાં આગલ
કરૂં. તેણે છાંના છાંના પેહેલ વેહેલા પોતાની બઇરીને પોતાનું
પેગંમબરપણું કબુલ કરવા શારૂ શમજાવી, પછી પોતાના ચાક-
રને શમજાએવો, પછી પોતાનો પીતરાઈ ભાઈ જે તે વેલાએ
શોલ વર્ષનો ગરમ મીજાજી છોકરો હતો તેને શમજાએવો. તાર
પછી તેણે અબુ-બકરને શમજાએવો, તેણે બીજા દશ આબરૂદાર
તથા વજનદાર માણશોના ઉપર અશર કરી. તેનું પાલન પો-
શણ તેના કાકાએ કીધું અને લગન કીધાથી તેને દોલત મલી
તેથી તે વજનદાર થએો. પોતાના પેગામની વાત તઇઆર ક-
રવામાં તેણે કેટલાએક વર્ષ શુધી છાંની છાંની મેહનત કીધી.
કાબાની હજ કરવાને જે લોકો આવે તે લોકોને તે ઉપદેશ કરતો.
જારે તેને મદત કરનારો અબુ-તાલેબ મરણ પાંમો તારે તે નાહા-
શી ગએો અને નાહાશી ગઓ પેહેલા ધરમની બાબતમાં કોઈના
ઉપર જુલમ કરવો નહીં; એવું તે શમજાવતો; તેની ચાલ ઘણી
નરમ હતી; દુખ પડે તો ધીરજથી ખમે એવો હતો; અને શમ-
જાવીને કામ લેતાં તેણે પોતાનાં કુટુંબમાંથી ત્રણ વર્ષમાં આગી-
આર માણશોને પોતાના ધરમમાં લીધા, અને શાત વર્ષમાં આ-

શરે શો માણશને ચેલા કરા. મદીના શેહેરમાં તે નાહાશી ગ-ઓ તારે પોતે હથીઆરબંધ ચેલાઓનો શરદાર થઈને લડાઈવા-લા લોકોની દુશમનાઈ દુર કરવાનો અભીપ્રાએ તેણે પ્રગટ કીધો. લડાઈ મધે ફતેહ થઆથી તેને બાહાદુરીનું નામ મલું, અને લુટ વેંહેંચી આએત્રાથી તેણે પોતાના ચેલાઓને ખુશી કીધા. તેણે લશકરો ઉભાં કીધાં. પોતાનો હુકમ ચલાવવાને જારે તેને લશ-કરી અધીકાર મલો તારે જે લોક દારૂ હમેશાં ધારા પ્રમાણે થોડો પીતા હતા, અને જે લોકોને દારૂ પીવાની કંઈ રોજની ટેવ નહીં હતી તેવા અરબ લોકોને તે પીવાની તેણે બંધ કરી. જે બીજી વાશના વીશે તેના ચેલાઓ છેક લંપટ હતા તે વીશે તેણે તેઓ-ને છુટ આપી. કાફર લોકોને બીજી દુનીઆમાં શું દુખ થશે તેનું તેણે અખંડ હોંશથી તથા ઘણીજ ભઅંકર રીતે બઆન કી-ધું. તેણે એવું વચન આએપું કે જે લોકો ઈમાનને શારૂ લડશે તે લોકોને પેહેરવાને રેશમી ઝભા મલશે, તેઓને રેહેવાનું શંગે-મરમરના મેહેલ તથા હોજની જગાઓમાં થશે અને તેઓને ખુબ શુરત ઓરતો મલશે. તેણે એવો ઉપદેશ કીધો કે જે ન-શીબમાં લખેલું છે તે કદી મીટતું નથી. એવી રીતે એકઠી ક-રેલી તથા શીખંવેલી ફોજનો શરદાર થઈને તે ફતેહમંદ થઓ, અને "કુરાન, ખંણી, અથવા તલવાર," એ ત્રણ વાતો તમારી આગલ ધરી છે તેમાંથી તમારી મરજીમાં આવે તે એક પશંદ ક-રી લો એવું તે દુશમનોને કેહેવા લાગેગો. તેની તલવારથી ફતેહ નહીં થઈ હોત તો તેનો ધરમ તેના દેશની બાહાર બીજે ઠેકાણે કદી ફેલાતે એવું કંઈ જણાતું નથી.

૫. મહમદના શાગીરદોની ફતેહનો વીચાર કરતાં તેનાં કારણો શેહેજ નજરમાં આવેછે. તે વેલાના મોટાં રાજો નબલાં થઈ

ગઓં હતાં, તેથી તેઓ કંઈ હરકત કરી શકા નહીં. બીજું મુ-શલમાની શીપાઇઓ શુરવાલા, ખુની સ્વભાવના, અને ધરમની વાતથી ગાંડા જેવા થએલા હતા. તેઓ જંગલમાંથી નીકલીને તે વેલાનાં નબલા રાજો પર તથા ભ્રષ્ટ થએલી મંડલીઓ ઉપર તુટી પડા. હન લોકોની તથા ગાથ લોકોની ચઢાઇઓનો તથા તે કરતાં આગલની ફતેહઓનો વીચાર કરીએ તો શારેશન લો-કોએ ઘણી જલદીથી ફતેહ મેલવી એમ માલુમ પડેછે, પણ તેમાં કંઈ ચમતકાર જેવું નથી. જે ધરમમાં એવું કહેલું છે કે હાલ ફતેહ મલશે અને પછી બેહેશત મલશે તેવા ધરમના માનનારા લશકરી બુધીવાલા તથા હીમતવાલા શીપાઇઓની ફતેહ થાએ એમાં કંઈ નવાઈ જેવું જણાતું નથી.

પુર્વ તરફ અંગરેજી રાજ તથા પશ્ચીમ તરફ યુરોપની ચોકી એવી રીતે ઇશલામ તે અરબસ્થાનનાં જંગલમાંથી પાંજરામાં ઘાલીને આણેલા શીંહના શરખો છે; અથવા જે ગરૂડપક્ષી પેત્રીઆના ડુંગરોમાંથી આણેલો હોએ અને તેનાં પર વીખરાઈ ગએલાં અને તેની ચાંચ ભાંગી ગએલી હોએ અને તે પાંજરામાં બેશીને અફશોશ કરતો હોએ તેવો છે. આગલના વખતમાં જેવી લડાઇઓ થઈ છે તથા ફતેહઓ મલી છે તેવી હવે થવાની નથી. હમણા જે અધીકાર જગતમાં ચાલેછે તે ઉપરથી એવું આગલ થશે એમ જણાતું નથી. તારે જેવો મહમદી તવા-રીખ ઉપરથી મુશલમાની ધરમનો આરંભ નજર આએવો છે તેવોજ હવે તે ઉપરથી તેનો છેડો પણ દીઠામાં આવેછે. વીદ્દે-આનો શોધ તેની વીરૂધમાં છે. કલા કૌશલની યોજના તેની વીરૂધમાં છે. રાજ કારભારમાં જે શુધારો થાએછે તે પણ તેની શાંમા છે. લોકોનું શઘલી રીતે શુધરવું તેની શાંમા છે. એ

બધા કરતાં ખ્રિસ્ટી ધરમની શાચ્ચાઈ તેની શાંમા છે. બાલકને ભણાવવાનું પુશતક, લોહચુંબક, દુરબીન, છાપખાનું, ખ્રિસ્ટી શાસ્ત્ર જે હાલ આણી તરફની શઘલી ભાષાઓમાં પ્રશીધ થઉં છે, એ શઘલું મુશલમાની ધરમની શાંમા છે. એ હથીઆરે તલવારના કરતાં ઉંડાઘા પાડેછે, તોપના ગોલા કરતાં વધારે પોંચેછે; અને "કાલ તથા વખત" ગણવાંમાં કદાચીત આપણે ભુલ કરતા હોઈએ તોપણ હીંઆં મહમદી ધરમની શાંમા એવી તો મજબુત વશતુઓ આવીને પડી છે કે તેની શાથે મહમદના ધરમનું તથા રાજનું કંઈ ચાલે નહીં.

મહમદનો તથા ઈશુ ખ્રિસ્ટનો વાજબી મુકાબલો કરી જોવો એ કામ તો મુશકેલ છે.

ઈશુ ખ્રિસ્ટ "દેવનો દીકરો" છે, એવા વીચારથી જો હમે ખંચાઈએ નહીં તોપણ દુરવ્યસની, ઘણી ઓરતો કરવાનો ધરમ શીખવનારો, લુટારો, ખુની લડવઈઓ, ધીકારવા લાએક ધરમાંધ, એવો જે મહમદ તેનો દેવના દીકરા ઈશુ ખ્રિસ્ટની શાથે મુકાબલો કેમ થાએ?

એ બે પુરૂશોના ગુણ લક્ષણમાં જે ફેર છે તે શાફ્જ છે. ઈશુ ઈહુદામાં રેહેતો અને તાંહાંજ મુઓ. મહમદે તો અનેક દેશોની મુશાફરી કરી અને અનેક તરેહના ધરમના માણશોની શાથે વહીવટ કીધો. મહમદ લુટારા અરબ લોકોનો શરદાર હતો; ઈશુ શઘલે શારૂં કરતો ગઓ. મહમદ ફોજનો અધીપતી થઈને મોટો લડવઈઓ થઓ; ઈશુ "શાંતીનો રાજા" હતો. મહમદ મોટો રંડીબાજ હતો; ઈશુ "પવીત્ર, નીશપાપી, નીશકલંક, અને પાપીઓથી વેગલો," એવો હતો. મહમદ, મોટાઈનો લોભી હતો; ઈશુ અંતકરણમાં ગરીબ તથા લીન હતો. મહમદે

પોતાની પેગંમબરીની શાબીતીમાં છાંની છાંની પ્રગટ થએલી વાત, એટલે કુરાન તે દેખાડું; ઈશુએ "જેવાં કામો બીજા કોઈ માણશે કીધેલાં નહીં એવાં કામો કીધાં," તેણે રોગીઓને નીરોગી કીધા, અને મુએલાઓને શજીવન કીધા. લોહી વેહવડાવવું, તથા ફતેહ મેલવવી એવો મહમદે પોતાના શાગીરદોને હુકમ કીધો; ઈશુએ પોતાના શીશોને પશતાવો, ગરીબાઈ, તથા હેત કરવાનું ફરમાએવું. મહમદ પોતાના દુશમનોથી નાહાશી જઈને બચો; ઈશુએ દાહાડે બપોરે ચમતકાર કરીને પોતાનો બચાવ કીધો. જે ધરમમાં ઉલટી ઉલટી વાતો છે એવો ધરમ મહમદે શીખવો; ઈશુની વાત હમેશાં એક શરખીજ હતી. મહમદ મારનાર હતો; ઈશુ તારનાર છે.

શમાપ્ત.